દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 254 ■ વિક્રમ સંવત ૨૦૮૨
■ કાર્તિક સુદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 October 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૨૮ ઑક્ટોબર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭ ૮
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભાજપને મહારાષ્ટ્રમાં કાખઘોડીની જરીકે જરૂર નથી: અમિત શાહ

## સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીઓમાં વિપક્ષનો એવો સફાયો કરો કે દૂરબીનથી પણ નજરે ન પડે


(અમય ખરાડે)

મુંબઈ : કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે સોમવારે કહ્યું હતું કે ભાજપને કાખઘોડીની જરૂર નથી અને તે મહારાષ્ટ્રમાં પોતાની તાકાત પર ટકેલી છે. તેમણે કાર્યકર્તાઓને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીમાં વિરોધ પક્ષોનો સફાયો સુનિશ્ચિત કરવાનો અનુરોધ કર્યો હતો.

શાહે દક્ષિણ મુંબઈના ચર્ચગેટ સ્ટેશનની નજીક મહારાષ્ટ્ર ભાજપની નવી ઑફિસનો શિલાન્યાસ કર્યા બાદ પક્ષના કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું હતું કે આપણે સાબિત કર્યું છે કે દેશમાં પરિવારવાદનું રાજકારણ ચાલતું નથી. કામગીરીનું રાજકારણ દેશને આગળ લઈ જશે. મોદીજી આના ઉત્તમ ઉદાહરણ છે. ચા વેચનારના ઘરમાં જન્મેલું બાળક સમર્પણ, બલિદાન અને સખત પરિશ્રમને લીધે ભારતના વડા પ્રધાન બની શકે.

શાહે કેન્દ્રની અને રાજ્યની ડબલ એન્જિન ભાજપ સરકારનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે પક્ષે આ વર્ષના અંતમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી પણ જીતવી જોઈએ. સખત મહેનત કરો જેથી વિપક્ષોનો સફાયો થઈ જાય અને તેઓ દૂરબીનથી' પણ નજરે ન પડે.

અમિત શાહે કહ્યું હતું કે હું માનું છું કે જે પક્ષની કાર્યશૈલીમાં લોકશાહીના મૂલ્યો ન
(જુઓ પાનું ૨) ▶▶



**આ ટિપ્પણી સામે સવાલ કરનારાઓ કાખઘોડીનો અર્થ નથી સમજ્યા. મિત્રો કાંઈ કાખઘોડી ન કહેવાય.**

- - મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ


**પવિત્ર સ્નાન:** પટણામાં સોમવારે છઠ પૂજાની ઉજવણી દરમિયાન ગંગા નદીમાં પવિત્ર સ્નાન કરવા એકઠાં થયેલા લોકો. (એજન્સી)

## સ્કૂલ-કૉલેજોમાં સુસાઈડ : માર્ગદર્શિકાના અમલ સંબંધે બે મહિનામાં જવાબ આપવા રાજ્યોને સુપ્રીમ કોર્ટનો આદેશ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને શૈક્ષણિક સંસ્થાઓને વિદ્યાર્થીઓની માનસિક સ્વાસ્થ્ય સંબંધી સમસ્યા અને આત્મહત્યા અંગે ઘડી કાઢેલી માર્ગદર્શિકાના અમલ અંગે આઠ અઠવાડિયાની અંદર જાણકારી આપવાનો આદેશ આપ્યો હતો.

જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બનેલી બેન્ચે કેન્દ્ર સરકારને માર્ગદર્શિકાના અમલ માટે લીધેલા પગલાં અંગે સોગંદનામું નોંધાવવા આઠ અઠવાડિયાનો સમય આપ્યો હતો. બેન્ચ સુપ્રીમ કોર્ટના પચીસ જુલાઈના ચુકાદામાં સૂચવેલી માર્ગદર્શિકાના અમલ અંગેની બાબત સાંભળી રહી હતી.

અદાલતે એ ચુકાદામાં બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ખાનગી કોચિંગ સેન્ટરના રજિસ્ટ્રેશન, વિદ્યાર્થી રક્ષણ માટેના નિયમો અને ફરિયાદ નિવારણ યંત્રણા ફરજિયાત બનાવતા નિયમોનું જાહેરનામું બે મહિનામાં બહાર પાડવા કહ્યું હતું.

સોમવારે સુનાવણી દરમિયાન બેન્ચને જાણ કરવામાં આવી હતી કે જુલાઈના ચુકાદામાં કેન્દ્ર સરકારને ૯૦ દિવસની અંદર માર્ગદર્શિકાના અમલનું સોગંદનામું ૯૦ દિવસની અંદર નોંધાવાનું કહેવામાં આવ્યું હતું. બેન્ચે બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશને પ્રતિવાદી બનાવીને તેમને આઠ અઠવાડિયામાં જવાબ આપવાનો આદેશ આપ્યો હતો. આ બાબતની આગામી સુનાવણી જાન્યુઆરી ૨૦૨૬માં થશે. શૈક્ષણિક સંસ્થામાં વધી રહેલા આત્મહત્યાના બનાવોની નોંધ લઈને સર્વોચ્ચ અદાલતે વિદ્યાર્થીઓને મૂંઝવતી માનસિક આરોગ્યની સમસ્યાને ઉકેલવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સર્વોચ્ચ અદાલતે આનો સામનો કરવા આખા ભારતની માર્ગદર્શિકા ઘડી કાઢી હતી. (એજન્સી) ■

## ચાર ગુજરાતીનું ઈરાનમાં અપહરણ

### ઓસ્ટ્રેલિયા જવા નીકળેલા ગાંધીનગરના માણસાના આ ચારેય માટે બે કરોડની ખંડણી મગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના ચાર લોકોનું ઈરાનની રાજધાની તહેરાનમાં અપહરણ કરાયું હોવાનો મામલો બહાર આવ્યો છે. ગાંધીનગરના માણસા તાલુકાના બાપુપુરા ગામનાં ત્રણ જણા અને બદપુરા ગામનો એક વ્યક્તિ એમ કુલ ચાર લોકોનું અપહરણ થયું છે. આ ચાર લોકો ઓસ્ટ્રેલિયા જવા માટે નીકળ્યા બાદ ઈરાનમાં અપહરણ થયું હોવાની જાણ થતા પરિવારજનો પર જાણે આભ તૂટી પડ્યું છે. અપહરણકારો દ્વારા બાપુપુરા ગામમાં રહેતા પરિવારજનોને અપહૃત લોકોને
(જુઓ પાનું ૨) ▶▶

## ગુજરાત સહિત ૧૨ રાજ્યમાં મતદારયાદીનું સ્પેશ્યલ રિવિઝન ચાર નવેમ્બરથી શરૂ કરાશે

નવી દિલ્હી: દેશનાં ૧૨ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં (સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન ઑફ ઈલેક્ટરોલ રોલ્સ) મતદાર યાદીમાં સઘન સુધારાની કામગીરી બીજા તબક્કામાં ચોથી નવેમ્બરથી હાથ ધરવાની મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે સોમવારે જાહેરાત કરી હતી.

આ ૧૨ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં આંદામાન અને નિકોબાર ટાપુ, લક્ષદ્વીપ, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કેરળ, મધ્ય પ્રદેશ, પુડુચેરી, રાજસ્થાન, તમિળનાડુ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. આમાંથી તમિળનાડુ, પુડુચેરી, કેરળ અને પશ્ચિમ બંગાળમાં ૨૦૨૬માં ચૂંટણી યોજાવાની છે. કુમારે એ પણ સ્પષ્ટતા કરી હતી કે વર્ષ ૨૦૨૬માં ચૂંટણી યોજાવાની છે એ આસામમાં એસઆઈઆરની અલગથી જાહેરાત કરવામાં આવશે. મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું હતું કે હાલ ચાલી રહેલું એસઆઈઆર દેશ સ્વતંત્ર થયો ત્યાર બાદથી અત્યાર સુધીની આ પ્રકારની નવમી કવાયત છે. છેલ્લે ૨૦૦૨-૨૦૦૪
(જુઓ પાનું ૨) ▶▶

## યુપીમાં સગર્ભાને બળદગાડામાં હૉસ્પિટલ લઈ જવાતા વિવાદ

હમીરપુર/લખનઊ: હમીરપુર જિલ્લામાં જ્યારે એક એમ્બ્યુલન્સ ગામ સુધી પહોંચવામાં નિષ્ફળ જતાં, એક ગર્ભવતી મહિલાને કાદવવાળા, પાણી ભરાયેલા, કાચા રસ્તા પરથી બળદગાડીમાં હોસ્પિટલ લઈ જવામાં આવી રહી હોવાનો એક વીડિયો સામે આવ્યા બાદ સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે સોમવારે ઉત્તર પ્રદેશમાં ભાજપ સરકારની ટીકા કરી હતી.

તેમણે ઉત્તર પ્રદેશના આરોગ્ય પ્રધાનને ઔપચારિક દેખાવ ઉપરાંત લોકોની મુશ્કેલીઓ પ્રત્યે ચિંતા દર્શાવવા કહ્યું હતું.

એક્સ પર વિડિઓ શેર કરતા, યાદવે રાજ્ય સરકાર પર 'એમ્બ્યુલન્સને બળદગાડામાં ફેરવવાનો' આરોપ લગાવ્યો હતો અને વિકાસના તેના દાવાઓ પર સવાલ ઉઠાવ્યા હતાં.

''ભાજપના કુશાસન હેઠળ, ઉત્તર પ્રદેશમાં એમ્બ્યુલન્સ 'બળદગાડા'માં ફેરવાઈ ગઈ છે. શું ટ્રિલ્યન ડૉલરની અર્થવ્યવસ્થા બળદગાડા પર ચાલશે? મુખ્ય પ્રધાને તેમની આગામી ક્ષેત્ર મુલાકાત દરમિયાન રસ્તાઓ અને એમ્બ્યુલન્સની સ્થિતિ જોવી જોઈએ, અથવા જરૂર પડ્યે દિલ્હીના દૂરબીન અથવા ડ્રોનનો ઉપયોગ કરવો જોઈએ,'' તેવું તેમણે હિન્દીમાં લખ્યું હતું.

આ ઘટના શનિવારે પારસદ્વા ડેરા ગૌ ઘાટ છાણી ગામમાં બની હતી, જ્યાં ગર્ભવતી મહિલાને તેના ૬૦ વર્ષીય સસરા કૃષ્ણ કુમાર કેવટ બળદગાડામાં લગભગ સાત કિલોમીટર દૂર સિસોલોર કોમ્યુનિટી હેલ્થ સેન્ટર લઈ ગયા હતા, કારણ કે કાદવવાળા રસ્તાને કારણે એમ્બ્યુલન્સ ફસાઈ ગઈ હતી.

કચરા અને અસમાન રસ્તા પરથી પસાર થવામાં લગભગ ત્રણ કલાક લાગ્યા હતા.

ડોક્ટરોએ પરિવારને જાણ કરી કે ડિલિવરીને હજુ બે દિવસ બાકી છે અને પ્રાથમિક સારવાર પછી તેને રજા આપવામાં આવી હતી.

સ્થાનિકોએ જણાવ્યું હતું કે દર ચોમાસામાં આ વિસ્તારના લગભગ ૫૦૦ રહેવાસીને આવી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે કારણ કે રસ્તો કાદવવાળા કળણમાં ફેરવાઈ જાય છે, જે તેમને નજીકના શહેરોથી વિખૂટા કરે છે. ■

## વરસાદનો આતંક: સૌરાષ્ટ્ર-કચ્છ, દક્ષિણ ગુજરાતમાં ચાર દિવસ અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં કારતકમાં અષાઢી માહોલ જામ્યો હતો. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી ચાર દિવસ સુધી માવઠાની આગાહી કરવામાં આવી હતી, જેના પગલે ખેડૂતોની ચિંતા વધી હતી.હવામાન વિભાગ મુજબ, આગામી ૨૪ કલાકમાં આ ડિપ્રેશન વધુ તીવ્ર બનવાની શક્યતા છે. જેના કારણે આગામી ચાર દિવસ સૌરાષ્ટ્ર-કચ્છ સહિત દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. બંગાળની ખાડીમાં પણ એક સિસ્ટમ સક્રિય થતા રાજ્યના સમગ્ર દરિયાકાંઠાના વિસ્તારો એલર્ટ પર છે. ગાજવીજ સાથે વરસાદ અને પવનના જોરને પગલે પોર્ટ પર એલસી-૩ નંબરનું ભયસૂચક સિગ્નલ લગાવવા આવ્યું હતું. માછીમારોને આગામી આદેશ ન મળે ત્યાં સુધી દરિયો ન ખેડવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી. રાજ્યમાં કમોસમી વરસાદના પગલે સરકાર સતર્ક બની હતી. રાજ્ય સરકારે
(જુઓ પાનું ૨) ▶▶

## ... તો શ્રેયસ ઐયરનો જીવ ગયો હોત

### ત્રીજી વન-ડેમાં કૅચ પકડતી વખતે પાંસળીમાં ઈજા પછી ઈન્ટરનલ બ્લીડિંગ થતા સિડનીમાં આઈસીયુમાં દાખલ કરવાનું મોડું થાત તો ખતરો હતો: હવે હેમખેમ



સિડની : ભારતના ત્રીસ વર્ષના ક્રિકેટર શ્રેયસ ઐયરને પાંસળીમાં ગંભીર ઈજા થયા બાદ સિડનીની હૉસ્પિટલના આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યો હતો અને હવે તેની તબીયત સ્થિર છે. સોમવારે શ્રેયસ કવરમાં સિડની ક્રિકેટ ગ્રાઉન્ડમાં રમાયેલી ત્રીજી અને અંતિમ વન-ડેમાં એલેક્સ કેરીનો એક્રોબેટિક કેચ પકડતા પડી ગયો હતો. તેને ડાબી પાંસળીમાં ઈજા થઈ હતી અને આંતરિક રક્તસ્રાવ પણ થયો હતો. ડ્રેસિંગ રૂમમાં આવ્યા બાદ તેને ભયંકર દુ:ખાવો થતાં હૉસ્પિટલના આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યો હતો. જો હૉસ્પિટલમાં દાખલ કરવામાં મોડું થયું હોત તો તેનો જાન પણ જઈ શક્યો હોત. સ્કેન પરથી તેની ઈજાની ગંભીરતાનો ખ્યાલ આવ્યો હતો. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ભારતની ટીમના ડૉક્ટર રિઝવાન ખાનને તેની સારસંભાળ લેવાનું કહ્યું છે. હવે શ્રેયસને આઈસીયુમાંથી બહાર લાવવામાં આવ્યો છે અને તે સાજો થઈ રહ્યો છે. બોર્ડની મેડિકલ ટીમ ભારત અને સિડનીના એક્સપર્ટ સાથે સતત વિચારવિમર્શ કરી રહી છે. બોર્ડે એક નિવેદનમાં કહ્યું હતું કે શ્રેયસને ડાબી પાંસળીમાં ઈજા થઈ છે. તેને વધુ તપાસ
(જુઓ પાનું ૨) ▶▶

## યુદ્ધ જેવી પરિસ્થિતિ માટે તૈયાર રહેવું જોઇએ: રાજનાથ સિંહ

નવી દિલ્હી: ભારતે યુદ્ધ જેવી પરિસ્થિતિ માટે તૈયાર રહેવું જોઇએ કારણ કે મે મહિનામાં પાકિસ્તાન સાથે ચાર દિવસ સુધી ચાલેલા લશ્કરી સંઘર્ષ બાદ સરહદો પર ગમે ત્યારે કંઇપણ થઇ શકે છે એ જાણી શકાયું છે, એમ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સોમવારે જણાવ્યું હતું. રાજનાથ સિંહે એક કાર્યક્રમને સંબોધતા જણાવ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો હતો. પરંતુ તેનો રાષ્ટ્રીય સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે ભવિષ્યની કાર્યવાહીની રૂપરેખા તૈયાર કરવા અને શીખવા માટે એક કેસ સ્ટડી તરીકે ઉપયોગ કરવો જોઇએ.

સંરક્ષણ પ્રધાને જણાવ્યું કે ૭ થી ૧૦ મે દરમિયાન ઓપરેશન દરમિયાન સ્વદેશી લશ્કરી સાધનોના અસરકારક ઉપયોગથી પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની પ્રતિષ્ઠામાં વધારો થયો હતો. સિંહે એમ પણ કહ્યું કે ઓપરેશન સિંદૂરના કારણે એવી પરિસ્થિતિ ઊભી થઇ હતી કે યુદ્ધ આપણા દરવાજા ખટખટાવી રહ્યું હતું. તેમણે કહ્યું કે જોકે આપણે દ્રઢ નિશ્ચય સાથે જવાબ આપ્યો અને આપણા દળો દેશની સરહદોનું રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમ છતાં આપણે આત્મનિરીક્ષણ કરતાં રહેવું જોઇએ. તેમણે વધુમાં જણાવ્યું કે ઓપરેશન સિંદૂરનો એક કેસ સ્ટડી તરીકે ઉપયોગ કરવો જોઇએ. જેમાંથી આપણે શીખી શકીએ અને આપણા ભવિષ્યને ઘડી શકીએ. આ ઘટનાએ ફરી એકવાર આપણને બતાવ્યું છે કે આપણી સરહદો પર ગમે ત્યાં અને ગમે ત્યારે કંઇપણ થઇ શકે છે. આપણે યુદ્ધ જેવી પરિસ્થિતિ માટે તૈયાર રહેવું પડશે અને આપણી તૈયારી આપણા પોતાના પાયા પર આધારિત હોવી જોઇએ. ■

## મધ્ય પ્રદેશમાં ભાજપી નેતાનું 'કાર' નામું

### થારથી ખેડૂતને કચડ્યો પછી તેની દીકરીઓ પર હુમલો કર્યો

ભોપાલ: મધ્ય પ્રદેશમાં ખેડૂતની હત્યા અને તેની દીકરીઓ પર હુમલો કરવાના આરોપસર ભાજપ નેતા અને તેના સાથીઓ પર કેસ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. અહેવાલ મુજબ ખેડૂત તેના ખેતર તરફ જઈ રહ્યો હતો, ત્યારે તેના ભજપ નેતાએ તેના સાથીઓ સાથે હુમલો કર્યો હતો, ત્યાર બાદ કાર વડે તેને કચડી નાખ્યો. પોલીસે એફઆઇઆર નોંધી તપાસ હાથ ધરી છે. અહેવાલ મુજબ ભાજપ નેતા મહેન્દ્ર નાગર છેલ્લા ઘણાં સમયથી વિસ્તારના નાના ખેડૂતોને તેમની જમીન વેચવાની ધમકી આપી રહ્યો હતો, રામ સ્વરૂપ ધાકડે જમીન વેચવા ઇનકાર કરતા ભાજપ નેતાએ સાથીઓ સાથે મળીને હુમલો કર્યો હતો.

આ ઘટનાં ફતેહગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના ગણેશપુરા ગામમાં બની હતી. ખેડૂત રામ સ્વરૂપ ધાકડ જ્યારે તેની પત્ની સાથે ખેતર તરફ જઈ રહ્યો હતો, ત્યારે ભાજપ નેતા મહેન્દ્ર નાગર અને તેમના સાથીઓ તેમના પર લાકડીઓ અને સળિયાથી હુમલો કર્યો. ખેડૂતને ઢોર માર માર્યા બાદ ભજપ નેતાએ તેના પરથી થાર કાર ચલાવી દીધી. બૂમો સાંભળી ખેડૂત રામ સ્વરૂપ ધાકડની દીકરીઓ મદદ માટે આવી ગઈ હતી, ત્યારે ભાજપ નેતાએ દીકરીઓ પર પણ હુમલો કર્યો હતો. ખેડૂતની દીકરીઓએ કહ્યું, ''હું મારા પિતાની મદદે ગઈ, ત્યારે તેમણે મારા પર હુમલો કર્યો અને મારા કપડાં પણ ફાડી નાખ્યા. મારા પર ગોળીબાર પણ કરવામાં આવ્યો. મારી માતાએ તેમને રોકવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેમણે કાર મારા પિતા પર ચડાવી દીધી.''

મૃતક ખેડૂતના ભાઈના જણવ્યા મુજબ આરોપીઓએ લગભગ એક કલાક સુધી તેમને માર માર્યો, બંને છોકરીઓના કપડાં ફાડી નાખ્યા, લગભગ ૨૦ લોકો હવામાં ગોળીબાર કરી રહ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ ગામ લોકો મદદે આવ્યા પણ આરોપીઓએ ઘાયલ થઇ ગયેલા ખેડૂતને હોસ્પિટલ પણ ન લઇ જવા દીધો, આરોપીએ બંદૂક સાથે તેને ઘેરી લીધો હતો. આખરે જ્યારે ખેડૂતે લોહીલુહાણ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, ત્યારે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું. ભાજપ નેતા મહેન્દ્ર નાગર, તેના પરિવારની ત્રણ મહિલાઓ અને ૧૪ અન્ય લોકો સામે હત્યાના ગુના સાથે એફઆઈઆર નોંધાવ્યો છે. ■

## ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે મુક્ત વેપાર કરાર પર ચર્ચા અંતિમ તબક્કામાં

નવી દિલ્હી : અમેરિકા અને ભારત વચ્ચે ચાલી રહેલા ટૅરિફ વોર વચ્ચે ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે મુક્ત વેપાર કરાર પર ચર્ચા શરૂ કરવામાં આવી છે. જેની માટે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ ૨૭ થી ૨૮ ઓક્ટોબર સુધી બ્રસેલ્સમાં બેઠકમાં હાજરી આપશે. ભારતીય વાણિજ્ય મંત્રાલયે આ અંગે રવિવારે જાહેરાત કરી હતી. આ અંગે મંત્રાલયના જણાવ્યા અનુસાર ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલ યુરોપિયન કમિશનના એક્ઝિક્યુટિવ વાઇસ પ્રેસિડેન્ટ અને ટ્રેડ કમિશનર મારોસ સેફકોવિક સાથે મુલાકાત કરશે. આ બેઠક વાટાઘાટોના અંતિમ તબક્કા માટે દિશા અને વ્યૂહરચના નક્કી કરવામાં મહત્વપૂર્ણ રહેશે. યુરોપિયન યુનિયન ઇચ્છે છે કે ભારત ઓટોમોબાઇલ્સ, તબીબી ઉપકરણો, દારૂ, વાઇન, માંસાહાર પરના ટેરિફમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવે. જો આ કરાર થાય છે તો ભારતના નિકાસ ઉત્પાદનો, જેમ કે ફિનિશ્ડ ગાર્મેન્ટ્સ, ફાર્માસ્યુટિકલ્સ, સ્ટીલ, પેટ્રોલિયમ ઉત્પાદનો અને ઇલેક્ટ્રિકલ મશીનરી, આંતરરાષ્ટ્રીય બજારમાં વધુ સ્પર્ધાત્મક બનશે. ■

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# વોટર વેરીફિકેશન મુદ્દે બિહારની જેમ ડખા નહીં થાય

બિહારમાં વિધાનસભાની ચૂંટણી પહેલાં ભારે કમઠાણ ઊભું કરનારા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન એસઆઇઆરનો બીજો તબક્કો મંગળવાર ને ૨૮ ઓક્ટોબર, ૨૦૨૫થી શરૂ કરવાનું કેન્દ્રીય ચૂંટણી પંચે એલાન કર્યું છે. પંચની જાહેરાત પ્રમાણે, બિહારમાં સફળતાપૂરવ્ક પહેલા તબક્કાનું વોટર વેરિફિકેશન હાથ ધર્યા પછી હવે ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન એસઆઇઆર હાથ ધરાશે. આ રાજ્યોમાં એક ગુજરાત પણ છે. ગુજરાતની સાથે સાથે ગોઆ, કેરળ, છત્તીસગઢ, આંદામાન અને નિકોબાર, લક્ષદ્વીપ, મધ્ય પ્રદેશ, પુડુચેરી, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં પણ નોટપ વેરીફિકેશન કરીને મતદાર યાદીમાં સુધારણા કરવાનું અભિયાન હાથ ધરાશે.

કેન્દ્રીય ચૂંટણી પંચે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન એસઆઇઆરનો આખો કાર્યક્રમ જાહેર કર્યો છે. આ કાર્યક્રમ પ્રમાણે લગભગ ૧૦૦ દિવસ લગી આ ક્વાયત ચાલશે અને ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ અંતિમ મતદાર યાદી જાહેર થશે. ૯ ડિસેમ્બર, ૨૦૨૫થી શરૂ કરીને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી નોટિસો ને વાંધાઓના નિકાલ માટે ફાળવાયા છે એ જોતાં સો દિવસમાંથી ૫૦ દિવસથી વધારે તો વાંધાઓને લગતી નોટિસો અને નિકાલમાં જવાના છે એટલે બીજા બધો કાર્યક્રમ તો ૫૦ દિવસથી ઓછા સમયમાં પતી જશે.

બીજા તબક્કામાં જે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પસંદ કરાયાં છે તેમાંથી પશ્ચિમ બંગાળ, કેરળ અને ઉત્તર પ્રદેશ એ ત્રણ રાજ્યો ભાજપ વિરોધી પક્ષોના વર્ચસ્વવાળાં છે અને આ ત્રણેય રાજ્યોમાં મુસ્લિમોની વસતી પણ વધારે છે. બિહારનો અનુભવ છે કે, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન એસઆઇઆરમાં સૌથી વધારે લોચા-લાપસી મુસ્લિમ મતદારોના કેસોમાં થયેલા છે. વિપક્ષોએ પણ બિહારમાં એ જ મુદ્દો ચગાવેલો કે, ચૂંટણી પંચ વોટર વેરિફિકેશનના બહાને ભાજપ વિરોધી મતદારો અને મોટા ભાગે મુસ્લિમ મતદારોને મતદાનથી દૂર રાખવા માગે છે.

કેરળમાં ડાબેરીઓ, ઉત્તર પ્રદેશમાં અખિલેશ યાદવ અને પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજી મુસ્લિમ મતબેંકનાં ચેમ્પિયન છે તેથી એ પણ આવા વાંધા ઊભાં કરશે જ એ જોતાં આ ત્રણ રાજ્યોમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન એસઆઇઆરનું કામ નિર્વિઘ્ને પાર પડે એ વાતમાં માલ નથી. મહારાષ્ટ્રમાં આ જ ખેલ કરીને ચૂંટણી પંચે ભાજપને સત્તા અપાવી હતી અને બિહારમાં પણ એ જ ષડયંત્ર રચાયું હોવાના આક્ષેપો થયેલા એવા આક્ષેપો આ ત્રણ રાજ્યોમાં પણ થશે જ.

બીજી તરફ ભાજપનું સંપૂર્ણ પ્રભુત્વ છે ને મુસ્લિમ મતદારો નિર્ણાયક નથી એવા મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત સહિતનાં રાજ્યોમાં બહુ ડખા નહીં હોય એ જોતાં ડિસેમ્બરના અંત પહેલાં તો મતદાર યાદીને અંતિમ સ્વરૂપ આપી દેવાશે. બે કેન્દ્રશાસિત પ્રદેશો અને બે ટચૂકડાં રાજ્યો ગોઆ અને પુડુચેરીમાં પણ કોઈ ડખા નહીં થાય.

રાજકારણીઓને ચગાવવા માટે મુદ્દા જોઈતા હોય છે તેથી પાણીમાં પોરા કાઢીને મુદ્દા ઉભા કરતા હોય છે. ચૂંટણી પંચ પણ સંપૂર્ણપણે નિષ્પક્ષ નથી તેના કારણે બિહારમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન એસઆઇઆરનો મુદ્દો ચગી ગયેલો. બાકી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન એસઆઇઆર એક નિયમિત પ્રક્રિયા છે અને દેશ આઝાદ થયો ત્યારથી નિયમિત રીતે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન એસઆઇઆર થાય જ છે. ચૂંટણી પંચે અત્યાર લગીમાં ૮ વાર મતદાર યાદી સુધારણાનું કામ કર્યું છે. છેલ્લે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન એસઆઇઆર ૨૦૦૨થી ૨૦૦૪ દરમિયાન હાથ ધરાયું હતું તેથી આ પ્રક્રિયામાં નવું કશું નથી પણ બિહારમાં ચૂંટણી પંચે બહુ મોટો ભાંગરો વાટેલો તેમાં ડખાપંચક થઈ ગયેલું.

પહેલાં આ ક્વાયત હાથ ધરાતી ત્યારે વોટર વેરીફિકેશન એવું નામ અપાતું પણ બિહારમાં ચૂંટણી પંચે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન એસઆઇઆર નામકરણ કરીને એવી છાપ ઉભી કરી કે, જાણે બિહારને અનુલક્ષીને ખાસ આ ક્વાયત હાથ ધરાઈ છે. તેના કારણે વિપક્ષોને મુસ્લિમ મતદારોને ટાર્ગેટ કરાઈ રહ્યા હોવાનો પ્રચાર કરવાની તક મળી ગઈ. ચૂંટણી પંચે પછી એવી દલીલ કરી કે, ગેરકાયદેસર રીતે ઘૂસેલાં વિદેશીઓ સહિતના લોકો મતદાર યાદીમાં ઘૂસી ગયા છે કે નહીં તેની ચકાસણી કરવા માટે વેરિફિકેશન કરાઈ રહ્યું છે. આ ચોખવટ કરવામાં ચૂંટણી પંચ વધારે ખરડાયું કેમ કે એ સવાલ ઊભો થયો કે, ચૂંટણી પંચ પોતે જ મતદાર યાદી તૈયાર કરે છે ત્યારે મતદાર તરીકે નામ નોંધતી વખતે આ ચકાસણી કેમ ન કરાઈ?

ચૂંટણી પંચે ૨૦૦૩માં કરાયેલા વોટર વેરિફિકેશનને આધાર બનાવ્યું હતું ને તેમાં પણ સમસ્યા થઈ કેમ કે ૨૦૦૩માં વોટર વેરિફિકેશન કરાયું તેના બે વર્ષ પછી વિધાનસભા ચૂંટણી થયેલી તેથી પૂરતો સમય હતો. બિહારમાં ચૂંટણીને ચાર મહિના બાકી હતા ત્યારે અચાનક પંચને સનક કેમ ઉપડી એ સવાલ પણ થયો હતો. ચૂંટણી પંચે વોટર વેરીફિકેશન માટે માન્ય દસ્તાવેજોની યાદી બહાર પાડી તેમાં પણ કમઠાણ થઈ ગયેલું કેમ કે તેમાં આધાર કાર્ડનો સમાવેશ નહોતો કરાયો.

આ વખતે એવા ડખા નહીં ઊભા થાય કેમ કે આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો પછી સુપ્રીમ કોર્ટે આધાર કાર્ડને પુરાવા તરીકે માન્યતા આપી છે. સ્વાભાવિક રીતે જ બીજા તબક્કાના વોટર વેરીફિકેશનમાં આધાર કાર્ડ માન્ય ગણાશે તેથી અમુક પ્રકારની સમસ્યાઓ ઊભી નહીં થાય પણ રાજકીય આક્ષેપબાજી ચોક્કસ થશે. ભારતમાં કોઈ પણ મુદ્દાને રાજકીય રંગ આપી દેવાય છે તેથી આ મુદ્દે પણ રાજકીય દાવપેચ તો થવાના જ પણ તેનો કોઈ ઉપાય નથી.

ચૂંટણી પંચ એક નિયમિત પ્રક્રિયા કરી રહ્યું છે પણ એક સવાલનો જવાબ મળતો નથી.

ચૂંટણી પંચ આ આખી ક્વાયત વિદેશી ઘૂસણખોરોને શોધી કાઢવા માટે કરાઈ રહી હોવાની વાત પર વધારે ભાર મૂકે છે. વિદેશીઓ ભારતના મતદાર બની જાય ને દેશની ચૂંટણી પ્રક્રિયાને અસર કરે એ ગંભીર વાત કહેવાય પણ આ ક્વાયત દ્વારા વિદેશીઓનાં નામો મતદાર યાદીમાંથી દૂર કરાશે તેની ખાતરી નથી. તેનું કારણ એ કે, ૨૦૦૩ પહેલાં મતદાર યાદીમાં ઘૂસી ગયેલા મતદારોને કાઢવાની તો કોઈ તરકીબ જ પંચ પાસે નથી.

આધાર કાર્ડ બોગસ બને છે એવું કેન્દ્રીય ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકાર બંને સ્વીકારી ચૂક્યાં છે તેથી બોગસ આધાર કાર્ડને આધારે મતદર બનેલાની ચકાસણી થઈ શકશે પણ એ પહેલાં મતદાર યાદીમાં ઘૂસેલાં લોકો ખરેખર મતદાર છે કે નહીં તેની ચકાસણી કઈ રીતે થશે?

ભારત ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ આઝાદ થયો ત્યારથી પાડોશી દેશોના નાગરિકો ઘૂસણખોરી કરતા રહ્યા છે. પાકિસ્તાન, શ્રીલંકા, નેપાળ, મ્યાનમાર વગેરે દેશોમાં સતત અશાંતિ અને અરાજકતા રહી. તેના અસરગ્રસ્તો ભારતમાં આવીને જામી ગયા. બાંગ્લાદેશનું સર્જન થયું ત્યારે તો કરોડોની સંખ્યામાં ઘૂસણખોરો આવી ગયા ને તેમાંથી કેટલા લોકો ભારતના નાગરિક બની ગયા એ કોઈને ખબર નથી. આ બધું ૨૦૦૩ પહેલાં બન્યું તો તેમને કઈ રીતે દૂર કરાશે? ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન - સૌર હેમંતઋતુ, મંગળવાર, તા. ૨૮-૧૦-૨૦૨૫, સૂર્ય ષષ્ઠી, કલ્પાદિ,

- ભારતીય દિનાંક ૬, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક સુદ-૬.
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ સુદ-૬.
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫.
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૪થો તીર, સને ૧૩૯૫.
- પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૯મો આદર, સને ૧૩૯૪.
- મુસ્લિમ રોજ ૫મો, માહે ૫મો જમાદિલ અવ્વલ સને ૧૪૪૭.
- મીસરી રોજ ૭મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭.
- નક્ષત્ર પૂર્વાષાઢા બપોરે ક. ૧૫-૪૪ સુધી, પછી ઉત્તરાષાઢા.
- ચંદ્ર ધનુમાં રાત્રે ક. ૨૨-૧૪ સુધી, પછી મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૩, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૩, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતીઃ બપોરે ક. ૧૪-૫૯, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૩૧ (તા. ૨૯)
- ઓટઃ સવારે ક. ૦૯-૩૨, રાત્રે ક. ૨૧-૦૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, કાર્તિક શુક્લ - ષષ્ઠી. સૂર્ય ષષ્ઠી - (છઠ્ઠ બિહાર), કલ્પાદિ, સૂર્ય મહાનક્ષત્ર સ્વાતિમાં, વાહન દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મંગળ-શુક્ર-સૂર્ય ગ્રહદેવતાનું પૂજન, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, માલ વેંચવો, મિલકત લેવડદેવડ, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચ, ખેતીવાડી, વિશ્વદેવતાનું પૂજન, મુંડન કરાવવું નહીં, બી વાવવું, ધાન્ય ભરવું.
- આચમનઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ આળસ પ્રકૃતિ, મંગળ-ગુરુ ત્રિકોણ અમર્યાદિત ખર્ચા, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ બેપરવાહ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, મંગળ-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-તુલા, મંગળ-વૃશ્ચિક, માર્ગી બુધ-વૃશ્ચિક, ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## દેશભરના ડિજિટલ અરેસ્ટના કેસની તપાસ સીબીઆઈને સોંપવાનો સુપ્રીમ કોર્ટનો વિચાર

નવી દિલ્હીઃ ભારતમાં ડિજિટલ અરેસ્ટના અપરાધની સંખ્યાને ધ્યાન પર લેતાં દેશભરના આવા તમામ ગુનાઓની તપાસ સીબીઆઈને સોંપવાનું સુપ્રીમ કોર્ટ વિચારી રહી છે.

દેશનાં વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં નોંધાયેલા ડિજિટલ એરેસ્ટ સંબંધિત ગુનાઓની વિગતો પણ સુપ્રીમ કોર્ટે માગી હતી.

ન્યાયાધીશ સૂર્યકાન્ત અને જસ્ટિસ જોયમાલા બાગચીની બનેલી ખંડપીઠે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ મામલે નોટિસ પાઠવી હતી. (એજન્સી) ■

## ટ્રમ્પ-જિનપિંગ વચ્ચે ટ્રેડ ડીલ થવાના સંકેત

બીજિંગઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે ગુરુવારે યોજાનારી બેઠક અગાઉ વેપારી કરારના ભાગરૂપ અમેરિકા અને ચીન વચ્ચે અનેક વિવાદાસ્પદ મુદ્દાઓ પર સહમતી સધાઈ છે. અમેરિકાના નાણા પ્રધાન સ્કૉટ બૅસન્ટે કહ્યું હતું કે ચીનના સામાન પર ૧૦૦ ટકા ટૅરિફ લાદવાની ટ્રમ્પે આપેલી ધમકીનો કોઈ મુદ્દો જ રહ્યો નથી. ચીનના અધિકારીના જણાવ્યાનુસાર નિકાસ પર નિયંત્રણ, શિપિંગ ચાર્જિસ સહિતના વિવિધ મુદ્દે બંને દેશ વચ્ચે સહમતી સધાઈ છે. (એજન્સી) ■

## યુપીમાં નામ બદલવાનો સિલસિલોઃ મુસ્તફાબાદનું નામ કબીરધામ કરાશે

લખીમપુર ખેરીઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સોમવારે કહ્યું હતું કે અમારી સરકાર લખીમપુર ખેરી જિલ્લાના મુસ્તફાબાદ ગામનું નામ બદલીને કબીરધામ કરવાનો પ્રસ્તાવ લાવશે.

આ પરિવર્તન એ વિસ્તારની સંત કબીર સાથે જોડાયેલી ઐતિહાસિક અને સાંસ્કૃતિક ઓળખને પુનઃસ્થાપિત કરશે, એમ તેમણે કહ્યું હતું.

ભૂતપૂર્વ શાસકો દ્વારા વિવિધ સ્થળોના નામમાં કરવામાં આવેલા નામકરણમાં ફેરફાર કરી જે તે વિસ્તારની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ઓળખને પુનઃ સ્થાપિત કરવા અમારી અગાઉની સરકારે લીધેલા નિર્ણયના ધોરણે જ નવા નામકરણ કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

'સ્મૃતિ મહોત્સવ મેલા ૨૦૨૫'ને સંબોધન કરતા આદિત્યનાથે કહ્યું હતું કે અગાઉના શાસકો દ્વારા ઊભી કરવામાં આવેલી કબ્રસ્તાનની દીવાલોથી વિપરીત અમારી સરકાર વિવિધ સ્થળોના ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વને ધ્યાનમાં રાખીને તેનાં પુનરુત્થાન માટે ભંડોળ ફાળવશે.

વિપક્ષ પર પ્રહાર કરતાં આદિત્યનાથે કહ્યું હતું કે ધર્મનિરપેક્ષતાને નામે સ્થળની ઓળખ બદલી નાખવી એ પાખંડ છે.

ધર્મનિરપેક્ષતાના નામે સાંસ્કૃતિક વારસો ભૂંસી નાખવાનો યુગ પૂરો થયો છે, એમ તેમણે કહ્યું હતું.

અગાઉના શાસકોએ અયોધ્યાનું નામ બદલીને ફૈઝાબાદ, પ્રયાગરાજનું અલાહાબાદ અને કબીરધામનું મુસ્તફાબાદ કરી નાખ્યું હતું.

તેમણે દાવો કર્યો હતો કે હવે જાહેર ભંડોળનો ઉપયોગ સાંસ્કૃતિક અને ધાર્મિક સ્થળોના ઉત્કર્ષ માટે વાપરવામાં આવે છે. અગાઉ આ ભંડોળનો ઉપયોગ કબ્રસ્તાનની દીવાલો બનાવવા માટે થતો હતો, એમ તેમણે કહ્યું હતું.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન તરીકેના આદિત્યનાથના કાર્યકાળ દરમિયાન કેન્દ્ર સરકારની મંજૂરીથી વર્ષ ૨૦૧૮માં અલાહાબાદનું નામ બદલીને પ્રયાગરાજ, ફૈઝાબાદ જિલ્લાનું અયોધ્યા, મુગલસરાઈ ટાઉન અને રેલવે જંક્શનનું નામ બદલીને અનુક્રમે પંડિત દીન દયાળ ઉપાધ્યાય નગર અને પંડિત દીન દયાળ ઉપાધ્યાય જંક્શન કરવામાં આવ્યું હતું. (એજન્સી) ■

## વિશ્વની પ્રથમ એઆઇ મિનિસ્ટર ૮૩ બાળકોને જન્મ આપશે!

નવી દિલ્હીઃ અલ્બેનિયાના વડા પ્રધાન એડી રામાના નિવેદને બધાને ચોંકાવી દીધા છે. બર્લિનમાં આયોજિત ગ્લોબલ ડાયલોગ કોન્ફરન્સમાં રામાએ જાહેરાત કરી કે અલ્બેનિયાની પ્રથમ એઆઇ-જનરેટેડ પ્રધાન ડિએલા ગર્ભવતી છે અને ટૂંક સમયમાં ૮૩ એઆઇ બાળકોને જન્મ આપશે.

આ ઉટપટાંગ જાહેરાત સાથે તેમણે એમ પણ કહ્યું કે આ દરેક બાળકોનું પ્રતિનિધિત્વ દેશની શાસક સોશ્યાલિસ્ટ પાર્ટીના સાંસદો દ્વારા કરવામાં આવશે. વડા પ્રધાને તેમના નિવેદનમાં કહ્યું કે અમે ડિએલા સાથે એક મોટું જોખમ લીધું છે અને અમને આ પગલું ભરવાનો ગર્વ છે. ડિએલા ગર્ભવતી છે અને ૮૩ બાળકોને જન્મ આપવાની છે.

આ અંગે તેમણે સમજાવ્યું કે આ બાળકોનું એક મહત્ત્વપૂર્ણ કાર્ય હશે. તેઓ દરેક સાંસદના સહાયક તરીકે કાર્ય કરશે.ટૂંકમાં આ પણ એઆઈ રૉબો જ હશે. તેમજ સંસદ સત્રો દરમિયાન મહત્ત્વપૂર્ણ કાર્યવાહીનો રેકોર્ડ રાખશે. સાથે આ બાળકો પાસેથી સાંસદોને સૂચનો પણ મળશે. રામાનું કહેવું હતું કે આ બાળકો પાસે તેમની માતાનું જ્ઞાન હશે, જે સંસદમાં મૂલ્યવાન સાબિત થશે. વડા પ્રધાન રામાએ વધુમાં જણાવ્યું કે એઆઇ આસિસ્ટન્ટ સિસ્ટમ ૨૦૨૬ સુધીમાં સંપૂર્ણ રીતે કાર્યરત થઇ જશે. તેમણે ઉદાહરણ આપતા જણાવ્યું કે જો કોઇ સાંસદ ગૃહમાં ગેરહાજર હોય તો આ બાળકો દ્વારા તેમને માહિતી આપવામાં આવશે કે જ્યારે તેઓ ગૃહમાં ગેરહાજર હતા ત્યારે શું ચર્ચા કરવામાં આવી હતી. ■

## સાઉથ ચાઇના સમુદ્રમાં અમેરિકાનાં લશ્કરનું જેટ અને હેલિકોપ્ટરનો ક્રેશ

નવી દિલ્હી : સાઉથ ચાઇના સમુદ્રમાં રવિવારે અમેરિકન નેવીનું એક હેલિકોપ્ટર અને એક ફાઈટર જેટ અલગ અલગ ઘટનામાં ક્રેશ થયા હતા. આ દુર્ઘટનામાં પાઇલોટ અને ક્રૂ મેમ્બરને બચાવી લેવામાં આવ્યા હતા. યુએસ નેવીની પેસિફિક ફલીટ દ્વારા બંને દુર્ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે. અમેરિકન નેવીએ સોશ્યલ મીડિયા પર જણાવ્યું હતું કે, રવિવારે બપોરે નૌકાદળના વિમાનવાહક જહાજ યુએસએસ નિમિત્ઝથી નિયમિત મિશન પર નીકળેલું સીહોક હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. આ અકસ્માત સ્થાનિક સમય મુજબ બપોરે ૨:૪૫ વાગ્યે થયો હતો.

બીજી દુર્ઘટના અડધા કલાક બાદ બપોરે ૩:૧૫ વાગ્યે, યુએસએસ નિમિત્ઝ પરથી ઉડાન ભરતું સુપર હોર્નેટ ફાઇટર જેટ પણ ક્રેશ થયું. જે તેની નિયમિત ઉડાન હતી. જોકે પ્લેન ક્રેશ થતા પાઇલટ સફળતાપૂર્વક બહાર નીકળી શક્યો હતો. ■

## રખડતા શ્વાનના કેસમાં સોગંદનામું શું કામ નથી નોંધાવ્યું?: રાજ્ય સરકારોને ઝાટકી સુપ્રીમ કોર્ટે

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ગલીના રખડતા કૂતરાનાં કેસમાં અમલ બજાવણીના સોગંદનામા ન નોંધાવવા બદલ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની આલોચના કરતા કહ્યું હતું કૂતરા કરડવાનાં બનાનો સતત બની રહ્યા છે અને વિદેશી દેશમાં ભારતની શાખ નીચી થઈ રહી છે. અદાલતના બાવીસ ઑગસ્ટના હુકમ છતાં બજાવણીનું સોગંદનામું બહાર ન પાડવા પશ્ચિમ બંગાળ અને તેલંગણા સિવાયના રાજ્યોના વડા સચિવને ત્રીજી નવેમ્બર પહેલાં હાજર થઈને ખુલાસો કરવાનો આદેશ આપ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે પશ્ચિમ બંગાળ, તેલંગણા અને મ્યુનિસિપલ કોર્પોરેશન ઑફ દિલ્હી સિવાય કોઈ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશે અમલ અંગેનું સોગંદનામું નોંધાવ્યું નથી.

જસ્ટિસ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન. વી. અંજારિયાની બનેલી બેન્ચે કહ્યું હતું કે આજે ૨૭ ઑક્ટોબરની તારીખ છે. હજી સુધી કોઈ જવાબ મળ્યો નથી. કૂતરા કરડવાનાં બનાવ સતત બની રહ્યા છે. ફક્ત ત્રણ સોગંદનામા નોંધવામાં આવ્યા છે. બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નોટિસ આપવામાં આવી હતી.

## વૉડાફોન-આઈડિયાની ૫,૬૦૬ કરોડની એજીઆરની સમીક્ષા કરવાની કેન્દ્રને સુપ્રીમ કોર્ટની છૂટ

નવી દિલ્હીઃ એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્રને વોડાફોન આઈડિયા લિમિટેડના નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે ૫,૬૦૬ કરોડ રૂપિયાના બાકી એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ એજીઆર ચૂકવવા અંગે પુનર્વિચાર અને સમાધાન કરવાની મંજૂરી આપી હતી, અને અવલોકન કર્યું હતું કે આ મુદ્દો સરકારના નીતિ ક્ષેત્રમાં આવે છે.

એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ (એજીઆર) એ આવકનો આંકડો છે જેનો ઉપયોગ ટેલિકોમ કંપનીઓએ સરકારને ચૂકવવા પડે તેવા લાઇસન્સ ફી અને સ્પેક્ટ્રમ ચાર્જની ગણતરી કરવા માટે થાય છે.

ચીફ જસ્ટિસ બી.આર. ગવઈ અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની બનેલી બેન્ચે ટેલિકોમ્યુનિકેશન વિભાગ (ડોટ) દ્વારા ઉઠાવવામાં આવેલી નવી એજીઆર-સંબંધિત માંગણીઓને પડકારતી વોડાફોન આઈડિયા દ્વારા દાખલ કરાયેલી રિટ અરજીની સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો.

ટેલિકોમ કંપનીએ દલીલ કરી હતી કે આ વધારાના દાવાઓ ટકાઉ નથી કારણ કે જવાબદારીઓ પહેલાથી જ સુપ્રીમ કોર્ટના ૨૦૧૯ના એજીઆર લેણાં પરના ચુકાદા દ્વારા સ્પષ્ટ થઈ ગઈ હતી. ■

પહેલા પાનાનું ચાલુ

### વરસાદનો આતંક

પ્રધાનોને વિવિધ અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચવા સૂચના આપી હતી. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે તેમના પ્રધાનમંડળના કૌશિક વેકરિયા, જીતુ વાઘાણી, અર્જુન મોઢવાડિયા, પ્રદ્યુમન વાજાને અસરગ્રસ્ત જિલ્લાઓની મુલાકાત લેવા સૂચન કર્યું હતું.

સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટરના આંકડા પ્રમાણે, રાજ્યમાં સવારે ૬ થી સાંજના ૬ કલાક સુધીમાં ૨૦૪ તાલુકામાં વરસાદ પડ્યો હતો. અમરેલીના રાજુલામાં સૌથી વધુ ૬.૮૯ ઇંચ વરસાદ ખાબક્યો હતો. જેને લઈ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ઉનામાં ૪.૫૩ ઇંચ, લીલીયામાં ૪.૪૯ ઇંચ, ગીર ગઢડામાં ૪.૨૯ ઇંચ, સાવરકુંડલામાં ૩.૭૦ ઇંચ, મહુવામાં ૩.૬૬ ઇંચ, ખાંભામાં ૩.૬૨ ઇંચ, વલ્લભીપુરમાં ૩.૪૬ ઇંચ, ગલતેશ્વરમાં ૩.૧૯ ઇંચ, કોડિનારમાં ૩.૧૫ ઇંચ, તળાજામાં ૨.૬૪ ઇંચ, જેસરમાં ૨.૪૮ ઇંચ, મેઘરજમાં ૨.૧૩ ઇંચ, ગોધરામાં ૨.૦૫ ઇંચ, બાલાસિનોરમાં ૨.૦૧ ઇંચ વરસાદ પડ્યો હતો. રાજ્યમાં એક તાલુકામાં ૬ ઇંચથી વધારે, ત્રણ તાલુકામાં ચાર ઇંચથી વધારે, છ તાલુકામાં ત્રણ ઇંચથી વધારે, છ તાલુકામાં બે ઇંચથી વધારે, ૨૫ તાલુકામાં એક ઇંચથી વધારે વરસાદ નોંધાયો હતો.

ભાવનગર જિલ્લાની જીવાદોરી સમાન શેત્રુંજી ડેમમાં પાણીની આવક થતાં ૫૯ દરવાજા બે ફૂટ ખોલી પાણી છોડાયું હતું. ભરશિયાળે નદીઓ બે કાંઠે વહેતી થઈ હતી. ઘણાં ગામોમાં પાણી ઘૂસી જતાં લોકોનું રેસ્ક્યૂ કરવાની ફરજ પડી રહી હતી. વરસાદના કારણે ઉના તાલુકાના ખત્રીવાડ, ખંઢેરા, અમોદ્રા, ગીર ગઢડાનું કાણાકીય અને રાજુલા તાલુકાના ઉંચેયા, ધારાનાનેસ, ખાખબાઈ ગામો પૂરની પરિસ્થિતિના કારણે સંપર્ક વિહોણા થયાં હતાં. ગીર સોમનાથના જામવાળા ગીરમાં આવેલો શિંગોડા ડેમ ભરાઈ જતા ડેમના ત્રણ દરવાજા ખોલવાની ફરજ પડી હતી. ગીર-ગઢડા અને કોડિનારના ૧૨થી વધુ ગામોને એલર્ટ કરવામાં આવ્યાં હતાં. ■

### ... તો શ્રેયસ ઐયરનો જીવ ગયો હોત

**માટે** હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે. સ્કેનમાં આંતરિક રક્તસ્રાવની ખબર પડી છે. તેની હાલત હવે સ્થિર છે. સૂત્રોએ કહ્યું હતું કે શ્રેયસ હવે ભયમુક્ત છે.

#### પરિવાર સિડની પહોંચ્યો

ચિંતામાં મુકાઈ ગયેલા શ્રેયસના કેટલાક પરિવારજનો તાત્કાલિક સિડની પહોંચી ગયા છે. શ્રેયસને સિડનીની હોસ્પિટલના આઇસીયુમાં દાખલ કરવામાં આવ્યો છે જ્યાં તેની પાંસળીમાં થયેલા બ્લીડિંગને કારણે ઇન્ફેક્શન વધે નહીં એ માટેની સારવાર ચાલી રહી છે.

શ્રેયસને હજી લગભગ એક અઠવાડિયું સિડની હોસ્પિટલમાં રાખવામાં આવશે. ■

### ચાર ગુજરાતીનું અપહરણ

વીડિયો મોકલી કરોડો રૂપિયાની ખંડણી માગવામાં આવતા પરિવારજનો ચિંતિત બન્યા છે. આ મામલે માણસાના ધારાસભ્ય જયંતી પટેલને જાણ થતા તેઓએ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને પત્ર લખી મદદ માગી છે.

ચારેય લોકોનું અપહરણ કરી તહેરાનમાં ગોંધી રાખવામાં આવ્યા હોવાની વિગત બહાર આવી છે. સામેથી બાબા નામના વ્યકિત દ્વારા તેમના પરિવારજનોને ફોન કરી ૨ કરોડ રૂપિયાની ખંડણી માગવામાં આવી છે. પરિવારજનોને એક વીડિયો મોકલવામાં આવ્યો છે જેમાં અપહૃત લોકોને નગ્ન કરી જમીન પર ઊંધા સુવડાવવામાં આવ્યા છે. કપડાથી મોઢું અને હાથ બાંધેલી હાલતમાં છે. લોકોના શરીર પર લાલ ચાંઠાના નિશાન પણ જોવા મળી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના બાપુપુરાના ત્રણ અને બદપુરાનો એક વ્યકિત ૧૯મી ઓક્ટોબરે ઓસ્ટ્રેલિયા જવા નીકળ્યા બાદ ઈરાનમાં તેનું અપહરણ થયાનું જાણવા મળ્યું હતું. આ મામલે માણસાના ધારાસભ્ય દ્વારા અમિત શાહને પત્ર લખી મદદ માગવામાં આવી છે. જેમાં ચૌધરી અજયકુમાર કાંતિભાઈ, ચૌધરી પ્રિયાબેન અજયકુમાર, ચૌધરી અનિલકુમાર રઘજીભાઈ અને ચૌધરી નિખિલકુમાર રમણભાઈના નામનો ઉલ્લેખ કરાયો છે. ■

### ભાજપને કાખઘોડીની જરૂર નથી

એ દેશની લોકશાહીનું રક્ષણ ન કરી શકે. આ બધા વારસાગત પક્ષોને મજબૂત મેસેજ છે.

શાહે કહ્યું હતું કે ભાજપ માટે પક્ષની કચેરી મંદિર જેવી છે. અહીં પક્ષના કાર્યક્રમો અને નીતિઓ ઘડાય છે અને આ પક્ષના કાર્યકર્તાઓને તાલીમ આપવાનું મેદાન છે. જનસંઘના દિવસોથી વિચારસરણીવાળી નીતિ અને લોકોનું કલ્યાણ એ ભાજપના હોલમાર્ક રહ્યા છે. ભાજપની ૧૯૮૦માં સ્થાપના થઈ ત્યારથી દેશનું નેતૃત્વ ૧૮ વર્ષથી ભાજપ કરી રહ્યું છે. આ ગર્વની બાબત છે. (એજન્સી) ■

### ગુજરાત સહિત ૧૨ રાજ્યમાં સ્પેશ્યલ રિવિઝન

દરમિયાન આ કવાયત હાથ ધરવામાં આવી હતી.

બિહારમાં એસઆઈઆરનો પ્રથમ તબક્કો ઝીરો અપીલ સાથે પૂરો કરવામાં આવ્યો હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે એસઆઈઆરના બીજા તબક્કામાં ૧૨ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં મતદાર યાદીમાં સુધારાની કામગીરી હાથ ધરવામાં આવશે જેમાં કોઈ પાત્ર મતદારનું નામ મતદાર યાદીમાં ઉમેરવાનું રહી ન જાય અને અપાત્ર મતદારનું નામ ઉમેરાઈ ન જાય તેની ખાતરી કરવામાં આવશે. (એજન્સી) ■

# સૌરાષ્ટ્રમાં માવઠાનો માર સહન કરતાં ખેડૂતો માટે બે દિવસમાં સરકાર સહાય પેકેજ જાહેર કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રમાં હાલ ખેડૂતો માવઠાનો માર સહન કરી રહ્યા છે. માવઠાના કારણે કપાસ, મગફળી સહિતના પાકનો સોથ વળી ગયો છે. રાજ્ય સરકારે આગામી ૪૮ કલાકની અંદર ખેડૂતોના હિતમાં મહત્ત્વનો નિર્ણય લેવાની મૌખિક ખાતરી આપી હતી. સૌરાષ્ટ્રના ધારાસભ્યો દ્વારા કમોસમી વરસાદને કારણે થયેલી નુકસાનીના મુદ્દે રાજ્ય સરકારમાં સઘન રજૂઆત કરવામાં આવી હતી. સરકાર દ્વારા આ રજૂઆતને ગંભીરતાથી લેવામાં આવી હતી, જેના પગલે બે દિવસમાં નુકસાની માટે સહાય પેકેજ જાહેર કરવામાં આવી શકે છે.

સૌરાષ્ટ્રના ધારાસભ્યો ભગવાનભાઈ બારડ, હીરાભાઈ સોલંકી અને રાજેશ ચુડાસમા સહિતના અગ્રણીઓએ ખેડૂતોને થયેલા નુકસાન અંગે સરકારમાં સચોટ રજૂઆતો કરી હતી.

આ રજૂઆતોના ફળ સ્વરૂપે, સૌરાષ્ટ્રના ધારાસભ્યોને સરકાર તરફથી વળતર પેકેજ જાહેર કરવાની મૌખિક ખાતરી મળી હતી. ખેડૂત આલમ હવે સરકારના સત્તાવાર નિર્ણયની આશા સાથે રાહ જોઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી તા. ૧ નવેમ્બર સુધી ગુજરાત રાજ્યના જિલ્લાઓમાં છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી હતી. આવા વાદળછાયા વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને, ખેડૂતોને તેમના પાકના રક્ષણ માટે કેટલીક તકેદારીના પગલાં લેવા માટે ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીની સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે ભવ્ય ઉજવણી, વડા પ્રધાનને ગાર્ડ ઓફ ઓનર અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી ૩૧ ઓક્ટોબરની એકતાનગર સ્થિત સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવના ઉજાગર કરતી ઉજવણી કરવામાં આવશે. નરેન્દ્ર મોદીની પ્રેરણાથી દેશભરમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

નવી દિલ્હીમાં દર વર્ષે પ્રજાસત્તાક દિવસ ૨૬મી જાન્યુઆરીએ યોજાતી પરેડની પેટર્ન પર જ આ વર્ષે ૩૧ ઓક્ટોબરે એકતાનગર ખાતે મુવિંગ પરેડ યોજવામાં આવશે. મુખ્ય સચિવ પંકજ જોશી અને પોલીસ મહાનિદેશક વિકાસ સહાયે આ ભવ્ય ઉજવણીના સમગ્ર કાર્ય આયોજન અંગેની વિસ્તૃત માહિતી આપી હતી.

તેમણે કહ્યું હતું કે, રાષ્ટ્રીય એકતા દિવસની આ પરેડમાં બીએસએફ, સીઆઈએસએફ, આઈટીબીપી, સીઆરપીએફ, એસએસએફ, કાશ્મિર, પંજાબ, આસામ, ત્રિપુરા, ઓડિશા, છત્તીસગઢ, કેરાળા, આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને એનસીસી મળીને કુલ ૧૬ કન્ટીજન્ટ્સ સહભાગી થશે.

નરેન્દ્ર મોદી સરદાર સાહેબની પ્રતિમાની પદ પૂજા કર્યા પછી પરેડ અને વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા આવશે ત્યારે તેમને કેન્દ્રીય સુરક્ષા દળો અને ગુજરાત પોલીસની કંટીજન્ટ્સ દ્વારા ગાર્ડ ઓફ ઓનર અપાશે અને સમગ્ર કાર્યક્રમનો શાનદાર પ્રારંભ થશે. આ પરેડમાં 'એકત્વ' થીમ આધારિત વિવિધ ટેબ્લોઝનું જે નિદર્શન થવાનું છે તેમાં જુદાં જુદાં રાજ્યો દ્વારા પોતાની વિશેષતાઓ અને સિદ્ધિઓ દર્શાવતા ૧૦ ટેબ્લો પ્રસ્તુત કરવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વધુને વધુ લોકો આ એકતા પરેડ નિહાળી શકે તે હેતુસર આ વર્ષે બેઠક વ્યવસ્થામાં પણ વધારો કરવામાં આવ્યો છે અને ૧૧,૫૦૦થી વધુ લોકો પરેડ નિહાળી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

# અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર ટ્રિપલ અકસ્માતઃ ત્રણનાં મોત, ૧૫થી વધારે લોકો ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં માર્ગ અકસ્માતોની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી રહી છે. અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઇવે પર કણભા પાસે ટ્રિપલ અકસ્માત થયો હતો જેમાં ૩નાં મોત થયાં હતાં જ્યારે અકસ્માતમાં ૧૫થી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા હતા, ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે હજુ પણ મૃત્યુઆંક વધવાની શક્યતા છે. પટેલ ટ્રાવેલ્સની લકઝરી અને કિયા કાર અથડાતા બંનેના ડ્રાઇવર નીચે ઊતરી સમાધાન કરતા હતા તે સમયે જ પાછળથી આવતી ટ્રકે લક્ઝરી બસને જોરદાર ટક્કર મારી હતી. ઇજાગ્રસ્તોને અમદાવાદના મણિનગરની એલજી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

અમદાવાદ ગ્રામ્ય એસપી ઓમ પ્રકાશ જાટે જણાવ્યું હતું કે હાઈવે પર પટેલ ટ્રાવેલ્સની બસ અને કિયા કારના ચાલક વચ્ચે અકસ્માત થયો હતો.અકસ્માત થતા બસ ચાલક અને કિયા કારના ચાલક રસ્તા પર ઊભા હતા. આ દરમિયાન પાછળથી આવી રહેલી ટ્રકે બસને ટક્કર મારી હતી. બસને ટક્કર વાગતા પાછળની સીટમાં બેઠેલા ૩ મુસાફરોનાં મોત થયા છે. કેટલાક ઇજાગ્રસ્ત છે જે સારવાર હેઠળ છે.

# અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલના મહિલા તબીબને દાદાગીરી પડી ભારે, તપાસનો આદેશ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરની સોલા સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક વિભાગમાં રેસિડેન્ટ મહિલા ડોક્ટર દ્વારા બીમાર બાળકીની સારવાર કરવાની ના કહેવામાં આવી હતી. જેનો વીડિયો સોશ્યલ મીડિયામાં ખૂબ જ ઝડપથી વાઇરલ થયો હતો. જે મામલે આરોગ્યપ્રધાન પ્રફુલ પાનશેરિયાએ તપાસના આદેશ આપ્યા હતા. સચિવ કક્ષાએથી તપાસ કરી સાંજ સુધી રિપોર્ટ આપવા આદેશ કર્યો હતો. રિપોર્ટ બાદ ડોક્ટરનો વાંક હશે તો કાર્યવાહી કરવાની પણ સૂચના આપવામાં આવી હતી. આ અંગે તેમણે જણાવ્યું હતું કે કોઈપણ તબીબી કર્મચારી કે અધિકારી દ્વારા દર્દી સાથે અયોગ્ય વર્તન કરવામાં આવશે તો તે અંગે નિષ્પક્ષ તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે તારીખ ૨૬મી ઑક્ટોબર ૨૦૨૫ના રોજ આશિક હરિભાઈ ચાવડા નામની વ્યક્તિ પોતાની બીમાર ભત્રીજીની સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે લાવ્યો હતો. જો કે ત્યાં ફરજ પરના ડોક્ટરે તેમની દીકરીની સારવાર કરવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. જેનો વીડિયો બાળકીના પરિજનોએ ઉતારી લીધો હતો અને સોશ્યલ મીડિયામાં વાઇરલ કર્યો હતો.

સારવાર માટે આવેલા એક દર્દીને ડોક્ટરે સારવાર આપવાની ના પાડી દીધી હતી. એટલું જ નહીં, મહિલા ડોક્ટરે વીડિયો ઉતારતા વ્યક્તિ સાથે હાથ ચાલાકી પણ કરી હોવાનું સ્પષ્ટપણે વીડિયોમાં જોવા મળી રહ્યું છે.

# ઉકાઈ ડેમના ત્રણ ગેટ ચાર ફૂટ ખોલી પાણી છોડાયુંઃ કાંઠા વિસ્તારનાં ગામોને અલર્ટ કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દક્ષિણ ગુજરાતના ઉકાઈ ડેમમાંથી પાણી છોડવામાં આવતા તાપી નદી બન્ને કાંઠે વહેતી થઈ હતી. ડેમની જળસપાટી તેની ભયજનક સપાટી વટાવી ગઈ હતી, જેના કારણે નદીમાં પાણીની આવક વધી હતી. કોઝવેની સપાટી ૭ મીટર હોવાથી અવરજવર માટે બંધ કરાયો હતો.

સોમવારે ઉકાઈ ડેમની સપાટી ૩૪૫.૦૨ ફૂટ સુધી ભરાયો હતો. ડેમની ભયજક સપાટી ૩૪૫ ફૂટ છે. ડેમના ઉપરવાસમાંથી ૪૬,૪૧૮ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે જ્યારે તેની સામે ડેમમાંથી પાણીની જાવક પણ ૪૬,૪૧૮ ક્યુસેક છે. ૨૭ ઓક્ટોબર સોમવારે ડેમના ૩ ગેટ ૪ ફૂટ ખોલી તાપી નદીમાં પાણી છોડવાનું શરૂ કરાયું હતું. ડેમ તેની પૂર્ણત સપાટી સુધી ભરાઈ જતા દક્ષિણ ગુજરાતના વાસીઓ માટે સિંચાઈ અને ઉદ્યોગ માટે પૂરતું પાણી મળી રહેશે.

ડેમનું પાણી અને ઉપરવાસમાંથી આવતું પાણી મળીને તાપી નદીમાં કુલ પ્રવાહમાં વધારો થયો છે. જેથી તંત્ર દ્વારા નદી કિનારાના નીચાણવાળા વિસ્તારો, ખાસ કરીને રાંદેર, સિંગણપોર, કતારગામ, અને જહાંગીરપુરા જેવા વિસ્તારોને સાવચેત રહેવા માટેની સૂચના આપવામાં આવી છે. લોકોએ નદી કિનારે ન જવું અને ઢોર-ઢાંખરને સલામત સ્થળે ખસેડવા અપીલ કરાઈ હતી.

# પંચમહાલમાં આપ અને કૉંગ્રેસને મોટો ઝટકોઃ એક સાથે ૨૦૦થી વધુ કાર્યકર્તાઓ ભાજપમાં જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સ્થાનિક ચૂંટણીઓ પહેલા જ આયારામ-ગયારામની રાજનીતિ શરૂ થઈ ગઈ છે. પંચમહાલ જિલ્લામાં આમ આદમી પાર્ટી (આપ) અને કૉંગ્રેસના પૂર્વ તાલુકા પંચાયત સભ્યો, સરપંચો સહિત ૨૦૦થી વધુ કાર્યકર્તાઓ સત્તાવાર રીતે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)માં જોડાયા હતા. આપના કાર્યકરો ભાજપમાં જોડાતા સ્થાનિક રાજકારણ ગરમાયું હતું. મોટા પાયે થયેલા આ ફેરફારથી ભાજપે મોરવા હડફ અને આસપાસના વિસ્તારોમાં પોતાનું સંગઠન વધુ મજબૂત બનાવ્યું છે, જ્યારે કૉંગ્રેસ અને આપના સંગઠનને મોટો ઝટકો પડ્યો છે.

મોરવા હડફ વિધાનસભા બેઠકના ગોલ્લાવ વિસ્તારના આમ આદમી પાર્ટી અને કૉંગ્રેસના કાર્યકરો ભાજપમાં જોડાયા હતા. કાર્યકર્તાઓના ભાજપ પ્રવેશનો કાર્યક્રમ ગોધરા સ્થિત જિલ્લા ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે યોજાયો હતો. મોરવા હડફના મેરપ ગામના સરપંચ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ સાથે જિલ્લા કાર્યાલય પહોંચ્યા હતા. ભાજપ દ્વારા આ તમામ કાર્યકર્તાઓનું ઢોલ-નગારાના નાદ સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યકરોને જિલ્લા ભાજપના અગ્રણી નેતાઓની હાજરીમાં વિધિવત રીતે પક્ષમાં આવકારવામાં આવ્યા હતા. પંચમહાલ જિલ્લા ભાજપ કાર્યાલય કમલમ ખાતે જિલ્લા પ્રમુખ મયંક દેસાઈ, જિલ્લા પંચાયત પ્રમુખ રેણુકાબેન ડાયરા અને મોરવા હડફના ધારાસભ્ય નિમિષાબેન સુથાર દ્વારા તમામ કાર્યકરોને ભાજપનો ખેસ પહેરાવીને પક્ષમાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. ■

# પીએમ સૂર્ય ઘર યોજનામાં ૨૭ ટકા હિસ્સા સાથે ગુજરાત દેશમાં મોખરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સરકાર દ્વારા લોકો માટે અનેક યોજનાઓ ચલાવવામાં આવે છે. પીએમ સૂર્ય ઘર મફળ વીજળી યોજના હેઠળ સોલર અપનાવવા ગુજરાત અગ્રેસર છે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડના ટેડા મુજબ, રાજ્યમાં આ યોજના હેઠળ ૪.૫૧ લાખ સોલર રૂફટોપ ઈન્સ્ટોલેશન થયા છે. જે રાષ્ટ્રીય સરેરાશના ૨૭ ટકા જેટલો હિસ્સો છે અને કુલ ક્ષમતા ૧૬૯૨ મેગાવોટ પર પહોંચી છે.

ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, કેરળ અને રાજસ્થાન એમ પાંચ રાજ્યો પીએમ સૂર્ય ઘર યોજનામાં સંયુક્ત ૭૫ ટકા હિસ્સો ધરાવે છે, જ્યારે બાકીનાં રાજ્યો કુલ ઇન્સ્ટોલેશનમાં બાકીનો ૨૫ ટકા હિસ્સો ધરાવે છે. મહારાષ્ટ્ર ૧૯ ટકા હિસ્સા અને ૩.૦૫ લાખ ઇન્સ્ટોલેશન સાથે બીજા ક્રમે છે.

પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના ફેબ્રુઆરી ૨૦૨૪માં ઘરોમાં સૌર ઊર્જા ઉત્પન્ન કરવા અને મફત વીજળી મેળવવા સક્ષમ બનાવવા માટે શરૂ કરવામાં આવી હતી. ગુજરાતમાં આ યોજના હેઠળ સૌથી વધુ ઇન્સ્ટોલેશન નોંધાયા છે.

સૂત્રોએ જણાવ્યું કે, પીએમ સૂર્ય ઘર યોજનામાં સબસિડી અને બેંકો દ્વારા સોફ્ટ લોન ઓફર કરવામાં આવે છે, તેનાથી રહેણાંક છત પર સોલર અપનાવવામાં જોરદાર વધારો થયો છે. અગાઉ આ માત્ર શહેરો સુધી મર્યાદિત હતી, હવે છત પર સોલર ઇન્સ્ટોલેશન ગ્રામીણ વિસ્તારોમાં પણ ઝડપથી વધી રહ્યા છે.

આ ઉપરાંત સૂત્રોએ કહ્યું, લોકો સોલર રૂફટોપના ફાયદાને સમજી રહ્યા છે અને મૌખિક પબ્લિસિટીથી વેગ મળ્યો છે. ગુજરાતમાં સોલર ઊર્જા માટે એક મજબૂત ઇકોસિસ્ટમ છે, રાજ્યમાં ૧૧૦૦ થી વધુ વિક્રેતાઓ છે, જેના કારણે પણ યોજનાને વેગ મળી રહ્યો છે. ■

# અમદાવાદમાં છઠ પૂજા ઉજવણીમાં મુખ્ય પ્રધાન સામેલ થયાઃ સુરત, વડોદરામાં પણ આયોજન

અમદાવાદ: સુરત, અમદાવાદ અને વડોદરામાં છઠ પૂજાની ભવ્ય ઉજવણી થઈ હતી.જેમાં મોટી સંખ્યામાં બિહારના લોકો છઠી મૈયાની પૂજા કરવા પહોંચ્યા હતા, વરસાદના કારણે થોડી અવ્યવસ્થા થઈ હતી અને લોકોને પૂજા કરવામાં તકલીફ પડી હતી. સૂર્યદેવની આરાધનાના મહાપર્વ છઠ પૂજાની અમદાવાદના ઇન્દિરા બ્રિજ પાસે છઠ ઘાટ પર આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ પણ કાર્યક્રમમાં સામેલ થયા હતા.આ ઉપરાંત શહેરના નરોડાના ધારાસભ્ય પાયલ કુકરાણી અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણી છઠ પૂજા કાર્યક્રમમાં સામેલ થયા હતા. ભૂતપૂર્વ કેબિનેટ પ્રધાન આઈ. કે.જાડેજા અને પૂર્વ ગૃહ પ્રધાન ગોરધન ઝડફિયા પણ કાર્યક્રમમાં પહોંચ્યા હતા. શહેરના ઈન્દિરા બ્રિજ ખાતે આવેલા છઠ પૂજા ઘાટ સહિતનાં સ્થળો પર મહિલાઓએ કુંડમાં ઊભા રહીને હાથમાં શ્રીફળ અને અગરબત્તી રાખીને ભક્તિભાવ સાથે અર્ધ્ય અર્પણ કર્યું હતું.

અમદાવાદમાં શ્રદ્ધાળુઓની સુવિધા માટે, ઘાટ પર ડોમ અને સ્ટેજ બનાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, વ્રતધારીઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે સિક્યુરિટી ગાર્ડથી લઈ ચેન્જિંગ રૂમ સુધીની સુવિધાઓ પણ ઊભી કરવામાં આવી હતી.

સુરત મહાનગરપાલિકાએ પર્વને ધ્યાનમાં રાખીને શ્રદ્ધાળુઓની સુવિધા માટે ૧૦ કુદરતી ઘાટ અને ૧૫ કૃત્રિમ તળાવો સહિત કુલ ૨૫ સ્થળોએ વ્યાપક વ્યવસ્થા ઊભી કરી હતી. આ તમામ સ્થળોએ સફાઈ, લાઇટિંગ, પીવાના પાણી, મોબાઇલ શૌચાલય, ફાયર એનડીઆરએફ ટીમો અને મેડિકલ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ હતી. શહેરમાં પણ મોટી સંખ્યામાં લોકોએ વિવિધ જગ્યાએ છઠ પૂજા કરી હતી. વડોદરામાં પણ શ્રદ્ધાળુઓ છઠ પૂજા માટે ઊમટ્યા હતા. વડોદરામાં રહેતા બિહારના લોકોના કહેવા મુજબ, તેમના માટે આ સૌથી મોટો તહેવાર છે.

# રાજ્યમાં 31 ઓક્ટો.થી ૬ નવે. સુધી 'સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૨૫'ની ઉજવણી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્ય સરકાર દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે તા. ૩૧ ઓકટોબરથી ૦૬ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન રાજ્યભરમાં 'સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૨૫'ની ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત ગત તા. ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫થી લઈને આગામી તા. ૦૯ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. જેમાં પડતર ફરિયાદો-કેસોનો નિકાલ, ક્ષમતાવર્ધન કાર્યક્રમો, મિલકત વ્યવસ્થાપન તથા સેવાઓ આપવામાં ડિજિટલ પહેલ જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

'સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે રાજ્ય સરકાર હસ્તકના તમામ વિભાગો, ખાતાના વડા અને તાબા હેઠળની કચેરીઓ, બોર્ડ-નિગમો, જાહેર સાહસો અને સ્થાનિક સત્તા મંડળો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે સત્ય નિષ્ઠાના શપથ, નિવારાત્મક તકેદારી થકી ભ્રષ્ટાચાર સામેની લડતના મહત્ત્વ અંગે સહભાગીદારીથી આયોજન, પડતર ફરિયાદો તથા કેસોનો ખાસ ઝુંબેશ દ્વારા નિકાલ, નિવારાત્મક તકેદારીના ભાગરૂપે પ્રણાલીગત સુધારા માટે ઝુંબેશ, સેવાઓ આપવામાં ડિજિટલ પહેલ, તકેદારી અંગે જાગૃતિ, ક્ષમતાવર્ધન તાલીમ તથા મિલકત વ્યવસ્થાપન જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવશે. ■

# સુરતમાંથી મોટી સંખ્યામાં લોકો વતન જતાં પાણીનો વપરાશ ઘટ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દિવાળીના વેકેશનને લઈ સુરતમાંથી મોટી સંખ્યામાં લોકો વતન જતાં પાણીનો વપરાશ પણ ઘટ્યો હતો. દિવાળી દરમિયાન સાફ-સફાઈના કારણે પાણીનો રોજિંદો વપરાશ ૧૬૩૧ એમ.એલ.ડી. પર પહોંચી ગયો હતો. જોકે, હાલમાં આ વપરાશ ઘટીને ૧૫૪૬ એમ.એલ.ડી. પર આવી ગયો હતો. હજી પણ શહેરીજનો વેકેશન મૂડમાં હોવાથી આ સપ્લાય હજી પણ ઘટાડો જોવા મળી શકે છે.

મળતી વિગત પ્રમાણે, શહેરમાં દિવાળીના તહેવાર પહેલા પાણીની ડિમાન્ડમાં ઘણો વધારો જોવા મળ્યો હતો.એક તબક્કે સુરત મહાનગરપાલિકા દ્વારા અપાતા પાણીનો જથ્થો ૧૬૩૧ એમ.એલ.ડી.પર પહોંચી ગયો હતો. દિવાળીના પહેલા સુરતીઓ ઘર અને ઓફિસની સાફ સફાઈ કરતા પાણીની માંગમાં વધારો થયો હતો. પરંતુ દિવાળી બાદ સુરતને કર્મભૂમિ બનાવી રહેતા અન્ય રાજ્ય કે અન્ય શહેરના લોકો પોતાના વતન તરફ મોટી સંખ્યામાં પહોંચતા પાણીનો વપરાશ ઘટ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, વર્ષના સામાન્ય દિવસ પહેલા પાલિકા દ્વારા ૧૫૯૦ એમ.એલ.ડી. પાણી આપવામાં આવે છે. દિવાળીમાં ડિમાન્ડ વધીને ૧૬૩૧ એમ.એલ.ડી. સુધી પહોંચી ગઈ હતી. પરંતુ સુરતમાંથી મોટી સંખ્યામાં લોકો બહાર જતા રહેતા પાણીની ડિમાન્ડ ઘટી ૧૫૪૬ એમ.એલ.ડી. સુધી પહોંચી ગઈ હતી. જેના કારણે દિવાળીમાં પાણીનો ઉપયોગ થયો હતો જેના કરતાં ૮૫ એમ.એલ.ડી. પાણીનો જથ્થો ઓછો થયો હતો. ■

# સરકારી નોકરીના બહાને લોકો સાથે છેતરપિંડી કરનાર ગેંગના મુખ્ય આરોપીની ઝારખંડથી ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેર પોલીસની સાયબર ક્રાઈમ બ્રાન્ચે આંતરરાજ્ય નોકરીની લાલચ આપીને રેકેટ ચલાવનાર મુખ્ય આરોપી અભિષેક સિંઘની ધરપકડ કરી હતી. આરોપી દ્વારા નકલી ઈન્કમટેક્સ ઓફિસર તરીકેની ઓળખ આપીને ઈન્કમટેક્સ, રેલવે અને ભારતીય ફૂડ વિભાગ જેવા અલગ-અલગ શાખામાં નોકરી આપવાના બહાને નકલી નિમણૂકોની ઓફર કરીને છેતરપિંડી આચરવામાં આવતી હતી. સમગ્ર મામલે અમદાવાદ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. નકલી સરકારી ઓફર લેટર્સથી નોકરી ઈચ્છુક લોકો સાથે છેતરપિંડી કરનારા નકલી ઈન્કમટેક્સ ઓફિસર અભિષેક સિંગ ઉર્ફે અમન વર્મા (ઉંમર ૩૬ વર્ષ)ની અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે ઝારખંડના ધનબાદથીથી ધરપકડ કરીને પોલીસે વધુ પૂછપરછ માટે આરોપીની આઠ દિવસની કસ્ટડી મેળવી હતી.

આરોપી અભિષેક સિંગ ઉર્ફે અમન વર્મા મૂળ ભૂઈફોર ધનબાદ ઝારખંડનો રહેવાસી છે અને માત્ર ૧૨ પાસ છે. આ સાથે જ તેણે ખાનગી કોમ્પ્યુટર એન્જિનરીંગનો કોર્સ કર્યો છે અને ૭ વર્ષ સુધી બેન્કિંગ સેક્ટરમાં નોકરી કરી ચૂક્યો છે.

આરોપી પાસેથી ૪૫થી વધુ બેંક ખાતાની વિગત મળી આવી છે. બેંક ખાતા સામે દેશભરમાં ૧૦૧ ઓનલાઇન ફરિયાદ થઈ છે. આ ઉપરાંત આરોપી પાસેથી ૧૪ જેટલા સરકારી ઇ-મેલ આઇડી સાથે ભળતાં નામના ઇ-મેલ આઈડી મળી આવ્યા છે.આ કેસ સાથે જોડાયેલા અન્ય આરોપીની શોધખોળ ચાલી રહી છે.અન્ય કોઈ વ્યક્તિઓ સાથે આ પ્રકારે છેતરપિંડી થઈ છે કે કેમ તે મામલે તપાસ ચાલી રહી છે. ■

# ગુજરાતમાં મતદારયાદીમાં સુધારણા માટે બીએલઓ ઘરે-ઘરે ફરીને ચેકિંગ કરશે

અમદાવાદ: રાજ્યમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પ્રક્રિયા હેઠળ મતદાર યાદી સુધારવામાં આવશે. રાજ્યની તમામ વિધાનસભા બેઠકોએ બીએલઓની નિમણૂક કરવામાં આવી છે. બીએલઓ ઘરે ઘરે જઈને મતદારયાદીની ચકાસણી કરશે અને નવા મતદારોના નામ યાદીમાં ઉમેરશે.

આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ મતદાર યાદીને સંપૂર્ણપણે અપડેટ કરી ડુપ્લિકેટ મતદારોને દૂર કરવાનો છે. આ ઉપરાંત ગેરકાયદે વસાહતોની ઓળખ કરીને વિદેશી નાગરિકોને મતદાર યાદીમાંથી દૂર કરવાની કામગીરી પણ કરાશે. સમગ્ર પ્રક્રિયા પાછળનો હેતુ મતદાર મૂળ ભારતીય નાગરિક છે કે નહીં તે સુનિશ્ચિત કરવાનો છે. ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા રાજ્યમાં કૉંગ્રેસે નવસારીમાં ભૂતિયા મતદારો હોવાની વિગતો જાહેર કરી હતી. બીજા તબક્કા માટે એસઆઈઆરની ટ્રેનિંગ આજથી શરૂ થશે. તમામ મુખ્ય ચૂંટણી અધિકારી અને જિલ્લા ચૂંટણી અધિકારીને આગામી બે દિવસમાં રાજકીય પક્ષો સાથે મળીને એસઆઈઆર પ્રક્રિયાની માહિતી આપવા નિર્દેશ આપ્યો હતો. ચૂંટણી પંચે મતદારો- ખાસ કરીને વૃદ્ધો, બિમાર, દિવ્યાંગ, ગરીબ અને નબળા વર્ગને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન થાય તે જોવા આદેશ આપ્યો હતો. ઉપરાંત કોઈપણ મતદાન કેન્દ્રમાં ૧૨૦૦થી વધુ મતદારો ન હોય તે જોવા સૂચન કર્યું હતું. ■

# નળ સરોવર પક્ષી અભ્યારણ્યમાં ડિસેમ્બરથી બોટિંગ શરૂ થવાની સંભાવના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના ગૌરવ સમાન અને આંતરરાષ્ટ્રીય રામસર સાઇટ તરીકે ખ્યાતિ પામેલા નળ સરોવર પક્ષી અભયારણ્યમાં બોટિંગ સેવાઓ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે. જેના કારણે શિયાળાની ઋતુ અને વેકેશનની મજા માણવા દૂર-દૂરથી આવતા હજારો પ્રવાસીઓને ઘોર નિરાશા સાંપડી રહી છે. નળ સરોવર પક્ષી અભયારણ્યમાં બોટિંગ પ્રવૃત્તિઓ જૂન ૨૦૨૪ થી સ્થગિત છે, જે હવે ડિસેમ્બર સુધીમાં ફરી શરૂ થવાની સંભાવના છે.

સૂત્રોએ જણાવ્યું કે ઓપરેટરો દ્વારા ઉપયોગમાં લેવાતી સ્થાનિક બનાવટની બોટ માટે મેન્યુફેક્ચરરનાં પ્રમાણપત્રોના અભાવે પ્રક્રિયામાં વિલંબ થયો છે. પ્રતિબંધ પહેલા તળાવમાં લગભગ ૨૫૦ બોટમેન કાર્યરત હતા. હવે ગુજરાત મેરીટાઇમ બોર્ડને બોટની તપાસ કરવા અને તેમની નોંધણી અને લાઇસન્સ આપતા પહેલા સુરક્ષા પ્રમાણપત્રો જારી કરવા માટે જોડવામાં આવ્યું છે.

જોકે, બોટમેનોએ લાંબા સમયથી ચાલી રહેલા સ્થગિતતા અંગે નિરાશા વ્યક્ત કરી હતી. સૂત્રોએ કહ્યું, તમામ જરૂરી દસ્તાવેજો જમા કરાવ્યા છે અને એક સ્થાનિક સમિતિ પણ બનાવી છે. પરંતુ બોટ જૂની અને સ્થાનિક રીતે બનાવેલી હોવાથી મેન્યુફેક્ચરરનું પ્રમાણપત્ર આપી શકતા નથી. બસ આ એક જ બાબત અડચણરૂપ બની રહી છે.

આ વિલંબને કારણે આ સમુદાયને આખી પ્રવાસી સિઝન ગુમાવવી પડી છે. સામાન્ય રીતે, પ્રવાસીઓનો ધસારો ઓક્ટોબરથી માર્ચની વચ્ચે ચરમસીમાએ હોય છે, જેમાં દરરોજ લગભગ ૧,૨૦૦-૧,૪૦૦ મુલાકાતીઓ આવતા હોય છે. એક સ્થાનિક ઓપરેટરે જણાવ્યું કે, એક બોટમેન સામાન્ય રીતે પ્રવાસી દીઠ રૂ.૩૦૦ ચાર્જ કરીને સિઝનમાં આશરે રૂ.૫૦,૦૦૦ કમાય છે.

આ ઉપરાંત સૂત્રોએ એમ પણ કહ્યું, પ્રવાસીઓ હજી પણ પિકનિક અથવા કિનારા પરથી પક્ષી નિરીક્ષણ માટે તળાવની મુલાકાત લે છે, પરંતુ જેઓ બોટિંગ સ્થગિત થવાથી વાકેફ છે તેઓ થોળ તળાવ જવાનું પસંદ કરે છે, જ્યાં પક્ષીઓના દર્શન સમાન છે અને પહોંચવું પણ સરળ છે. ઉલ્લેખનીય છે કે, નળ સરોવરની આસપાસનાં ૧૫ જેટલા ગામોના ૫૦૦થી વધુ પરિવારો મુખ્યત્વે આ પ્રવાસન પ્રવૃત્તિઓ પર નિર્ભર છે.

આ ગામોના લોકો નાવિક તરીકે બોટિંગ સેવા આપીને, નાસ્તા-ખાદ્ય પદાર્થોના સ્ટોલ લગાવીને તેમજ ઘોડેસવારી જેવી સેવાઓ દ્વારા પોતાનું ગુજરાન ચલાવતા હતા. ■

# દિવાળી વેકેશન પૂર્ણ થતાં અમદાવાદની નીચલી અદાલતો શરૂ, હાઈ કોર્ટ ત્રીજી નવેમ્બરે ખુલશે

અમદાવાદ: દિવાળી વેકેશન બાદ અમદાવાદની નીચલી અદાલતો સોમવાર ૨૭ ઓક્ટોબરથી શરૂ થઈ છે. ગત એક અઠવાડિયું નીચલી અદાલતોમાં દિવાળી વેકેશન હતું. જે સોમવારે પૂર્ણ થયું હતું. રવિવારે લાભ પાંચમ હોવાથી વકીલોએ સોમવારે મુહૂર્તમાં પૂજા કરીને વ્યવસાયની શરૂઆત કરી હતી. અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં વકીલોએ ફૂલ અને દીવા દ્વારા ગણેશ અને લક્ષ્મીજીની આરતી ઉતારીને વ્યવસાયની શરૂઆત કરી હતી. પહેલા દિવસે જ કોર્ટમાં કેસોનો ધમધમાટ જોવા મળ્યો હતો. જુનિયર સાથે સિનિયર વકીલો પણ અસીલોના કેસ રજૂ કરવા કોર્ટમાં પહોંચ્યા હતા. બારના પ્રમુખે તમામ વકીલોના ટેબલે જઈને તેમને નવા વર્ષના અભિનંદન પાઠવ્યા હતા. જો કે ગુજરાત હાઇ કોર્ટનું દિવાળી વેકેશન ૨ નવેમ્બરે પૂર્ણ થતા ૩ નેવેમ્બરથી ગુજરાત હાઇ કોર્ટ રાબેતા મુજબ ચાલુ થશે. હવે કોર્ટમાં દિવાળી સ્નેહ મિલન કાર્યક્રમ યોજાવવાની શકયતા છે. બાદમાં બારની ચૂંટણીઓ પણ આવશે. ■

# પનવેલ-કર્જત રેલવે લાઈનનું ઉદ્ઘાટન ક્યારે થશે?

થાણેઃ મધ્ય રેલવેમાં કર્જત રેલવે સ્ટેશને વધી રહેલા મુસાફરોના ધસારાને ધ્યાનમાં રાખીને રેલ્વેએ થોડા વર્ષ પહેલા આ વિસ્તારમાં પનવેલ-કર્જત રેલવે કોરિડોર પ્રોજેક્ટની તૈયારી શરૂ કરી દીધી હતી. આ પ્રોજેક્ટ અંતર્ગત આ રૂટ પર ફક્ત પાંચ રેલવે સ્ટેશન હશે. હવે આ પ્રોજેક્ટ ક્યારે પૂર્ણ થશે એની નાગરિકો રાહ જોઈ રહ્યા છે.

કર્જત, ખોપોલી, ભીવપુરી, નેરલ વિસ્તારના લાખો મુસાફરો કામ માટે મુંબઈ અને નવી મુંબઈ જાય છે. કર્જત અને ખોપોલી ટ્રેનોમાં ભારે ભીડને કારણે મુસાફરોને પ્રવેશવામાં પણ મુશ્કેલી પડે છે. અગાઉ ફક્ત સવાર અને સાંજના સમયે જ ટ્રેનમાં ભીડ રહેતી હતી, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં બપોરના સમયે પણ આ ટ્રેનોમાં ભીડ જોવા મળી રહી છે. રેલવે વિકાસ નિગમ દ્વારા કર્જત અને પનવેલ રેલવે સ્ટેશનો વચ્ચે તૈયાર થઈ રહેલા કોરિડોરનું કામ ૭૯ ટકા પૂર્ણ થઈ ગયું છે અને માર્ચ ૨૦૨૬ સુધીમાં તે જાહેર જનતા માટે ખુલ્લો મુકાય તેવી શક્યતા છે. આનાથી મધ્ય રેલવે લાઇન પર ભારે ભારણ હળવું થવાની શક્યતા છે. આ રૂટ ૧,૦૦૦ કિમી લાંબો છે. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૨,૭૮૨ કરોડ રૂપિયા છે. આ કોરિડોર મુસાફરીના સમયમાં આશરે ૩૦ મિનિટનો બચાવ કરશે. આ રૂટ પર કુલ પાંચ સ્ટેશન ઉપલબ્ધ હશે, જેમાં પનવેલ, ચિખલે, મોહપે, ચોક અને કર્જત સ્ટેશનનો સમાવેશ થશે. આ રૂટ પર કુલ નવ મોટા પુલ અને ૩૫ નાના પુલ હશે. આ રૂટ પર એક રેલવે ફ્લાયઓવર, ૧૫ સબવે અને ત્રણ ટનલ હશે.

## કબૂતરખાનાનો મુદ્દો ગરમાશે
# ત્રીજી નવેમ્બરથી ફરી શરૂ થશે આંદોલન

મુંબઈઃ થોડા મહિનાઓ પહેલા મુંબઈના દાદરનું કબૂતરોને ચણ નાખવાનું વર્ષો જૂનું કબૂતરખાનું બંદ કરી દેવામાં આવતા ભારે હોબાળો મચ્યો હતો તથા જૈન સમાજ અને મહાનગરપાલિકા આમને સામને આવી ગયા હતા. તે સમયે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે હસ્તક્ષેપ કરી મામલો થાળે પાડ્યો હતો. ત્યારે હવે ફરીથી આ મુદ્દે મુંબઈમાં જૈન સમુદાય આક્રમક મૂડમાં દેખાશે.

ત્રીજી નવેમ્બરથી જૈન સમુદાય કબૂતરખાના માટે ફરી આંદોલન કરશે. અગાઉ આ આંદોલન પહેલી નવેમ્બરથી થવાનું હતું, પરંતુ પોલીસે પરવાનગી નકારતા હવે ત્રીજી નવેમ્બરથી શરૂ થવાનું હોવાનુ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. પહેલી નવેમ્બર માટે પરવાનગી ન આપવા પાછળ પોલીસે જણાવ્યું હતું કે આ રજાનો દિવસ હોવાથી પરવાનગી આપી નથી. આ સાથે મતદારયાદીમાં થતા કથિત ગોટાળા વિરુદ્ધ મનસે અને મહાવિકાસ આઘાડી પણ મોરચો કાઢવાની જાહેરાત કરી ચૂક્યું છે. એક જ દિવસમાં બે મોટા આંદોલન થાય તો કાયદો અને વ્યવસ્થા રાખવા અઘરા પડે તેમ હોવાથી તેમણે જૈન સમુદાયને ત્રીજી તારીખે મોરચો કાઢવાની પરવાનગી આપી હોવાનુ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. કબૂતરોને ચણ આપવા એ જૈન ધર્મના અહિંસાના સિદ્ધાંત સાથે જોડાયેલી પરંપરા છે અને ધાર્મિક શ્રદ્ધાનો એક ભાગ છે.

# રિસોર્ટમાં છૂપા કૅમેરાથી રેકોર્ડિંગ કરનારાની ધરપકડ

પનવેલઃ પનવેલમાં રિસોર્ટના વૉશરૂમમાં છૂપા કૅમેરા ગોઠવીને વીડિયો રેકોર્ડિંગ કરવા બદલ પોલીસે રિસોર્ટના ચાલકની ધરપકડ કરી હતી. રિસોર્ટમાં ફરવા આવેલા પરિવારના એક બાળકની નજર કૅમેરા પર પડતાં આ બાબત સામે આવી હતી. તળોજા પોલીસે ફરિયાદને આધારે ગુનો નોંધી રિસોર્ટના ચાલક મનોજ ચૌધરી (૩૫)ની રવિવારે ધરપકડ કરી હતી. પોલીસ તેની વધુ પૂછપરછ કરી રહી છે. પોલીસ ફરિયાદ અનુસાર મુંબ્રામાં રહેતો પરિવાર રવિવારે કુદરતી વાતાવરણમાં મહાલવા પનવેલના ધાનસર ગામમાંના રિસોર્ટમાં આવ્યો હતો.

## સંસ્થા સમાચાર

### જલારામ જન્મજયંતીનું ભવ્ય આયોજન

શ્રી જય જલારામ રામરોટી ભંડાર મંદિર ટ્રસ્ટ કાંદિવલી દ્વારા ૨૯ ઓક્ટોબર બુધવારે જલારામ બાપાની ૨૨૬મી જન્મજયંતી અને મંદિરનો બાવનમો પાટોત્સવ ભવ્યતાથી ઉજવવામાં આવશે. સવારે સાડા પાંચ કલાકે મંગળ સ્નાન અને મંગળા આરતી, સાડા આઠ કલાકે અભિષેક અને પૂજાપાઠ અને સાડા અગિયાર કલાકે થાળ ધરવામાં આવશે. કાંદિવલીના હાલાઈ લોહાણા મહાજન વાડીમાં બપોરે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

સાંજે કસુંબલ ડાયરો અને વીરપુરની મહાપ્રસાદનો લાભ લેવા ભક્તગણોને ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

### જલારામ જન્મજયંતી ઉત્સવ

શ્રી જલારામ સેવા મંડળ, સાંતાક્રુઝ દ્વારા ૨૯ ઓક્ટોબરે જલારામ બાપાની ૨૨૬મી જન્મજયંતીનો ઉત્સવ યોજવામાં આવ્યો છે. શ્રી લક્ષ્મીનારાયણ મંદિર પરિસર, ટાગોર રોડ, સાંતાક્રુઝ વેસ્ટમાં આયોજિત આ કાર્યક્રમમાં ભાગ લેવાનું સૌને આમંત્રણ આપવામાં આવ્યું છે. સાંજે સમૂહ આરતી બાદ મહાપ્રસાદનો લાભનું ભક્તોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

### જલારામ જન્મજયંતી ઉજવણી

શ્રી જલારામ સત્સંગ મંડળે જલારામ બાપાની ૨૨૬મી જન્મજયંતીનો ઉત્સવ ધામધૂમથી ઉજવવાનો કાર્યક્રમ ૨૯ ઓક્ટોબરે આયોજિત કર્યો છે. આ મંડળ આખા વર્ષ દરમિયાન સમાજને ઉપયોગી એવી અનેક પ્રવૃત્તિઓ કરે છે. શ્રી કચ્છી વિસા ઓસવાળ જૈન સેવા સમાજ, કુર્લા કોર્ટની સામે, કુર્લા વેસ્ટમાં આ ઉત્સવ યોજવામાં આવ્યો છે. સવારે સાડા નવ કલાકે શોભાયાત્રા, સવારે ૧૧ કલાકે આરતી અને બપોરે મહાપ્રસાદનો લાભ લેવા શ્રદ્ધાળુઓને આમંત્રણ છે.

# વેબ સિરીઝ 'જામતારા-ટૂ'ના એક્ટર સચિન ચાંદવાડેની આત્મહત્યા

નવી દિલ્હીઃ ઓટીટી પ્લેટફોર્મની વેબ સિરીઝ 'જામતારા-ટૂ' અને આગામી મરાઠી પ્રોજેક્ટ્સમાં ભૂમિકા માટે જાણીતા એક્ટર અને એન્જિનિયર સચિન ચાંદવાડેએ જળગાંવના પરોલા સ્થિત પોતાના ઘરે આત્મહત્યા કરી હોવાના અહેવાલ છે. ૨૫ વર્ષના ચાંદવાડે છતના પંખા પર લટકતો મળી આવ્યો હતો. સૌપ્રથમ સચિનને તેના વતન ઉન્દિરખેડેની પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જોકે ત્યાં તેની હાલત બગડી હતી. ત્યારબાદ પરિવારે તેને ધૂળેની હોસ્પિટલમાં દાખલ કર્યો હતો, પરંતુ ડોકટરોની કોશિશ છતાં ૨૪ ઓક્ટોબરે રાત્રે દોઢ વાગ્યાની આસપાસ તેનું અવસાન થયું હતું.

જળગાંવ જિલ્લાના વતની સચિને પુણેના એક આઇટી પાર્કમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે નોકરી કરવાની સાથે અભિનય માટેના લગાવને પણ વળગી રહી આગળ વધ્યો હતો.

# કાર્તિકી એકાદશી યાત્રા નિમિત્તે એસટી ૧,૧૫૦ વધારાની બસ દોડાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આ વર્ષે પંઢરપૂરમાં બે નવેમ્બરના થનારી કાર્તિકી એકાદશીની યાત્રા માટે રાજ્યભરમાંથી ઉમટનારા ભક્તો માટે સ્ટેટ ટ્રાન્સપોર્ટ દ્વારા વધારાની ૧,૧૫૦ બસ દોડાવવામાં આવવાની છે. પંઢરપૂરમાં સ્ટેટ ટ્રાન્સપોર્ટ ઓથોરિટીના નચંદ્રભાગાથ આ યાત્રા બસસ્ટોપ પરથી ૨૮ ઑક્ટોબરથી ત્રણ નવેમ્બર દરમ્યાન કાર્તિકી એકાદશી યાત્રા નિમિત્તે વધારાની બસ દોડાવવામાં આવશે. અહીં ડેપોમાં ૧,૦૦૦ બસની પાર્કિંગની વ્યવસ્થા છે. એકાદશીના દિવસે એસટી બસને કારણે ટ્રાફિક જૅમ થાય નહીં તે માટે નચંદ્રભાગાથ બસ સ્ટોપ પર ૧૨૦ કરતા વધુ એસટી કર્મચારી હાજર રહેશે. બસના સમારકામ અને દેખરેખ માટે સ્વતંત્ર વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પંઢરપૂર શહેરની બહાર રોડ પર બસ બગડી જાય તો તેનું સમારકામ કરવા માટે ખાસ ટીમ તહેનાત કરવામાં આવી છે. ગર્ભવતી માતા અને નાના બાળકોને સાથેની મહિલાઓને માટે બસ સ્ટોપ પર ખાસ અલાયદા કક્ષની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ યાત્રા દરમ્યાન ૪૦ કરતા વધુ પ્રવાસીઓ એક થઈને પોતાના ગામમાંથી પંઢરપૂર જવા માટે એસટી ઓથોરિટી પાસે બસની માગણી કરશે તો તેમને ઉપલબ્ધ કરી આપવામાં આવશે એવું આશ્વાસન સ્ટેટ ટ્રાન્સપોર્ટ દ્વારા આપવામાં આવ્યું છે. સિનિયિર સિટીઝન અને મહિલાઓ માટે ૫૦ ટકા અને ૭૫ વર્ષથી ઉપરના નાગરિકો માટે મફત પ્રવાસની સગવડ રહેશે. ગયા વર્ષે કાર્તિકી યાત્રામાં સ્ટેટ ટ્રાન્સપોર્ટે લગભગ ૧,૦૫૫ વધારાની બસ દોડાવી હતી, તેમાં લગબગ ૩ લાક ૭૨ હજાર પ્રવાસીઓએ પ્રવાસ કર્યો હતો અને લગભગ છ કરોડની આવક રળી હતી.

# ઘાટકોપરની ઈમારતમાં આગઃ કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપર (પશ્ચિમ)માં રેલવે સ્ટેશન પાસે આવેલા મેટ્રોપોલ બિલ્ડિંગના બીજા માળે સોમવારે સાંજે આગ ફાટી નીકળી હતી. આગ ૧૫ મિનિટમાં જ નિયંત્રણમાં આવી ગઈ હતી. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું. ઘાટકોપર (પશ્ચિમ)માં ઝુનઝુનવાલા કોલેજ નજીક ગ્રાઉન્ડ પ્લસ ૧૩ માળની બહુમાળીય કમર્શિયલ ઈમારત આવેલી છે. સાંજના લગભગ ૫.૫૦ વાગ્યાની આસપાસ ઈમારતના બીજા માળા પર બંધ રહેલી ઓફિસમાં આગ લાગી હતી. ઘટનાસ્થળે ફાયરબ્રિગેડે પહોંચી ગઈ હતી. ને ૧૫ મિનિટમાં આગ બુઝાવી દીધી હતી. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

ગયા અઠવાડિયે બહુમાળીય કમર્શિયલ બિલ્ડિંગમાં આગ લાગવાની બે મોટી ઘટના બની હતી. એક જોગેશ્વરી પશ્ચિમમાં જેએનએસ બિઝનેસ સેન્ટરમાં અને બીજી મલાડ પશ્ચિમમાં ફોર ડાયમેન્શન બિલ્ડિંગના કોલ સેન્ટરના પાંચમા માળે આગ લાગી હતી. સદ્નસીબે બંને બનાવમાં કોઈને ઈજા થઈ નહોતી. જોકે જોગેશ્વરીની બિલ્ડિંગમાંથી ૨૭ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા.

## નવમા પાનાનું ચાલુ

### ચક્રવાત 'મોન્થા'

માટે ચેતવણી આપવામાં આવી છે.

**હાલ વરસાદથી કોઈ રાહત નહીંઃ**

મુંબઈમાં રવિવારે મુશળધાર વરસાદ પડયા બાદ સોમવારે પણ અમુક વિસ્તારમાં હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ રહ્યો હતો. હવામાન વિભાગના કહેવા મુજબ મુંબઈગરાને કમોસમી વરસાદથી ગુરુવાર સુધી કોઈ રાહત મળવાની નથી. સોમવારે જાહેર કરેલી તેની પાંચ દિવસની આગાહીમાં હવામાન વિભાગે જણાવ્યું હતું કે ગુરુવાર સુધી મુંબઈમાં મધ્યમથી ભારે વરસાદ ચાલુ રહેશે. રવિવારે અગાઉ હવામાન વિભાગે મંગળવાર સુધી યલો અલર્ટની ચેતવણી આપી હતી.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ સોમવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધીમાં સાંતાક્રુઝમાં ૨૩ મિ.મી. અને કોલાબામાં ૩૭ મિ.મી. વરસાદ નોંધાયો હતો. મુંબઈની સાથે જ થાણે, રાયગઢ, રત્નાગિરી અને સિંધુદુર્ગ માટે પણ યલો અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તો પાલઘરમાં ૩૧ ઓક્ટોબરના પણ યલો અલર્ટ રહેશે. મુંબઈમાં કમોસમી વરસાદને પગલે ગરમીથી મોટી રાહત મળી છે. સોમવારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૩.૫ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૦.૭ ડિગ્રી ઓછું હતું. જ્યારે કોલાબામાં મહત્તમ તાપમાન ૩૧.૨ ડિગ્રી હતું જે સામાન્ય કરતા ૨.૫ ડિગ્રી ઓછુ હતું.

### બેઠકોની વહેંચણીમાં

કોર્પોરેટરોની સંખ્યા સતત વધી રહી છે, તેથી મહાગઠબંધનમાં મોટા ભાઈ તરીકે, ભાજપ બેઠકોની ફાળવણીમાં શક્ય તેટલી વધુ બેઠકો મેળવવાનો પ્રયાસ કરશે. ૨૦૧૨ સુધી મુંબઈ મહાનગરપાલિકામાં ભાજપના કોર્પોરેટરોની સંખ્યા ફક્ત ૩૦ હતી. છેલ્લા ૩૦ વર્ષમાં મુંબઈ મહાનગરપાલિકામાં ભાજપને બહુ તક મળી નથી. છેલ્લે ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપે ૨૦૦ બેઠકો પોતાના દમ પર લડી હતી અને ૮૨ બેઠકો જીતી હતી. જોકે, તેણે મેયર પદનો આગ્રહ રાખવાને બદલે માત્ર ટેકો આપ્યો હતો. તેથી ભાજપ આ વખતની ચૂંટણીમાં કોઈપણ સંજોગોમાં બેઠક ફાળવણીમાં સમાધાન કરશે નહીં, એવી ચર્ચા છે.

મુંબઈ મહાનગરપાલિકામાં શિવસેના (ઠાકરે) પક્ષ છેલ્લા ૩૦ વર્ષથી સત્તામાં હતો. તેમાંથી, શિવસેના ભાજપ ૨૫ વર્ષ સુધી સત્તામાં હતી. તેથી જ્યારે ભાજપના પ્રતિનિધિઓ મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચારના આરોપો લગાવે છે,ત્યારે તમે પણ સત્તામાં હતા એવો પ્રશ્ન કરવામાં આવે છે. પરંતુ ભાજપ ક્યારેય ૬૦ થી ૭૦ થી વધુ બેઠકો પર ચૂંટણી લડી શક્યું નથી, એમ મુંબઈ ભાજપ પ્રમુખ અમિત સાટમે મીડિયા સાથેની વાતચીત દરમિયાન જણાવ્યું હતું. સાટમે એમ પણ કહ્યું હતું કે 'સિટિંગ ઉમેદવાર' કે ભૂતપૂર્વ કોર્પોરેટરનો મુદ્દો એટલો મહત્વપૂર્ણ નથી, પરંતુ તે વોર્ડની સમસ્યાઓથી કોણ વાકેફ છે અને કોણ બેઠક જીતી શકે છે તેના પર વધુ ભાર આપવામાં આવશે. ભાજપના પૂર્વ કોર્પોરેટર ભાલચંદ્ર શિરસાટે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે જૂની શિવસેનાના પતનને કારણે ભાજપ વિધાનસભાની માફક મુંબઈ મહાનગરપાલિકામાં પણ મોટો ભાઈ રહેશે.

### પોતાના ખર્ચે

સવાલ ઉઠાવ્યો છે, હું તેમને કહું છું કે ભારતીય જનતા પાર્ટી કાચના ઘરમાં રહેતી નથી. અમારા પર પથ્થર ફેંકવાનો પ્રયાસ ન કરો, દેવેન્દ્ર ફડણવીસે ચેતવણી આપી. ફડણવીસે એમ પણ કહ્યું છે કે તેઓ પહેલા દિવસથી જ જાણતા હતા કે વિપક્ષ વિવાદ ઉભો કરશે. ભાજપે પૈસા ખર્ચીને આ જગ્યા ખરીદી છે. જે લોકો જગ્યા પડાવી લેવા ટેવાયેલા છે તેમણે અમને પ્રશ્નો પૂછવા જોઈએ નહીં.

### વિદેશી ખાતામાં

વેપારી મૂકેશ ભાટિયા પ્રભાદેવીનો રહેવાસી છે, જ્યારે રાજસ્થાનના ત્રણ અને મૈસુરુનો એક છે. આમાંથી રાજસ્થાનના અને મૈસુરુના બે જણ કોર્ટમાં હાજર કરાયા હતા અને તેમને પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. દરમિયાન ભાટિયાની પૂછપરછમાં એવું જણાયું છે કે ઇન્ડોનેશિયન બૅંકમાં કંપનીના નામે ખાતું ખોલાવવામાં આવ્યું હતું, જેના થકી છેલ્લા ૧૪ મહિનામાં ૫૧૩ કરોડ રૂપિયાથી વધુના વ્યવહારો થયા હતા. આ વ્યવહારો શુક્રવારે ધરપકડ કરાયેલા સની લોઢા (૩૨) અને તેના સાગરીના નિર્દેશ અને નિયંત્રણ હેઠળ કરવામાં આવ્યા હતા. સનીએ પોલીસને જણાવ્યું હતું કે ઠગાઇની રકમ ક્રિપ્ટોકરન્સીનો ઉપયોગ કરીને વિદેશમાં મોકલવા માટે ઘણા બધા એજન્ટો અને બેન્ક ખાતાંનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે અમે આ સિન્ડિકેટના અન્ય સભ્યોની શોધ ચલાવી રહ્યા છીએ. ઉપરાંત વિદેશમાં ભંડોળ મોકલવા માટે ઉપયોગ કરાતી આંતરરાષ્ટ્રીય લિંકને ઓળખવાનો પ્રયાસ પણ કરવામાં આવી રહ્યો છે.

### થાણેમાં આપલા દવાખાના

વગર સેવા બંધ કરી દીધી હતી. કર્મચારીઓ બેરોજગાર થઈ ગયા હતા. થાણે પાલિકાએ આ કંપનીને ૫૬ લાખ રૂપિયાનો દંડ લાદયો હતો પણ કંપનીએ હજી સુધી ચુકવ્યો નથી. 'આપલા દવાખાના'ના સ્ટાફ અને સ્થાનિક વિધાનસભ્યની ફરિયાદ બાદ જાગેલા થાણે પાલિકા કમિશનર સૌરભ રાવે ડૉકટર અને કર્મચારીઓનો પગાર તેમ જ ભાડા મેડ ઓન ગો હેલ્થ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના થાણે પાલિકા પાસે જમા રહેલી લગભગ પોણા ત્રણ કરોડ રૂપિયાની બૅંક ગૅરેન્ટીમાંથી ચૂકવવામાં આવશે એવું આશ્વાસન આપ્યું હતું. સોમવારે થાણે પાલિકા પ્રશાસને નાગરિકોને થઈ રહેલી અગવડને ધ્યાનમાં રાખીને થાણે પાલિકા વિસ્તારમાં વધારાના ૧૨ 'આપલા દવાખાના' શરૂ કરવાની જાહેરાત કરી હતી.

### થાણેમાં સગીર

મદદ માટે બૂમો પાડવા થતાં આરોપી ત્યાં જ ઊભો રહ્યો હતો અને તેને બચાવવાનો પ્રયાસ કર્યો નહોતો. સગીરાના ઘરમાંથી ધુમાડો આવતો જોઇને પડોશીઓએ તાત્કાલિક તેના પિતાને તેની જાણ કરી હતી. બાદમાં એક શખસે આરોપીને કૉલ કર્યો હતો અને સગીરાને હોસ્પિટલ લઇ જવાની સૂચના આપી હતી. આ ઘટના બાદ આરોપીને તાબામાં લેવાયો હતો અને તેને જુવેનાઇલ કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો. કોર્ટના આદેશ બાદ તેને બાળસુધારગૃહમાં મોકલી અપાયો હતો. કાપુરબાવડી પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૯ (હત્યાનો પ્રયાસ) અને ૩૫૧ (૨) (ફોજદારી ગુનો) હેઠળ ગુનો દાખલ કરાયો હતો. (પીટીઆઇ)

## જૈન મરણ

**ઝા. વી. શ્રી. મૂ. પૂ. જૈન**

બોટાદ નિવાસી હાલ કાંદિવલી હરગોવિંદદાસ ઉજમશીભાઇ બગડિયાના પુત્ર સુમતિભાઇ (ઉં. વ. ૬૯) તા. ૨૪-૧૦-૨૫ શુક્રવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે મિતાબેનના પતિ. તે રિદ્ધિ મિતુલ શાહ, નિધિ આર્યન ગાગિયા ચાંદની હિતેશ વોરાના પિતાશ્રી. સ્વ. પ્રવીણભાઇ (બુધાભાઇ) સ્વ. લલિતભાઇ, સ્વ. હર્ષદભાઇ, સ્વ. કિરણભાઇ, દિલીપભાઇ તથા સ્વ. યોગેશભાઇના ભાઇ. સ્વ. ગજરાબેન, સ્વ.જશીબેન (સ્વ. તારાબેન) સ્વ. વિમળાબેન, કુંદનબેન, ચેતનાબેન તથા બિનાબેનના ભાઇ. કાંતિલાલ ઉજમશીભાઇ કુવાડીયાના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. નિર્મળાબેન અમીચંદભાઇ મહેતાના સુપુત્ર હર્ષદભાઇ (ઉં. વ. ૭૬) રવિવાર તા. ૨૬-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ડો. હેમાંગના પિતા. ડો. રામ્યાના સસરા. મ. સ. આત્મીકાજીના સંસારી પતિ. મ. સ. અસ્મિતાજીના સંસારી પિતા. બેંગલોર નિવાસી સ્વ. વિજયાબેન, હરજીવનદાસ ગાંધીના જમાઇ. તે સ્વ. દિલીપભાઇ, તથા સુશીલાબેન, સ્વ.સુરેશભાઇ, સ્વ. સુધાબેન-સ્વ. નરેન્દ્રભાઇ, પ્રતીમાબેન-વિનોદભાઇ, રેખાબેન-જયંતીભાઇ, નીતાબેન-વિજયભાઇના ભાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રોહીશાળા નિવાસી હાલ મલાડ સ્વ. હસમુખરાય ઉજમશી શાહના ધર્મપત્ની ગં. સ્વ. વીલાસબેન (ઉં. વ. ૭૭) તા. ૨૫-૧૦-૨૫ના શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે નયન તથા વંદના (જુલી)ના માતુશ્રી. તે હિરેન સુરેશભાઇ મગીયાના સાસુ. તે સ્વ. હંસાબેન માણેકલાલ ટોલીયા (શાહના) દીકરી. સ્વ. નગીનભાઇ, સ્વ. પ્રતાપભાઇ, સ્વ. શોભનાબેન ભૂપતરાય અવલાણીનાં ભાભી. અનીલભાઇ, અરુણાબેન કિરણભાઇ ભાયાણી, માલતીબેન, બીનાબેન કલ્પેનભાઇ દોશીના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. બી-૪૦૩, નંદનવન સોસાયટી, નર્સિંગ લેન, મલાડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

હળવદ નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. પ્રતાપભાઇ અમૃતલાલ શાહના પુત્ર અમીત (ઉં. વ. ૫૨) તે વૈશાલીના પતિ. તે નકુલ, જીયાનના પિતાશ્રી. સમીર તથા વિશાલના મોટાભાઇ. તે નરેન્દ્રભાઇ, હર્ષાબેન હરેનભાઇ શાહ તથા અવનીબેન પ્રકાશ તુરખીયાના ભત્રીજા. સસુર પક્ષે રસીલાબેન અરવિંદભાઇ ઇદ્રાણીના જમાઇ તા. ૨૭-૧૦-૨૫ના સોમવારના સ્વર્ગસ્થ થયેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે. ઠે. ૮, ખેતાન હાઉસ, સેન્ટ ઝેવીયર્સ સ્કૂલની સામે, ચર્ચરોડ, વિલેપાર્લે (વેસ્ટ).

**દશા શ્રીમાળી હાલાર સ્થાનકવાસી જૈન**

જામનગર નિવાસી હાલ સાયન, ગં. સ્વ. નલીનીબેન છાપિયા (ઉં. વ. ૯૦) તે સ્વ. વિનોદરાય વૈકુંઠરાય છાપીયાના પત્ની. અભયભાઈના માતુશ્રી. ડોલીબેનના સાસુ. ઊર્મિબેન અને ઋષભભાઈના દાદી. શ્રુતિબેનના દાદીસાસુ. સ્વ. સુરેન્દ્રભાઈ આણંદલાલ શેઠ અને નીલાબેન જગદીશભાઈ સંઘવીના બેન, રવિવારે તા. ૨૬.૧૦.૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વવાણીયા નિવાસી હાલ મિરારોડ, ગં. સ્વ. નિરુપમાબેન વોરા (ઉં. વ. ૮૩) તે સ્વ. વ્રજલાલ લવજી વોરાના પત્ની. અજીત, આશિતા રાજેશ દોશી તથા દીપ્તિ વિજય ચોટલીયાના માતા. સ્વ. કમલાબેન દિલસુખરાય કામદારના પુત્રી. સ્વ. કુંદનબેન રમણીકલાલ દોશી, સ્વ. પ્રફુલભાઈ, મુકુંદભાઈ, લલિતભાઈ, પ્રતિભા ભુપતરાય બાવીશી, સરયુ રમેશ કોઠારીના બેન. અ. સૌ. મમતાના સાસુ. અર્થ, તીર્થ, યશ, ઈશા તથા આર્યના દાદી/નાની. રવિવારે તા. ૨૬/૧૦/૨૦૨૫ને અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મૂળ ભારોલી ભાવનગર હાલ બોરીવલી, હીરાબેન ચુનીલાલ મગનલાલ મહેતા (ઉં. વ. ૮૫) તે નરોત્તમભાઈ, ચંપકભાઈ, દલિચંદભાઈ, જયંતીભાઈ, નાનુભાઈ, કંચનબેન રતિલાલ દોશીના ભાભી, અશ્વિન (કાળુ), કૌશિક, ધર્મેન્દ્ર (બકુલ), ધીરેન્દ્ર (અતુલ), જ્યોતિ મુકેશભાઈ શાહના માતુશ્રી, ભાવના, ડેલર, દક્ષા, બીના, મુકેશકુમારના સાસુ. ધરવ-નિયતિ, ભવ્ય-નિધિ, કરણ-વિધિ, જૈનમ, રાજ, આર્ય, અંતરા, મોહિત, પૂજેશ, કેવિનના દાદી - નાની, પિયરપક્ષે બચુલાલ મોહનલાલ શાહ , સુરજબેન બચુભાઇ શાહના બહેન. તા. ૨૪.૧૦.૨૫ને શુક્રવારે અરિહંતશરણ થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૮.૧૦.૨૫ને મંગળવારે ૧૦ થી ૧૨. સ્થળ- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી બેતાલીસ જૈન**

ગામ કૈયલ હાલ કાંદિવલી, અ. સૌ. જ્યોત્સનાબેન પ્રબોધભાઇ શાહ (ઉં. વ. ૭૦) તા. ૨૫/૧૦/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. પ્રબોધભાઇ બાબુલાલ શાહના ધર્મપત્ની. સ્વ. શારદાબેન બાબુલાલ શાહના પુત્રવધૂ. હર્ષ અને ચિંતનના માતુશ્રી. અંકિતા, કિંજલના સાસુ. સ્વ. કાંતાબેન પિનાકીનભાઈ શાહના પુત્રી. તા. ૨૮/૧૦/૨૫ મંગળવારના ૫ થી ૭. સ્થળ - શ્રી હાલાઇ લોહાણા બાલાશ્રમ., મથુરાદાસ એક્સ્ટેન્શન રોડ, અતુલ ટાવર, કાંદિવલી વેસ્ટ.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વે. મુ. પૂ. જૈન**

ધોલેરા નિવાસી હાલ બોરીવલી, સ્વ. શારદાબેન વાડીલાલ હીરાચંદ પારીના પુત્ર મહેન્દ્રભાઈ (ઉં. વ. ૭૮) તા. ૨૫/૧૦/૨૫ શનિવારના અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. નિલમબેનના પતિ. આશિષ, મીતા તથા દીપ્તીના પિતા. સ્વ. હેતલ, તિમિરકુમાર તથા નયનકુમારના સસરા. સ્વ. રજનીભાઇ, સ્વ. દિનેશભાઇ, સ્વ. ભુપેન્દ્રભાઈ, સ્વ. નીતિનભાઈ તથા સ્વ. ભારતીબેનના ભાઈ. સ્વ. મનસુખલાલ લક્ષ્મીચંદ ગાંધી, વાગરા - ભરૂચના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેશલપુર (કંઠી)ના હરખચંદ વિજપાર દેઢિયા (ઉં. વ. ૭૮) ૨૬-૧૦ના અવસાન પામ્યા છે. ઉમરબાઈ વિજપારના સુપુત્ર. ચંદનબેનના પતિ. જીજ્ઞા, ભાવિન, અમિતના પિતા. ધનજી, હરીલાલ, નાની ખાખર કુંવરબાઈ વીરજી, મોટી ખાખર મોંઘીબેન ડુંગરશી, ટોડા હેમલતા કેશવજી, નાના ભાડિયા દિવાળીબેન નવિનચંદ્રના ભાઈ. પ્રાગપુર રૂક્ષ્મણીબેન પ્રેમજી ગડાના જમાઈ. ચક્ષુદાન કરેલ છે. પ્રા. શ્રી વ. સ્થા. જૈ. શ્રા. સંઘ સંચાલીત કરસન લઘુ નિસર હોલ, દાદર. ટા. ૨.૦૦ થી ૩.૩૦ ક. ઠે. ચંદન દેઢિયા, ૧૭૭/૨/૨, લોઅર ડેપો પાડા, પાર્ક સાઈટ કોલોની, વિક્રોલી (વે.).

ટોડા (હાલે સોલાપુર)ના કેશવજી લઘુભાઇ ગોગરી (ઉં. વ. ૮૫) તા. ૨૫-૧૦-૨૫ના અવસાન પામેલ છે. ચોથીબાઇ લઘુભાઇના પુત્ર. ઉર્મીલાબેનના પતિ. હેમંત, જયેશ, કવિતાના પિતાશ્રી. વડાલા સુંદરબેન કાનજીના જમાઇ. કપાયા દેવકાંબેન લાલજી, દેવજી, ધનબાઇના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. હેમંત કેશવજી, ૧૨, આશીર્વાદ એપાર્ટમેન્ટ, ૧૪૦, રેલ્વે લાઇન, સોલાપુર-૭.

કાંડાગરાના ખીમજી દેવજી છેડા (ઉં. વ. ૮૭) ૨૬-૧૦ના અવસાન પામેલ છે. જીવીબેન/પાનબાઇ દેવજીના પુત્ર. સરલાના પતિ. રશ્મી, નીશા અને અમિતના પિતા. સ્વ. નવિન, જયંતી, રેખા (મનુ)ના ભાઇ. નાગલપુરના મણીબેન વેલજીના જમાઇ. પ્રાર્થના અમદાવાદમાં રાખેલ છે. ચક્ષુદાન કરેલ છે. નિ. અમિત છેડા, ૫૦૧, કોઠાવાલા ફ્લેટસ, પ્રીતમનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬.

ભોરારાના ઇંદીરાબેન કલ્યાણજી રાયશી ખીમસીયા (ઉં. વ. ૮૦) તા. ૨૬-૧૦-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મોંઘીબાઇ રાયશી મુરજીના પુત્રવધૂ. કલ્યાણજી રાયશીના પત્ની. ભાવિ, દીપાના માતુશ્રી. બારોઇના સાકરબેન જગશી કેનીયાના સુપુત્રી. જયેન્દ્રા, તૃપ્તી, ચંદ્રેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપા ખીમસીયા, સ્ટેલેગ, બીલ્ડીંગ નં. ૧૭, એ વિંગ, ૧૨ માળે, યુનીયન બેંકની બાજુમાં, તિલકનગર, મું.૮૯.

બિદડાના વિનોદ રતનશી દેઢીયા (ઉં. વ. ૭૦) તા. ૨૬-૧૦-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. દેવકાબેન રતનશીના સુપુત્ર. કિરણબેન (કસ્તુર)ના પતિ. દિશાના પિતા. સ્વ. હંસરાજ લક્ષ્મીચંદ, સ્વ. નવિન, સ્વ. ચંચળબેનના ભાઇ. મોટી ઉનડોઠના સ્વ. સુંદરબેન જેઠાલાલના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિનોદ દેઢીયા, ૩/એ, જય મહાવીર દર્શન, ગ્રાઉન્ડ ફ્લોર, કાર્ટર રોડ નં. ૫ની સામે, બોરીવલી (પૂર્વ).

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

ગામ જામકલ્યાણપુરવાળા હાલ કાંદિવલી, સ્વ. અરવિંદભાઇ વલ્લભદાસ સોનેચાના ધર્મપત્ની. ગં. સ્વ. હંસાબેન સોનેચા (ઉં. વ. ૮૦) તા. ૨૬-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. કલ્પેશભાઇ તથા મીના સુનીલભાઇ કાપડીયા તથા બેલા રાજેશભાઇ સવજાણીના માતુશ્રી. પાયલ કલ્પેશ સોનેચાના સાસુ. પાર્થ, ધૈર્યના દાદીમા. સોનાલી દવનીત કોઠારી તથા આદિત્ય, જશના નાની. રામકુંવરબેન રામજીભાઇ તન્નાના દીકરી. પ્રાર્થનાસભા તા. ૨૮-૧૦-૨૫ના પાવનધામ (મહાવીર નગર)ના સાંજે ૪થી ૬.

**કચ્છી ભાટીયા**

ગં. સ્વ. ગુણવંતી માધવ સંપટ (ઉં. વ.૯૦) તે સ્વ. માધવ કરસનદાસ સંપટના પત્ની. સ્વ. ધનબાઇ અને સ્વ. વલ્લભદાસ પરસોતમ ગાજરિયાના પુત્રી. સ્વ. યશવંત, સ્વ. પ્રતાપ, સ્વ. વિજય, સ્વ. હેમલતાના ભાભી. સ્વ. પરેશ-ભાવના, હરેનના-માતુશ્રી. શ્વેતા, પૂજાના દાદી. રાહુલ, અ. સૌ. હિમાના કાકી. તા. ૨૬-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

શિહોરવાળા (હાલ ઘાટકોપર) સ્વ.ગુલાબબેન હીરાલાલ કેશવજી મહેતાના પુત્ર વિનોદ (ઉં. વ. ૭૫) શનિવાર તા. ૨૫-૧૦-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. વિણાબેનના પતિ. સ્વ. મયુર, જીજ્ઞા તથા નીરવનાં પિતા. સ્વ. મનસુખભાઇ તથા યોગેશના ભાઇ. લેખાબેનના જેઠ. અહમદનગરવાલા સ્વ. દયાળદાસ નથુભાઇ મહેતાના જમાઇ. સાદડી તથા સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

નખત્રાણાવાળા હાલ વાશી નવી મુંબઇ સ્વ. નર્મદાબેન નરસી દાવડાના પુત્ર સ્વ. જમનાદાસના ધર્મપત્ની ગં. સ્વ. શારદાબેન (મંજુલાબેન) (ઉં. વ.૮૬) તા. ૨૫-૧૦-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. સીતાબેન ચત્રભુજ કારિયા વિંઝાણવાળાના સુપુત્રી. તે દેવયાનીબેન જયેશભાઇ રૂપારેલ, સ્વ. પરેશભાઇ, સ્વ. શૈલેષભાઇ, રાજેશભાઇ અને સંગીતાબેન પંકજભાઇ મહેતાના માતુશ્રી. રીટાબેન, પદમાબેન, મીરાબેનના સાસુ. પૂજાબેન નિતેશભાઇ રાઠોર, પ્રેરણા, તાનયા, મંથન, સાગર, કરણના દાદી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ વિસાનાગર વણિક સમાજ**

મૂળ વતન માણસા હાલ મુંબઇ સ્વ. રંજનબેન સુરેશચંદ્ર શાહ (ઉં.વ. ૮૦) તા. ૨૬-૧૦-૨૫ના રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સુરેશચંદ્ર વલ્લભદાસ શાહના ધર્મપત્ની તથા ધીરેનભાઇ, સંગીતા, સોના તથા મનીષના માતુશ્રી. પ્રાર્થનાસભા ઠે. હાલાઇ લુહાણા મહાજનવાડી, કુંભાર ટુકડા, ટેકસી સ્ટેન્ડ. પરમાનંદ વાડીની સામે, ૧લે માળે, ભુલેશ્વર, મુંબઇ-૨. સાંજે ૫થી ૭.

**વીશા સોરઠીયા વણિક**

જયોત્સનાબેન પ્રવીણચંદ્ર શાહ લોહેજવાળા (હાલ મુંબઇ) (ઉં.વ. ૮૬) તા. ૨૫-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે દીપ્તિબેન, મનીષભાઇ, જિજ્ઞાબેન તથા ફાલ્ગુનીબેનના માતુશ્રી. તે સુજાતાબેન, કમલેશભાઇ, મયુરભાઇ, રશ્મિકાંતભાઇના સાસુ. અમન, જેસી, સાહિલના દાદી. રિગલ એપાર્ટમેન્ટ એસ. વી. રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ), લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મૂળ વંથલી નિવાસી હાલ બોરીવલી (વેસ્ટ) ગં. સ્વ. કલાવતીબેન કાંતિલાલભાઇ ટોકલા (ઉં. વ.૮૩) તે સ્વ. કાંતિલાલ લીલાધર ટોકલેના ધર્મપત્ની. સ્વ. ઘેલાભાઇ પરમાણંદ છાટબારના દીકરી. તે નયનભાઇ કાંતિલાલ ટોકલે. દિપાબેન મનોજકુમાર જાજલ, ચારુબેન ઇમેશકુમાર પટેલના માતુશ્રી. ફાલ્ગુનીબેનના સાસુ. યશ અને માહીના દાદી. તા. ૨૬-૧૦-૨૫ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી વણિક**

મનહરલાલ ભગવાનદાસ ગાંડાણી ગઢાળી નિવાસી હાલ ઘાટકોપર (ઉં. વ. ૮૮) તે કોકિલાબેનના પતિ. ઉષા, રૂપા, નિમેશ, ધર્મેશના પિતા. સ્વ. નરેશભાઇ, સંજયભાઇ, રૂપાલીબેનના સસરા. સ્વ. નરોત્તમભાઇ, સ્વ. જયંતીભાઇ, સ્વ. હીરાબેન, સ્વ. કાંતાબેન, સ્વ. ગુણીબેન, મેનાબેન, રંજનબેનના ભાઇ. શૈલી આકાશ મોદી, માનવ, કેશવીના દાદા. સ્વ. ગંભીરદાસ નારણદાસ મહેતલીયાના જમાઇ. રવિવાર, તા. ૨૬-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર, તા.૨૮-૧૦-૨૫ના સાંજે ૪.૩૦થી ૬. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર (પૂર્વ).

**કચ્છી લોહાણા**

સ્વ. બબીબેન લક્ષ્મીદાસ ભોજરાજ ઘીરાવાણી કચ્છ કોઠારાના પૌત્ર હાલ ઘોડબંદર થાણાવાળા, સંજય ધીરવાણી (ઉં. વ. ૫૮) તા. ૨૪.૧૦.૨૫ને શુક્રવાર શ્રીરામશરણ પામ્યા છે. તે ગં.સ્વ. રૂક્ષ્મણીબેન તુલસીદાસનાં પુત્ર. કલ્પનાબેનના પતિ. ભાવિક તથા પ્રેક્ષાનાં પિતા. અ. સૌ. અલ્પા પરેશ દાવડા મંચરવાલાનાં ભાઈ, ગં. સ્વ. રૂપાબેન હરીશભાઈ પીપરાણી ગુંદાલાવાલાના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**મોડાસા એકડા વિસા ખડાયતા મોદી**

સાથંબા નિવાસી હાલ મુંબઈ, ભદ્રેશભાઈ શાહ (ઉં. વ. ૬૮) તા. ૨૦/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જયંતીલાલ મૂળજીદાસ જેઠાલાલ શાહ લશ્કરીના પુત્ર. નયનાબેનના પતિ. આકાશ, રોનકના પિતા. ખુશ્બુના સસરા. ચેતન, અલ્કેશ, વર્ષાના ભાઈ. સ્વ. કાશીબેન ભાઈચંદદાસ નાનચંદ શાહના જમાઈ. બંને પક્ષનું બેસણું મંગળવાર તા. ૨૮/૧૦/ ૨૫ના ૪ થી ૬. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ હોલ, એલ.ટી.રોડ, ડાયમંડ થીએટરની સામે, બોરીવલી વેસ્ટ.

**નાથેર દશા શ્રીમાળી વણિક**

સામતેર નિવાસી હાલ બોરીવલી, સ્વ. હરખચંદ પુરસોત્તમ શાહ અને સ્વ.જમનાબેન શાહના પુત્ર પ્રદીપભાઈ શાહ (ઉં. વ. ૭૪) તા. ૨૪/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે શ્રીમતી દિપીકાબેનના પતિ. ફોરમ, દર્શનના પિતા. નીલેત્રા તથા મોનીકાના સસરા. દેવયાનીબેન, સરોજબેન, રજનીબેન, ભરતભાઈના ભાઈ. સ્વ.મનોરમા રમેશચંદ્ર શાહના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ બોરીવલી, અરુણાબેન મોદી (ઉં. વ. ૮૩) તા.૧૭/૧૦/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.કનૈયાલાલ કેશવજી મોદીના ધર્મપત્ની, નિલેશ અને ભાવનાના માતુશ્રી. અનિતા, દિનેશ કનૈયાલાલ મહેતાના સાસુ. સાસરાપક્ષે સ્વ. નિર્મળાબેન, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. જસવંતભાઈ, સ્વ. જયોતિબેન, શારદાબેન, મધુરીબેન, નયનાબેનના ભાભી. પિયરપક્ષે અમરેલીવાળા સ્વ. દુર્લભદાસ પ્રભુદાસ સંઘવીના દીકરી. સ્વ. શરદભાઈ, દિલીપભાઈ, ગં. સ્વ. હંસાબેન બાલકૃષ્ણ મહેતાની બેન. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

નવાપુરવાળા સ્વ. સવિતાબેન કેશવલાલ શાહના પુત્ર સ્વ. અશોકકુમારના ધર્મપત્ની ઉષાબેન (ઉં. વ. ૭૬) તે અમરભાઈ, નયનભાઈના માતૃશ્રી. હેમાબેનના સાસુ. નવાપુરવાળા સ્વ. રસીલાબેન ઠાકોરલાલ મહેતાના પુત્રી. ગોપી, રાશીના દાદી. સુરત મુકામે તા. ૨૬.૧૦.૨૦૨૫ને રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ ભાટિયા (વીરજીયાણી)**

તરલાબેન (તનુ) (ઉં. વ. ૮૫) તા. ૧૫-૧૦-૨૫ને બુધવારે શ્રીજીચરણ પામ્યાં છે. તે ઝવેરબેન (ધીબા) રામદાસ દ્વારકાદાસ સંપટનાં પુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

ફેની ધનજીશા ચાવદા તે મરહુમો શેરુ ધનજીશા ચાવદાના દીકરી. તે બાનુ, બેપસી, મરહુમો ઝરીન, કુમીના બહેન. તે યાસમીન, હનોઝ, નાઝનીન, કૈઝાદના માસી. (ઉં. વ. ૬૫) રે. ઠે. ૩૦૪, બાઇ માનેકબાઇ પી.બી. જીજીભોઇ મેમોરીયલ બિલ્ડિંગ,સી-વિંગ, બંદર રોડ, બે કૂવા આગળ, વલસાડ-ગુજરાત, ૩૦૬૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૮-૧૦-૨૫ને દિને બપોરે ૩.૪૫ વાગે બાટલીવાળા અગિયારીમાં છેજી.

રોશન મીનુ દેબુ તે મરહુમ મીનુના ધન્યાની. તે મરહુમો બાનુબઇ કાવસજી કાકી. તે માલકમ ને ફ્રેદીના માતાજી. તે મરહુમ બોમીના બહેન. તે મહારુખના નરણ. તે તેહમતન ને જાદ ને મરહુમો બરજોર ને અસપીના ભાભી. (ઉં. વ. ૮૭) રે. ઠે. ૬૯ હેરો રોડ, વેમબલી, મીડલસેક્સ, એચ. એ. ૯.૬. દી. ક્યુ, લંડન, યુનાઇટેડ કિંગડમ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

તન-મન-ધનથી રહો તરોતાજા

# My WPI- My Wealth Passing Instruments

મારું પોતાનું અર્થતંત્ર

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

રોકાણકારોમાં જાગરૂકતા લાવવા માટેના એક કાર્યક્રમમાં શ્રોતાઓમાંથી એકે મને સવાલ કર્યો :

'તમારા મતે માણસે વસિયતનામું ક્યારે બનાવવું જોઈએ?'

આવો સવાલ જ્યારે પણ પૂછાય ત્યારે મારો સ્ટાન્ડર્ડ જવાબ હોય છે :

'તમે જ્યારે પહેલું બેન્ક ખાતું ખોલાવો ત્યારે.'

મારા આ જવાબમાં ક્યાંક થોડી અતિશયોક્તિ હોઈ શકે છે, કારણ કે જો સગીર વયની વ્યક્તિનું બેન્ક ખાતું ખોલાવ્યું હોય તો વસિયતનામું બનાવવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી!

જોકે, મારા જવાબ પાછળનું કારણ એ છે કે જ્યારે પણ માણસ બેન્કમાં ખાતું ખોલાવે ત્યારથી જ સંપત્તિસર્જન શરૂ થઈ જતું હોય છે અને જે ઘડીએ સંપત્તિનું સર્જન થાય તે જ ઘડીથી તેને સ્વજનોને આપવા વિશેનો વિચાર શરૂ થવો જોઈએ. ભલે એ સંપત્તિ કમાનારના મરણ પછી આપવાની હોય, તેનું વસિયતનામું પહેલેથી જ તૈયાર કરેલું હોવું જોઈએ.

હવે આપણે સંપત્તિનો વારસો આપવાના બે તબક્કાની ચર્ચા કરીએ. પહેલા તબક્કામાં એ જોવું જોઈએ કે વ્યક્તિના મરણ સમયે તેની તમામ પ્રકારની સંપત્તિ કોઈ સ્વજનના અખત્યાર હેઠળ હોય. આ કામ નોમિનેશન દ્વારા શક્ય બને છે.

અહીં મને મુંબઈથી અમદાવાદ વચ્ચેના મારા પ્રવાસ દરમિયાન થયેલા અનુભવની વાત કરું. એ દિવસે બે જણ કંઈક આવી વાતચીત કરી રહ્યાં હતાં : 'હું છેલ્લા થોડા મહિનાઓથી આમથી તેમ ધક્કા ખાઈ રહ્યો છું. મારા પપ્પાએ બેન્કમાં ઘણી મોટી રકમ ફિક્સ્ડ ડિપોઝિટ તરીકે રાખી હતી, પરંતુ નોમિનેશનમાં આવશ્યક ફેરફાર કરાવ્યો ન હતો. પહેલાં મારાં મમ્મીનું નામ નોમિની તરીકે હતું, પણ તેમનાં અવસાન પછી મારા પપ્પાએ નોમિનીમાં નામ બદલ્યું નહીં. પપ્પાના મૃત્યુ પછી હવે એ રકમ પાછી મેળવવામાં ઘણી તકલીફ થઈ રહી છે. એમ તો બેન્કના મેનેજર મને મદદ કરી રહ્યા છે, પણ તેમાં ઘણો સમય લાગી ગયો છે.'

આપણે જાણીએ છીએ કે નોમિનેશન કરાવવાથી નોમિનીને એ સંપત્તિનો અખત્યાર મળે છે, પણ સાથે જ એ પણ ધ્યાન રાખવું જોઈએ કે નોમિની તો એ ઍસેટના ટ્રસ્ટી જ કહેવાય. આખરે તો એ સંપત્તિ વસિયતનામા અનુસાર વારસદારને જ આપવાની હોય છે. જો વસિયતનામું ન હોય તો એ સંપત્તિનું શું કરવું તેને લગતા અનેક બીજા કાયદા પ્રમાણે કામ લેવું પડે છે.

**હવે વસિયતનામાના બીજા તબક્કા પર આવીએ.**

આપણે જાણી ગયા છીએ કે સંપત્તિ ધરાવનાર માણસના મરણ પછી તેની સંપત્તિ કોને આપવી એ જણાવતો દસ્તાવેજ એટલે વસિયતનામું. વસિયતનામું બનાવવાનું ઘણું સહેલું છે. સાદા કાગળ પર પણ એ લખી શકાય. કાયદો હાથે લખેલા વસિયતનામાનો સ્વીકાર કરે છે. ખરું પૂછો તો ક્યારેક હાથે લખેલા વસિયતનામા પર વિશ્વાસ મૂકવાનું વધારે સહેલું હોય છે. તેને 'હોલોગ્રામ વિલ' કહેવાય છે. વસિયતનામું સ્ટેમ્પ પેપર પર બનાવવું જરૂરી નથી. પોતાની પાસેની તમામ ઍસેટ્સની યાદી બનાવવી જોઈએ અને એમાંથી કઈ ઍસેટ કોને આપવાની છે એ સ્પષ્ટપણે લખવું જોઈએ. વસિયતનામું બનાવ્યા વગર મૃત્યુ પામેલી વ્યક્તિની સંપત્તિનું વિભાજન ઈન્ડિયન સક્સેસન ઍક્ટસ હિન્દુ લો, મુસ્લિમ લૉ વગેરેની જોગવાઈઓ પ્રમાણે થાય છે.

સંપત્તિ જેને મળવી જોઈએ તેને જ મળે એવું ઈચ્છતા હો તો નોમિનેશન અને વસિયતનામું એ બન્ને કરાવી લેવાં જોઈએ. તેનાથી સંપત્તિનું વિભાજન સહેલાઈથી થઈ શકે છે.

વસિયતનામું બનાવવાથી કંઈ યમરાજ કોઈના ઘરે વહેલા આવી જતા નથી. વસિયતનામું ડેશ વોરન્ટ નથી! વાસ્તવિક જીવનમાં જોવાં મળ્યું છે કે વસિયતનામું કર્યા વગર મૃત્યુ પામેલી વ્યક્તિના સ્વજનોનું જીવન પછીથી આ પૃથ્વી પર જ નરક સમાન બની જાય છે. આથી, વસિયતનામું બનાવવામાં ઢીલ કરવી જોઈએ નહીં.

મારા એક ફાઈનાન્શ્યલ પ્લાનર મિત્રે એક કોન્ફરન્સ દરમિયાન મારી સાથેની વાતચીતમાં કહ્યું, 'ગૌરવ, આજે હું મારા એક ક્લાયન્ટનું વસિયતનામું વાંચી રહ્યો હતો. એ રાજવી ઘરાણાના છે અને તેમની પાસે પુષ્કળ રિયલ એસ્ટેટ અને દર-દાગીના છે. તેમનું જટિલ વસિયતનામું બનાવવું તેનાં કરતાં તો કોઈ સંપત્તિ ન હોય એ જ સારું.'

આના પરથી કહી શકાય કે વસિયતનામું જરાપણ જટિલ કે અસ્પષ્ટ હોવું જોઈએ નહીં. ગૂંચવાડાભર્યું વસિયતનામું એ દર્શાવે છે કે વ્યક્તિ મરણ પછી પણ પોતાની આસક્તિ છોડવા માગતી નથી. માણસે મરણ પહેલાં જ અસલામતી દૂર કરી દેવી જોઈએ.

હવે પછી અર્થતંત્રના WPI (હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ)ની ચર્ચા કરતાં પહેલાં My WPI- My Wealth Passing Instrumentsની વાત કરજો.

મોંઘવારીનો ઈન્ડેક્સ ઊંચો જાય કે નીચો જાય, આપણે પછીની પેઢીને સંપત્તિ સોંપીને જવું જરૂરી છે. સંપત્તિની સોંપણીનું સાધન એટલે કે વેલ્થ પાસિંગ ઈન્સ્ટ્રુમેન્ટ એટલે વસિયતનામું.

સમીક્ષા તથા દેખરેખ


આ જગતમાં જો કંઈ કાયમ હોય તો એ પરિવર્તન છે. આથી જ આપણે આપણા નાણાકીય આયોજનમાં બદલાતા સમય પ્રમાણે પરિવર્તન-ફેરફાર લાવવું જરૂરી છે. એમ કરવાથી આપણે લક્ષ્ય તરફ જવાનો રસ્તો છોડીને આડા ફંટાતાં બચી જઈએ છીએ. એટલું જ નહીં, આપણાં લક્ષ્યો પણ બદલાઈ ગયાં હોય તો નવાં લક્ષ્યો પ્રાપ્ત કરી શકીએ છીએ. ■

---

ફાઈનાન્સના ફંડા

મિતાલી મહેતા
feedback@bombaysamachar.com

# આપવામાં આવેલા પાવર કરતાં એજન્ટ વધુ અધિકારનો ઉપયોગ કરી શકે નહીં...




આપણે હાલ પાવર ઑફ એટર્ની વિશે વાત કરી રહ્યા છીએ. પોતાના તથા પરિવારજનોના હિતનું રક્ષણ કરવા માટે આ દસ્તાવેજ કેટલો મહત્ત્વપૂર્ણ છે એ આપણે જોયું. આજે આપણે એને લગતી કેટલીક કાનૂની જરૂરિયાતો વિશે તથા એટર્નીનાં અધિકારો અને મર્યાદાઓ વિશે વાત કરીશું.

**પાવર ઑફ એટર્નીને લગતી કાનૂની જરૂરિયાતઃ**

પાવર ઑફ એટર્ની કરતી વખતે કેટલીક કાનૂની જરૂરિયાતોનું પાલન કરવું જરૂરી છે. કોઈપણ વ્યક્તિ પાવર ઑફ

એટર્ની કોઈપણ વ્યક્તિને આપી શકતી નથી. જે વ્યક્તિ કોઈની સાથે કોન્ટ્રાક્ટ કરવા માટે કાનૂની દૃષ્ટિએ સક્ષમ હોય એ જ વ્યક્તિ બીજી વ્યક્તિને પાવર ઑફ એટર્ની આપી શકે છે. અહીં ઇન્ડિયન કોન્ટ્રાક્ટ એક્ટ, ૧૮૭૨ની કલમ ૧૧લાગુ પડે છે. એ કલમ મુજબ જે વ્યક્તિની ઉંમર ૧૮ વર્ષ કરતાં વધારે હોય, જે વ્યક્તિ સાબૂત મગજ ધરાવતી અને અન્ય કોઈ કાયદાએ જેમને અપાત્ર ગણાવી નથી એ વ્યક્તિ કોન્ટ્રેક્ટ કરવા સક્ષમ ગણાય છે.

**એજન્ટ ઇન ફેક્ટના અધિકારો**

૧) એજન્ટ પાવર ઑફ એટર્નીમાં લખ્યું હોય એ નિર્દેશ અનુસાર પગલાં ભરી શકે છે અને પ્રિન્સિપાલના ઉત્તમ

હિતમાં કાર્ય કરી શકે છે.

૨) પ્રિન્સિપાલ વતી કાનૂની પગલાં ભરવાનો અધિકાર તથા તમામ આવશ્યક કાનૂની દસ્તાવેજ ઉપર સહીકરવાનો અધિકાર એજન્ટ ધરાવે છે. એ પાવર ઑફ એટર્નીને લગતા તમામ મુદ્દા સંભાળવાનો, એના સંદર્ભે બાંધછોડ કરવાનો, એનો ઉકેલ લાવવાનો અને આવશ્યક ફેરફાર કરવાનો અધિકાર ધરાવે છે.

૩) પ્રિન્સિપાલના વ્યક્તિગત વ્યવહારો બિઝનેસના કામકાજો તથા આર્થિક બાબતોમાં નિર્ણય લેવાનો અધિકાર એજન્ટ ધરાવે છે, જેમાં પ્રિન્સિપાલ માટે ભાડું ચૂકવવું, ઘરકામ માટે મજૂરોની નિમણૂક કરવી, પ્રિન્સિપાલ વતી રજૂઆત કરવા માટે વકીલ નિમણૂક કરવી, વગેરેનો સમાવેશ થાય છે.

૪) એજન્ટ કોઈપણ કોન્ટ્રાક્ટ એગ્રીમેન્ટ કે દસ્તાવેજ પર સહી કરવાનો, એ દસ્તાવેજ બનાવવાનો તથા ડિલિવર કરવાનો પણ અધિકાર ધરાવે છે. એ કોઈ કોન્ટ્રાક્ટ કે એગ્રીમેન્ટની પહોંચ આપવાનો અધિકાર પણ ધરાવે છે.

**એટર્ની ઈન ફેક્ટની મર્યાદા**

૧) જેમને પાવર ઑફ એટર્ની આપવામાં આવી હોય એ વ્યક્તિ એટલે કે એજન્ટ એમને આપવામાં આવેલા પાવર કરતાં વધુ અધિકારનો ઉપયોગ કરી શકે નહીં. જો પોતાને આપવામાં આવેલા અધિકારની ઉપરવટ એજન્ટ જાય તો તેના તમામ પરિણામ માટે એ પોતે અંગત રીતે જવાબદાર ગણાય છે. પ્રિન્સિપાલના ઉત્તમ હિતમાં ના હોય એવી કોઈ પ્રવૃત્તિ એજન્ટ કરી શકતા નથી.

૨) એજન્ટ પોતાની મન મરજી મુજબ કામ કરી શકે નહીં. વળી પોતાને આપવામાં આવેલા અધિકાર એ બીજા કોઈ એજન્ટને ટ્રાન્સફર કરી શકે નહીં.

૩) એજન્ટ પોતાના પ્રિન્સિપાલના અવસાન બાદ કોઈપણ સંબંધે નિર્ણય લઈ શકે નહીં. પ્રિન્સિપાલના અવસાન પછી તમામ નિયંત્રણ એક્ઝિક્યુટિવ ઑફ એસ્ટેટના હાથમાં આવે છે. એજન્ટ પ્રિન્સિપાલના વસિયતનામામાં તથા એસ્ટેટ પ્લાનિંગને લગતી બાબતોમાં અન્ય કોઈપણ કાનૂની દસ્તાવેજોમાં ફેરફાર કરી શકતા નથી અથવા એને રદ કરી શકતા નથી. જો એ એવું કંઈ પણ કરે તો એમની સામે દગાફટકા માટે અને દુર્લક્ષ માટે જવાબદાર ગણવામાં આવી શકે છે

૪) એજન્ટ પોતાના પ્રિન્સિપાલના પૈસાનો ઉપયોગ પોતાની મિલકત તરીકે કરી શકે નહીં. જો પ્રિન્સિપાલ અને એજન્ટ પાવર ઑફ એટર્ની બનાવતાં પહેલાં આપસમાં મિલકત ધરાવતા હોય તો એજન્ટ પોતાની પ્રોપર્ટીને પ્રિન્સિપાલની પ્રોપર્ટી સાથે ભેળવી શકતા નથી.

**પાવર ઑફ એટર્ની સંબંધી ધ્યાનમાં રાખવાના અગત્યના મુદ્દા**

૧) તમામ નાણાકીય નિર્ણયોની વ્યવહારોની પાવર ઑફ એટર્નીના બુક્સ અને રેકર્ડ્સમાં ચોકસાઈભરી નોંધ કરવામાં આવવી જોઈએ. ચોકસાઈભરી નોંધનો અર્થ એ છે કે ફક્ત આવકની નહીં, પરંતુ આવક અને જાવકના તમામ વ્યવહારોની સંપૂર્ણ વિગતવાર નોંધ કરવામાં આવવી જોઈએ.

૨) આરોગ્યની દેખભાળનો સવાલ છે ત્યાં સુધી એજન્ટે પ્રિન્સિપાલના આરોગ્યની દેખરેખ માટે જવાબદારીભરી રીતે પોતાનું કર્તવ્ય નિભાવવું જોઈએ. પ્રિન્સિપાલ અને એજન્ટ ભલે અલગ અલગ મત ધરાવતા હોય અને નૈતિક દ્રષ્ટિએ બંનેના વિચારો અલગ હોય, તો પણ એજન્ટે પ્રિન્સિપાલની ઈચ્છાઓ અને ઇરાદાઓને ધ્યાનમાં રાખીને જ કામ કરવાનું હોય છે

૩) પાવર ઑફ એટર્નીને લગતી કોઈપણ કલમ સંબંધે અથવા ભાષાની બાબતે કોઈ અસ્પષ્ટતા કે મૂંઝવણ હોય તો હંમેશાં કાનૂની પ્રોફેશનલની સલાહ લેવી જોઈએ.

૪) એજન્ટે હિતોનો ટકરાવ થાય એવી કોઈ પ્રવૃત્તિ કરવી જોઈએ નહીં.

પાવર ઑફ એટર્ની કર્યા બાદ એનું કોઈ નકારાત્મક પરિણામ આવે નહીં એ માટે ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાનમાં રાખવા જરૂરી છે.

હવે પછી આપણે બિન રહીશ ભારતીયો માટે પાવર ઑફ એટર્ની કેવી રીતે ઉપયોગી થાય છે એના વિશે અને પાવર ઑફ એટર્ની કેવી રીતે રદ કરી શકાય છે એના વિશે વાત કરીશું. ■

---

feedback@bombaysamachar.com

આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક

# શું છે આ 'રેય' સિન્ડ્રોમ?




આપણે ગયા અઠવાડિયાની કોલમમાં પીડાશામક દવાઓ વિશે વાત કરી ત્યારે એક રોગનો અછડતો ઉલ્લેખ કર્યો હતો જે બાળકોને થાય છે. તે છે, 'રેય' સિન્ડ્રોમ (Reye Syndrom). તેના વિશે આપણે વધુ જાણવું જોઈએ, જેથી બાળકોને દવા આપતી વખતે બાળકની વિશેષ કાળજી લઇ શકાય.

## શું છે રેય સિન્ડ્રોમ?

રેય સિન્ડ્રોમ એ એક દુર્લભ રોગ છે, જે શરીરના ઘણા ભાગોને અસર કરે છે - જેમાં મગજ, લોહી અને લીવરનો સમાવેશ થાય છે. રેય સિન્ડ્રોમ ધરાવતા લોકોમાં ઘણીવાર લોહીમાં શર્કરાનું પ્રમાણ ઓછું હોય છે અને લોહીમાં એમોનિયા અને એસિડિટીનું પ્રમાણ વધુ હોય છે. આનાથી મગજમાં અચાનક ગંભીર સોજો આવે છે.

જ્યારે તમારું લીવર તમારા લોહીમાંથી એમોનિયા ફિલ્ટર કરી શકતું નથી ત્યારે આ રોગ થાય છે. વાયરલ ચેપ અથવા બીમારી માટે એસ્પિરિન લેતા બાળકોમાં આ સૌથી સામાન્ય સમસ્યા છે. આ સ્થિતિ સામાન્ય રીતે વાયરલ બીમારીની શરૂઆત પછી એક અઠવાડિયાની અંદર વિકસે છે પરંતુ તે ૧૨ કલાકથી ૩ અઠવાડિયાની વચ્ચે ગમે ત્યારે ઉદ્ભવી શકે છે.

## રેય સિન્ડ્રોમનાં લક્ષણ

રેય સિન્ડ્રોમનાં લક્ષણ પાંચ તબક્કામાં સામે આવે છે.

**સ્ટેજ ૧નાં લક્ષણઃ**

વારંવાર તીવ્ર, ઊલટી થવી, સુસ્તી અથવા સામાન્ય કરતાં વધુ ઊંઘ આવવી, મૂંઝવણ, દુઃસ્વપ્નો

**સ્ટેજ ૨નાં લક્ષણઃ**

દિશાહીનતા, ચિત્તભ્રમ અથવા લડાઈની ભાવના, સામાન્ય કરતાં વધુ મજબૂત પ્રતિક્રિયાઓ (હાયપરરેફલેક્સિયા) અને બેબિન્સ્કી રીફલેક્સ દર્શાવવી, વિસ્તૃત આંખની કીકીઓ, હાયપરવેન્ટિલેશન, હૃદયના ઝડપી ધબકારા (ટાકીકાર્ડિયા)

**સ્ટેજ ૩નાં લક્ષણઃ**

કોમા, ડિ-કોર્ટિકેટ પોશ્ચર (અને મગજની ઇજાને કારણે તમારું શરીર જે મુદ્રા લે છે)

**સ્ટેજ ૪ નાં લક્ષણઃ**

ડિસેરેબ્રેટરી પોશ્ચરિંગ સાથે ઊંડી કોમાની સ્થિતિ, પ્રકાશ પ્રત્યે ન્યૂનતમ અથવા કોઈ પ્રતિભાવ ન હોય તેવી પહોળી આંખો.

**સ્ટેજ ૫નાં લક્ષણઃ**

હુમલા, લકવો અને મસલ સ્ટ્રેચ રીફલેક્સનો અભાવ, પ્રતિક્રિયા વિનાની કીકીઓ, શ્વસનની તકલીફ અને મૃત્યુ.

## રેય સિન્ડ્રોમનું કારણ?

રેય સિન્ડ્રોમ કેવી રીતે અને શા માટે થાય છે એના વિશે નિષ્ણાતો હજી ચોક્કસ અભિપ્રાય પર પહોંચ્યા નથી. અગાઉનાં સંશોધનો મુજબ ફ્લૂ અથવા ચિકનપોક્સ જેવા વાયરલ ચેપને કારણે એસ્પિરિન લેતાં બાળકોને આ સમસ્યા સર્જાય છે, પરંતુ નવા સંશોધન સૂચવે છે કે એસ્પિરિન અને વાયરલ બીમારીઓ એકમાત્ર પરિબળો ન હોઈ શકે. બીજું મુખ્ય પરિબળ નિદાન ન થયેલી જન્મજાત ચયાપચય સમસ્યા (IEM) હોઈ શકે છે, જે તમારા યકૃત કોષોમાં મિટોકોન્ડ્રિયાને અસર કરે છે.

મિટોકોન્ડ્રિયા એ તમારા કોષોના પાવરહાઉસ છે, જેમ કે એન્જિન જે કામ કરવા માટે બળતણ બાળે છે, પરંતુ IEM હોવાથી લીવરના કોષો માટે એસ્પિરિન જેવી દવા પર પ્રક્રિયા કરવી મુશ્કેલ બની શકે છે. તે ઉપરાંત, વાયરલ બીમારીના વધારાના તાણથી લીવર યોગ્ય રીતે કામ કરવાનું બંધ કરી શકે છે.

તમારા લીવરનાં મુખ્ય કાર્યોમાંનું એક એ છે કે તમારા લોહીમાંથી એમોનિયા ફિલ્ટર કરવું. જો તે તમારા લોહીમાં જમા થાય તો તેને હાઇપરએમોનિયા કહેવામાં આવે છે. તમારા લીવરમાં વિક્ષેપો તમારા લોહીને ગંઠાઈ જવાનું મુશ્કેલ બનાવી શકે છે.

એમોનિયા મગજ માટે અત્યંત ઝેરી છે, જેના કારણે હિપેટિક એન્સેફાલોપથી થાય છે. તેનાથી મગજમાં સોજો આવે છે (સેરેબ્રલ એડીમા). પરંતુ ખોપરીની અંદર વધારે જગ્યા ન હોવાથી સોજાનું દબાણ મગજને નુકસાન પહોંચાડે છે.

## રેય સિન્ડ્રોમનું નિદાન કેવી રીતે થાય?

તબીબો રેય સિન્ડ્રોમનું નિદાન કરવા વિવિધ શારીરિક અને ન્યુરોલોજીકલ પરીક્ષણોનો ઉપયોગ કરીને કરી શકે છે. સંભવિત પરીક્ષણોમાં શામેલ છેઃ

એમોનિયા સ્તર અથવા પ્રોથ્રોમ્બિન સમય (ગંઠન સમય) તપાસવા માટે રક્ત પરીક્ષણો, મગજ ઇમેજિંગ સીટી સ્કેન અથવા એમઆરઆઈ, અન્ય સ્થિતિઓને નકારી કાઢવા માટે સ્પાઇનલ ટેપ (લમ્બર પંચર), લીવર બાયોપ્સી (લીવર નુકસાન તપાસવા માટે)

## શું આ સિન્ડ્રોમ અટકાવી શકાય?

હા, રેય સિન્ડ્રોમ અટકાવી શકાય છે. તેને રોકવાનો સૌથી અસરકારક રસ્તો એ છે કે બાળકોને એસ્પિરિન ન આપવી જ્યાં સુધી બાળરોગ ચિકિત્સક અથવા તબીબ તેની ભલામણ ન કરે. એક મહત્ત્વની વાત એ છે કે ઘણી બધી ઓવર-ધ-કાઉન્ટર દવાઓમાં એસ્પિરિનનો સમાવેશ થાય છે. તેથી દવાના લેબલ વાંચવા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ઘણી ઓવર-ધ-કાઉન્ટર (OTC) દવાઓમાં સેલિસીલેટ્સ હોય છે, જેમાં બિસ્મથ સબસેલિસીલેટ (દાખલા તરીકે, પેપ્ટો-બિસ્મોલ)નો સમાવેશ થાય છે. આવી દવાઓ નિષ્ણાત તબીબની સલાહ વિના ન લેવી જોઈએ. ■

## પ્રકરણ-૪૨

આરે પોલીસ સ્ટેશનના પહેલા માળે આવેલી કૅબિનમાં ઈન્સ્પેક્ટર ચંદ્રેશ ગોહિલ ખુરશી પર આરામથી લંબાવીને બેઠો હતો. ડીસીપીની હાજરીમાં ડૉ. પાઠકની પૂછપરછ કઈ રીતે થશે? કોઈ પ્રકારની સખતાઈ બતાવાશે નહીં તો ડૉક્ટર મોઢું કઈ રીતે ખોલશે? આવા અનેક વિચારોને કારણે રાતે ગોહિલને સરખી ઊંઘ આવી નહોતી. બેડ પર પડખાં ફેરવીને કંટાળેલો ગોહિલ વહેલી સવારે જ આરે આવી ગયો હોવાથી અત્યારે તે કૅબિનમાં એકલો હતો.

આરેમાં બનેલી ઘટમાળ અને તપાસમાં થયેલા એક પછી એક ખુલાસા વિશે તે વિચારી રહ્યો હતો. હેલિકૉપ્ટર તૂટી પડ્યું એ સ્થળેથી મંજરીનું શબ મળ્યાથી શરૂ થયેલા આ કેસે કેટલાય વળાંક લીધા હતા. જમીનમાં દાટેલાં શબ કાઢવામાં આવ્યાં, જેમાંથી એક શબ ડ્રગ્સ તસ્કર સલ્લુનું હતું. ત્યારે આખું પ્રકરણ ડ્રગ્સ તસ્કરી તરફ વળ્યું હતું.

ડ્રગ્સ લૅબોરેટરી મળી ત્યારે એવું માનવામાં આવતું હતું કે ડ્રગ્સને કારણે આ લોકોની હત્યા થઈ હતી, પરંતુ લાશમાંથી ગુમ અવયવોનું શું? આ મુદ્દો તપાસને બીજા માર્ગે દોરી ગયો હતો. એમાં કૂપર હૉસ્પિટલના ડૉ. ભાવિક માજીવડેએ અવયવોની તસ્કરી તરફ આંગળી ચીંધતાં નવો ફણગો ફૂટ્યો. એકને નવજીવન આપવા બીજાના અવયવ કાઢીને મારી નાખવાનો પિશાચી ધંધો આરેમાં ધમધમતો હતો?

અવયવ ચોરીનો વેપાર ચલાવવા આ લોકોએ ન જાણે કેટલા લોકોના જીવ લીધા હશે? જમીનમાંથી મળેલી લાશોમાંથી મંજરી, સલ્લુ અને અંજુની ઓળખ થઈ, પણ બાકીનાં ચાર શબ તો ધણીધોરી વિનાના પડ્યાં છે! તેમની ઓળખ કઈ રીતે થશે?

ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટના મૂળમાં છે મેડિકલ રેકોર્ડ. બધા પ્રકારનાં તબીબી પરીક્ષણો જરૂરી છે. આ પરીક્ષણોને આધારે ટ્રાન્સપ્લાન્ટ થશે કે નહીં એ નક્કી થાય છે... તો મૃતકોનો મેડિકલ રેકોર્ડ આ પિશાચી વૃત્તિના અપરાધીઓ પાસે આવ્યા ક્યાંથી?

ડૉ. માજીવડે કહેતા હતા, આસપાસમાં જ ક્યાંક આ અમાનવીય કૃત્ય થતું હશે! તો શું જંગલના રહેવાસીઓ આ કાંડમાં સંડોવાયેલા છે?

ડૉ. માજીવડેની વાતો યાદ આવતાં ગોહિલ વીતેલા સમયના વિચારમાંથી વર્તમાનમાં આવ્યો. કેસને લગતા દસ્તાવેજો પર નજર ફેરવતાં તેણે વિચાર્યું: ‘આટલી સરળતાથી અવયવ ચોરીનો કાંડ ચાલતો હતો... એટલે કે જેટલા શકમંદો નજરમાં છે તેમની પણ ઉપર કોઈ માસ્ટરમાઈન્ડ હોવો જોઈએ!’

‘સર... ડૉક્ટર પાઠક આવ્યા છે!’

કોન્સ્ટેબલ નામદેવ દળવીએ વગર પરવાનગીએ કૅબિનમાં આવીને કહ્યું ત્યારે ગોહિલે વિચારોને એક તરફ હડસેલી દીધા. દીવાલ પરની ઘડિયાળમાં જોયું તો દસ વાગ્યા હતા. વિચારોમાં ને વિચારોમાં ખાસ્સો સમય પસાર થઈ ગયો હતો. તેની ટીમના બધા અધિકારીઓ પણ આવી ગયા હતા.

‘ક્યાં છે?’ ગોહિલે પૂછ્યું.

‘પોલીસ સ્ટેશનના ગેટ પાસે!’

‘કેમ? અહીં બોલાવી લે...’ ગોહિલને આશ્ચર્ય થયું.

‘ડીસીપી સરની રાહ જુએ છે... કહે છે કે તેમની સાથે આવીશ!’

‘ઠીક છે... ચલ, હું આવું છું!’ કહીને ગોહિલ ખુરશીમાંથી ઊભો થયો.

‘ડૉક્ટર પાઠક સાથે ડૉક્ટર હિરેમઠ પણ છે, સર!’ મૂછ પંપાળતાં દળવીએ જાણકારી આપી.

‘ઓહ... એટલે કે પૂરું કવચ તૈયાર કરીને રણમેદાનમાં ઊતર્યો છે આ ડૉક્ટર. ચાલાક છે... લાગે છે, હું ધારતો હતો એટલો ઈઝી ટાર્ગેટ નથી!’ ગોહિલે વિચાર કરીને કહ્યું.


દળવી સાથે ગોહિલ પોલીસ સ્ટેશનના ગ્રાઉન્ડ ફ્લોર પર આવ્યો ત્યારે લૉકઅપ તરફથી બરાડા પાડવાનો અને પીડાથી કણસવાનો અવાજ આવતો હતો.

‘શું ચાલે છે ત્યાં?’ ગોહિલે દળવી તરફ જોતાં પૂછ્યું.

‘સર... શોએબ અને ઝમીલને શિંદેસાહેબ ધોઈ રહ્યા છે!’ દળવીએ કહ્યું.

‘કેમ?’

અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...




યોગેશ સી પટેલ

‘કામતસાહેબ ટીમ લઈને એમ્બ્યુલન્સની શોધમાં ભાયંદર ગયા છે, પણ ઝમીલે ખોટી માહિતી આપી નથીને એની ખાતરી શિંદેસાહેબ કરી રહ્યા છે!’

વાત કરતાં ગોહિલ અને દળવી પોલીસ સ્ટેશનને દરવાજે આવ્યા.

‘ડૉક્ટરસાહેબ... અંદર તો આવો!’

ગોહિલે બન્ને ડૉક્ટરને બોલાવ્યા, પણ તે અવઢવમાં હોવાનું લાગતું હતું.

‘ચિંતા ન કરો... ડીસીપી સર આવ્યા પછી જ વાતચીત શરૂ કરીશું!’ ગોહિલે ઇરાદાપૂર્વક કહ્યું.

ડૉ. પાઠક અને ડૉ. હિરેમઠ પોલીસ સ્ટેશનમાં પ્રવેશ્યા ત્યારે ફરી લૉકઅપમાંથી શોએબ અને ઝમીલની ચીસાચીસ સંભળાવા લાગી. શિંદે અને બંડગર ગાળો ભાંડીને ફટકારતા હોવાનો અવાજ સ્પષ્ટ સંભળાતો હતો.

‘એ અમારું ઑપરેશન થિયેટર છે... ખોટું બોલનારા અપરાધીઓની અહીં સારવાર કરવામાં આવે છે. અમારી સારવારથી તો ગૂંગા પણ બોલતા થઈ જાય છે, ડૉક્ટર!’ ગોહિલ જાણે અણસાર આપતો હતો.

સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડની કૅબિન તરફ જવાને બદલે ગોહિલ બન્ને ડૉક્ટરને લૉકઅપ રૂમ પાસે લઈ ગયો. લૉકઅપમાં શોએબ અને ઝમીલ મુડદાલ પડ્યા હતા, જ્યારે શિંદે અને બંડગર પસીને રેબઝેબ હતા. બન્નેનો અવતાર જોઈ ડૉ. પાઠકના પગ ડગમગવા લાગ્યા.

‘તમારા ઑપરેશન થિયેટરમાં દરદી બેભાન હોય છે એટલે ઑપરેશન વખતે શાંતિ હોય છે, પણ અમારા ઑપરેશન સમયે દરદી ભાનમાં હોય છે ને તેના મોમાંથી ચીસ નીકળતી જાય છે. પછી દરદી બેભાન થઈ જાય ત્યારે ઑપરેશન પૂરું થાય છે!’ ગોહિલે ડૉ. પાઠકના મનમાં ડર ઊભો કરી દીધો.

‘એક સારી વાત છે, ડૉક્ટર.. કે પોલીસ સ્ટેશનમાંથી નીકળેલી ચીસ અને મદદનો પોકાર સાંભળીને પણ લોકો તેની નોંધ લેતા નથી...’ ડૉ. પાઠક અંદરથી ધ્રુજારી અનુભવતા હતા.

‘આ બન્નેને તમે ઓળખો છો? ડ્રગ્સ તસ્કર સલ્લુના સાથી છે!’

ગોહિલે પૂછ્યું એટલે બન્ને ડૉક્ટરે નામાં જવાબ આપ્યો. એટલામાં ડીસીપી સુનીલ જોશી આવ્યાની જાણ થતાં ગોહિલ ડૉક્ટરો સાથે ગાયકવાડની કૅબિન તરફ વળ્યો. જોશી સાથે ડૉ. સંયમ ઈમાનદારને જોઈ ગોહિલને નવાઈ લાગી. આવું જ અચરજ ગાયકવાડને પણ હતું એટલે જોશીએ ખુલાસો કર્યો.

‘યુનિયન તરફથી ડૉક્ટર ઈમાનદારે મારી સાથે આવવાનો આગ્રહ કર્યો એટલે તેમને પણ લેતો આવ્યો!’

‘હા... તો ઑફિસર, કયા પુરાવાને આધારે તમે ડૉક્ટર પાઠકને અહીં બોલાવ્યા છે?’ ડૉ. ઈમાનદારે શરૂ કર્યું.

‘પૂછપરછ માટે બોલાવવા પુરાવાની જરૂર નથી હોતી!’ ગોહિલે મમરો મૂક્યો.

‘ગોહિલ... શું કહેવા માગે છે?’ જોશી બોલ્યા.

‘સર... આ લોકો શરૂઆતથી પુરાવાની બુમરાણ મચાવે છે એટલે કહેવું પડ્યું. બરાબરને, ડૉક્ટરસાહેબ!’ ગોહિલે ડૉ. હિરેમઠ સામે જોતાં કહ્યું.

‘મેં શું કર્યું?’ ડૉ. હિરેમઠે પૂછ્યું.

‘હું ક્યાં કહું છું કે તમે કંઈ કર્યું છે, પણ યુનિયનમાં તમે જ ગયા હતાને?’

‘તો... હવે બદલો લેશો?’

‘બદલો શેનો... અત્યારે તો તમે જાતે જ આવ્યા છો.’ ડૉ. હિરેમઠ સમજી ગયા કે ગોહિલ તેમને સંભળાવી રહ્યો હતો.

**અમારા ઑપરેશન સમયે દરદી ભાનમાં હોય છે ને તેના મોમાંથી ચીસ નીકળતી જાય છે... પછી દરદી બેભાન થઈ જાય ત્યારે ઑપરેશન પૂરું થાય છે!**

‘મુદ્દાની વાત કરો, ઑફિસર!’ ડૉ. હિરેમઠે કહ્યું.

‘ડ્રગ્સ તસ્કર સલ્લુને ઑપરેશન માટે આર્થિક સહાય માટેના ભલામણ પત્રની વ્યવસ્થા તમે કરાવી હતીને? શા માટે?’ ગોહિલે પ્રશ્ન કર્યો.

‘આ કોઈ પુરાવો નથી. એ તો જરૂરિયાતમંદ દરદી માટે અમે મદદનો હાથ લંબાવતા જ હોઈએ છીએ!’ ડૉ. ઈમાનદારે જવાબ ટાળવા કહ્યું.

‘હા, પણ પછી એ દરદીની લાશ જમીનમાં દાટેલી નથી મળતીને?’ ગોહિલે ડૉ. ઈમાનદારની બોલતી બંધ કરી.

‘તમે સલ્લુને કઈ રીતે ઓળખો છો?’ હવે ડીસીપી જોશીએ પૂછ્યું.

‘હું સલ્લુને નથી ઓળખતો... અને ડૉક્ટર મંદિરાએ આર્થિક સહાયની વિનંતી કરી હતી.’

‘એટલે કે ડૉક્ટર મંદિરા પણ આ કાંડમાં સંડોવાયેલાં છે?’ જોશીએ ફરી પ્રશ્ન કર્યો.

‘મને નથી ખબર!’

‘ડૉક્ટર મંદિરાએ આર્થિક મદદ માટે ચૌધરીને કૉલ કરવા કહ્યું હતું?’

ગોહિલે પૂછ્યું, પણ ડૉ. પાઠકે કોઈ જવાબ ન આપ્યો. તેમના મૌનથી ગોહિલના મગજનો પારો છટકવા લાગ્યો, પણ ડીસીપીની હાજરીને કારણે તે કંઈ કરી શકતો નહોતો.

‘તમે વિધાનસભ્ય જાંભુળકરના પીએ ચૌધરીને જ શા માટે મદદ માટે કૉલ કર્યો હતો?’ એ જ પ્રશ્ન અલગ રીતે ગાયકવાડે પૂછ્યો.

ડૉ. પાઠક ચૂપ જ રહ્યા એટલે ગોહિલે ગુસ્સો દબાવીને થોડા ઊંચા અવાજે કહ્યું: ‘ડૉક્ટરસાહેબ... ચૂપ રહેવાથી સમસ્યાનું સમાધાન નહીં થાય અને તમે બચી પણ નહીં શકો. ઊલટું, આ બધા કાંડ તમારા માથે થોપી જિંદગીભર જેલમાં સડાવીશું!’

ગોહિલનો અંદાજો સાચો હતો. ડૉ. પાઠક પોલીસની આકરી પૂછપરછ સામે ટકી શકે એમ નહોતા એટલે ગોહિલની માત્ર હલકી ધમકીથી જ થથરી ગયા.

‘સર.. ડૉક્ટરસાહેબને અમારે હવાલે કરી દો. બધું એમણે જ કર્યું છે, એવું એક કલાકમાં અમે કબૂલ કરાવી લઈશું. શિંદે અને બંડગર પોસ્ટમોર્ટમમાં માહેર છે એ ડૉક્ટર પાઠકે હમણાં જ જોયું છે!’ ડરાવવા ખાતર ચેતવણી આપી ગાયકવાડ ખુરશી પરથી ઊભા થયા એટલે ડૉ. પાઠક હિંમત હાર્યા.

‘ડૉક્ટર ભંડારી!’

‘હેં! શું?’

‘ડૉક્ટર ભંડારીએ લેટર માટે ચૌધરીને કૉલ કરવાનું કહ્યું હતું!’

ડૉ. પાઠકે રહસ્ય ખોલતાં બધા એકબીજાનાં મોઢાં જોવા લાગ્યા.

‘ડૉક્ટર ભંડારી પણ આ કાંડમાં સામેલ છે?’ જોશીએ પૂછ્યું.

‘મને લાગે છે કે ડૉક્ટર પાઠક ડરના માર્યા એલફેલ બોલી રહ્યા છે!’ ડૉ. ઈમાનદારે બચાવ કર્યો.

‘હા... ડૉક્ટર ભંડારી ઇજ્જતદાર વ્યક્તિ છે. ગરીબોની મદદ માટે ટ્રસ્ટ પણ ચલાવે છે. એ આવાં હીન કાર્યો કદી ન કરે!’ ડૉ. હિરેમઠ પણ બચાવમાં આગળ આવ્યા.

‘ડૉક્ટર પાઠક... તમારા જવાબની રાહ જોવાઈ રહી છે!’ ગોહિલે કહ્યું.

‘લેટર માટે ચૌધરી સાથે વાત કરવાનું ડૉક્ટર ભંડારીએ મને કહ્યું હતું... બાકી હું કંઈ નથી જાણતો!’ ડૉ. પાઠક તૂટક તૂટક બોલી રહ્યા હતા.

‘ડ્રગ્સ અને લાશ મળવાના કાંડમાં ડૉક્ટર કઈ રીતે સંડોવાયેલા છે?’

ડૉ. પાઠકે ફરી ચુપકીદી સેવી.

‘અચ્છા... તો આ કાંડમાં તમારી સંડોવણી કેટલી?’ ગાયકવાડે પૂછ્યું.

‘મને લાગે છે કે તમે જબરદસ્તી ડૉક્ટર પાઠકને આ કાંડમાં સપડાવી રહ્યા છો!’ ડૉ. ઈમાનદાર ફરી વચ્ચે બોલ્યા.

‘અમે કોઈને સંડોવતા નથી, પણ સંડોવાયેલી વ્યક્તિને છોડતા પણ નથી!’ કહીને ગોહિલે કદમને ફોન કર્યો.

કદમ ગણતરીની મિનિટમાં જ વિરાજ મોરેને ગાયકવાડની કૅબિનમાં લઈ આવ્યો.

‘આને તો ઓળખો જ છોને, ડૉક્ટર પાઠક!’ ગોહિલે કહ્યું એટલે ડૉ. પાઠકે પાછળ ફરીને જોયું.

‘બધા જ ઓળખે છે. મારી લૅબનો ટેક્નિશિયન છે, પણ એને શા માટે લાવ્યા?’

‘ગઈ કાલ સાંજથી એ અહીં જ છે!’

‘વ્હૉટ? એટલે જ એનો મોબાઈલ સ્વિચ ઑફ્ફ આવતો હતો!’

‘હા... અમે બંધ કરાવી દીધો છે!’ ગોહિલે જણાવ્યું.

‘કેમ? એણે શું કર્યું છે?’

‘ડૉક્ટરસાહેબ... એના નામ પર એક એમ્બ્યુલન્સ રિજસ્ટર્ડ છે...’ ગોહિલ બોલતી વખતે ડૉ. પાઠકના ચહેરાના બદલાતા હાવભાવ નીરખી રહ્યો હતો.

‘એ એમ્બ્યુલન્સનો ઉપયોગ ગેરકાયદે કામોમાં થયો છે!’ સાંભળીને ડૉ. પાઠકનું મોં પડી ગયું. ઍરકન્ડિશન્ડ કૅબિનમાં પણ તેમને પરસેવો વળવા લાગ્યો અને એ બેચેની અનુભવવા લાગ્યા.

‘શબમાં ડ્રગ્સ ભરવામાં આવતું અને પછી તેની હેરફેર આ એમ્બ્યુલન્સમાં કરાતી હતી!’ ગોહિલ બોલ્યે જતો હતો.

‘એ એમ્બ્યુલન્સને ડ્રગ્સ તસ્કર સલ્લુના સાથીએ ઓળખી કાઢી છે, જેને તમે અત્યારે લૉકઅપમાં જોયો.’ ગોહિલની દરેક વાતે ડૉ. પાઠક ઢીલા પડી રહ્યા હતા.

‘અમે એમ્બ્યુલન્સની વિગતો કઢાવીને મોરે સુધી પહોંચ્યા છીએ. હવે એનું કહેવું છે કે એ એમ્બ્યુલન્સ તમે ખરીદી હતી... અને તમારી સૂચનાથી બહારનાં કામો માટે મોકલાતી હતી!’

ગોહિલે ઉમેર્યું: ‘મોરેના નામે એમ્બ્યુલન્સ ખરીદવાનું ખરું કારણ જણાવશો કે પછી...’

‘આ વમળમાં તમે ફસાઈ ગયા છો, ડૉક્ટર... સાચું બોલો, નહીંતર આ લોકો ઓકાવશે!’ જોશીનો અવાજ ડૉ. પાઠકનું કાળજું કંપાવી નાખનારો હતો.

આખરે ડૉ. પાઠક ભાંગી પડ્યા. હવે બચવાનો કોઈ માર્ગ ન હોવાનું જણાતાં તેમણે કબૂલાત કરી...

‘હા... મારું નામ સામે ન આવે તે માટે એમ્બ્યુલન્સ મોરેના નામે રજિસ્ટર્ડ કરાવી હતી, પણ કાંડનો સૂત્રધાર હું નથી!’

‘તો કોણ છે?’

‘ડૉક્ટર વિશ્વાસ ભંડારી!’ (ક્રમશઃ)■

---




‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખાંચો | HELPER |
| ખાંધિયો | CORNER |
| ખાક | COT |
| ખાટલો | MINE |
| ખાણ | ASH |

### ઓળખાણ પડી?

પર્ણનું શાક અને છાલમાંથી દોરડા બનાવી શકાય એ વનસ્પતિની ઓળખાણ પડી? આપણા દેશમાં મહારાષ્ટ્ર અને પંજાબમાં થાય છે.

અ) અળસી બ) અંબાડી
ક) અરડૂસી ડ) અબનૂસ



### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ત | ૨ મ | ન્ના | ■ | ૩ પં | ૪ ચા | ય | ૫ ત | ■ | ૬ જ |
| ૭ ર | જા | ■ | ૮ નો | ક | ર | ■ | ૯ સુ | મ | ન |
| ૧૦ ખા | લ | ૧૧ સા | ■ | ૧૨ જ | સો | દા | ■ | ■ | ક |
| ટ | ■ | ફ | ■ | ૧૩ ન | વી | ■ | ૧૪ અ | ૧૫ હ | લ્યા |
| ■ | ૧૬ વિ | સુ | વિ | ય | સ | ■ | ૧૭ સુ | વા | ણ |
| ૧૮ શ | પ | થ | ■ | ના | ■ | ૧૯ પા | ર | લા | ■ |
| ૨૦ પ | ત | રા | ૨૧ જી | ■ | ૨૨ કુ | રં | ગ | ■ | ૨૩ ક |
| થ | ■ | ■ | ૨૪ વ | ૨૫ ફા | ■ | ૨૬ પ | ણ | ■ | સ |
| ૨૭ ના | લં | ૨૮ દા | ■ | ૨૯ ઉ | પ | રિ | ■ | ૩૦ ભા | ર |
| મું | ■ | ૩૧ મ | જ | લ | ■ | ૩૨ ક | ર | વ | ત |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | ૫ | | ■ | ૬ |
| | ■ | ૭ | ૮ | ■ | ૯ | | ■ | ૧૦ | |
| | ■ | ૧૧ | | | ■ | ૧૨ | ૧૩ | | |
| ૧૪ | ૧૫ | ■ | | ■ | ૧૬ | | | ■ | ■ |
| ■ | ૧૭ | ૧૮ | | ૧૮-અ | ■ | ■ | ૧૯ | | ૨૦ |
| ૨૧ | | | ■ | ૨૨ | ૨૩ | | ■ | ■ | |
| | ■ | ■ | ૨૪ | | | ■ | ૨૫ | | |
| | ■ | ૨૬ | | | ■ | ૨૭ | | ■ | ■ |
| ■ | ૨૮ | | | ■ | ■ | ૨૯ | | | ૩૦ |
| ૩૧ | | ■ | ૩૨ | | | | | ■ | |

**આડી ચાવી**

૧. રાહત, ચેન (૩)
૩. સુલભ, જલદી મળે તેવું (૪)
૭. સત્ત્વ, સાર (૨)
૯. દેખાવ, દંભ (૨)
૧૦. પરદો (૨)
૧૧. જિદ (૩)
૧૨. નાની ગાગર, ઘડો (૪)
૧૪. દીવાની વાટ (૨)
૧૬. નિર્ભય (૩)
૧૭. ખૂબ ગમતું (૪)
૧૯. કારણ (હિ.) (૩)
૨૧. એક ઓજાર (૩)
૨૨. મવાલી, રખડેલ (૩)
૨૪. બેબાકળી, ઓચિંતી (૩)
૨૫. --- પરમાર- ગુ. ફિલ્મ (૩)
૨૬. છળ (૩)
૨૭. --- તમારાનો ભેદ ના રાખો (૨)
૨૮. ઓરમાન, સાવકું (૩)
૨૯. કૃપા, બક્ષિસ (૪)
૩૧. કરચ, આંટણ, કપાશી (૨)
૩૨. હિમાલયમાં આવેલું સરોવર (૫)

**ઊભી ચાવી**

૧. દ્વિધા (૪)
૨. સંખ્યા, આંકડો (૩)
૪. દુકાનનો મુખ્ય ભાગ (૨)
૫. ભૂતપ્રેત (૪)
૬. કડી, હૂક, તાણ (૩)
૮. સમાધાન, શિખામણ, વિવેચન (૪)
૧૦. જાસૂસ (૨)
૧૩. --- કિયો, સોઇ નર હાર્યો (૩)
૧૫. આકાશ (૩)
૧૮. મસો, હરસ, ગાંઠ (૨)
૧૮અ. લૂંટવું તે (૪)
૨૦. --- પર બાદબાકી - ગુ. નાટક (૩)
૨૧. કાપડ કાપવા જોઇએ (૩)
૨૩. પૂરણ ---, ઘીમાં ઝબોળી (૨)
૨૪. શુભ, સારા દિવસ (૪)
૨૫. અઢળક, ખૂબ (૪)
૨૬. રમત હોય કે ચા,--- મળવો જોઇએ (૨)
૨૭. તુલસીદાસે લખ્યું : રામચરિત--- (૩)
૨૮. ધાર (૨)
૩૦. સો (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘મળશે કદીક ધાર્યું ધામ’ પંક્તિમાં ‘ધામ’ શબ્દનો અર્થ જણાવો.

અ) ઠેકાણું બ) ધારણા ક) લક્ષ્ય ડ) બક્ષિસ

### માતૃભાષાની મહેક

અન્ન આહારે અને ઘી વ્યવહારે એટલે ખોરાક ખવાય તેટલો ખાવો પણ ઘી વિચાર કરી ખાવું. ઘટતું હોય તેમ કામ કરવું. અન્ન તેનું પુણ્ય ને રાંધનારીને ધુમાડો એટલે જેની વસ્તુ હોય તેને જ તેનો લાભ મળે, બીજાએ તો ફક્ત મહેનત કરવાની હોય. જેનું વરે તેના જ જશ ગવાય. અન્ન તેવો ઓડકાર એટલે જેવું કામ તેવું ફળ, કરે તેવું પામે ને વાવે તેવું લણે.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ EQUINOPHOBIA થી પીડાય છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) ગણિત બ) ઈક્વેટર ક) ઘોડો ડ) પાણી

### ઈર્શાદ

*હે દીવા! તને પ્રણામ*
*અંધારામાં કરતો તું તો સૂર્ય-ચન્દ્રનું કામ*

-રમેશ પારેખ

### સુડોકુ-૯૧૨૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | ૮ | ૯ | | | | | |
| ૩ | | | ૬ | | | | | ૯ |
| | ૫ | | ૩ | | | | | |
| | ૧ | | | | | | | ૪ |
| ૮ | | ૩ | ૪ | | ૭ | ૧ | | ૫ |
| ૨ | | | | | | | ૮ | |
| | | | | | ૧ | | ૪ | |
| ૫ | | | | | ૮ | | | ૭ |
| | | | | | ૩ | ૫ | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૨૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૬ | ૪ | ૭ | ૫ | ૨ | ૯ | ૧ |
| ૧ | ૭ | ૫ | ૯ | ૩ | ૨ | ૮ | ૬ | ૪ |
| ૨ | ૯ | ૪ | ૧ | ૮ | ૬ | ૭ | ૩ | ૫ |
| ૭ | ૪ | ૧ | ૨ | ૬ | ૯ | ૩ | ૫ | ૮ |
| ૫ | ૩ | ૯ | ૭ | ૪ | ૮ | ૬ | ૧ | ૨ |
| ૮ | ૬ | ૨ | ૩ | ૫ | ૧ | ૯ | ૪ | ૭ |
| ૬ | ૨ | ૭ | ૫ | ૧ | ૩ | ૪ | ૮ | ૯ |
| ૪ | ૫ | ૮ | ૬ | ૯ | ૭ | ૧ | ૨ | ૩ |
| ૯ | ૧ | ૩ | ૮ | ૨ | ૪ | ૫ | ૭ | ૬ |

### માઈન્ડ ગેમ

ફળ તરીકે તેમ જ વિવિધ ખાદ્ય પદાર્થો બનાવવામાં ઉપયોગી સાબિત થતા કેળાનું ઉત્પાદન સૌથી વધુ કયા દેશમાં થાય છે એ જાણો છો?

અ) ઈરાન બ) ઈન્ડોનેશિયા
ક) ભારત ડ) ઈરાક

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ખંજરી | TAMBOURINE |
| ખંજર | DAGGER |
| ખંજવાળ | ITCHING |
| ખડ | WEED |
| ખડક | ROCK |

માઈન્ડ ગેમ: ચીન

ઓળખાણ પડી?: બિહાર

ગુજરાત મોરી મોરી રે: સપના

ચતુર આપો જવાબ અર્થ જણાવો: આરાધના

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુભાષ મોમાયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) નીતા દેસાઈ (૯) ભારતી બુચ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) હર્ષા મહેતા (૧૨) વિપીન શાહ (૧૩) પુષ્પા પટેલ (૧૪) નૂતન વિપીન શાહ (૧૫) લજિતા ખોના (૧૬) અમીશી બંગાળી (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મીનળ કાપડિયા (૧૯) મહેશ સંઘવી (૨૦) વિણા સંપટ (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) મહેશ દોશી (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) જ્યોત્સના ગાંધી (૨૬) ઈનાક્ષીબેન દલાલ (૨૭) હિનાબેન દલાલ (૨૮) રમેશભાઈ દલાલ (૨૯) ડાયના સંતોકે (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) અલકા વાણી (૩૩) ભરત કજરિયા (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) ખુશરૂ કાપડિયા (૩૭) કિરીટ છેડા (૩૮) નિતીન જયંતિલાલ બજરિયા (૩૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) ડો. પ્રકાશ કટકિયા (૪૨) ધીરેન્દ્ર મુલરાજ (૪૩) ગીતા ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) ભામિની સંપટ


feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# ચંદ્ર નમસ્કાર આસન સ્ત્રી માટે વરદાન છે...

**ભારતીય** યોગ વિદ્યા એ કોઇ સામાન્ય વિદ્યા નથી. યોગ વિદ્યાનો ઉલ્લેખ વૈદિક સાહિત્ય, ઉપનિષદો, રામાયણ અને મહાભારત જેવા ગ્રંથોમાં જોવા મળે છે. આપણા દેશમાં ઘણી સદીઓથી આનું ઉચ્ચતમ અને મહત્ત્વનું સ્થાન છે. હાલમાં વૈશ્વિક સ્તરે પણ આનું મૂલ્યાંકન ખૂબ જ ઉચ્ચ સ્તરે થયું છે. કહેવાય છે કે આદિયોગી શિવ એ સપ્તઋષિઓને યોગની કળામાં નિપુણ બનાવ્યા. ત્યાર પછી પતંજલિ યોગનાં યોગસૂત્રોના માધ્યમથી તેને વ્યવસ્થિત રૂપ આપ્યું. વૈદિક કાળમાં ગુરુકુળ યોગનો અભ્યાસ શિખવવામાં આવતો. સ્વામી વિવેકાનંદે એ ધર્મસંસદમાં ઐતિહાસિક ભાષણ જે શિક્ષણોમાં આપ્યું ત્યારે તેમણે યોગવિદ્યાનો ઉલ્લેખ કરીને વિશ્વને યોગથી પરિચિત કરાવ્યા હતા. તેમણે કહ્યું કે યોગ માનવ સ્વાસ્થ્ય અને કલ્યાણની દિશામાં એક સંપૂર્ણ સાધન છે.

યોગથી મનુષ્યમાં સ્થિરતા, ધીરતા અને અનુશાસન બની રહે છે. વ્યક્તિના શારીરિક , માનસિક અને સામાજિક વિકાસનો સ્તર ઉચ્ચવર્ગીય બને છે. આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવા આ એક સાધનાના રૂપમાં વર્ણિત છે. હાલના સમયમાં આર્થિક ઉપાર્જનનું પણ મહત્ત્વનું માધ્યમ છે. યોગથી ઉન્નતિ સરળ અને સહજ બની રહે છે. તેનો ઉલ્લેખ ઋગ્વેદમાં વર્ણિત છે. પતંજલિએ વર્ણવ્યું કે વૈદિકકાળમાં એકાગ્રતાનો વિકાસ અને સાંસારિક કઠણાઈઓને પાર કરવા યોગનો અભ્યાસ કેવી રીતે થતો હતો, જેથી તેઓ યોગના પિતામહ તરીકે ઓળખાયા. મહર્ષિ પતંજલિએ અષ્ટાંગયોગનો વિસ્તાર માર્ગ બતાવ્યો છે, જે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.

હાલના સમયમાં યોગિક ક્રિયામાં આસન અને પ્રાણાયામનું મહત્ત્વ છે. શારીરિક આસનો પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે, જે પ્રકારનાં અંગો વળાંક કે સ્થિતિ છે તે પ્રમાણે તેના નામો છે. લગભગ ચોર્યાશીસો આસનો છે. શારીરિક વ્યાધિ એટલે કે બીમારીઓથી દૂર રહેવા માટે શારીરિક આસનોનું મહત્ત્વ ખૂબ જ મોટા પાયે છે તે વિશ્વને જણાયું. માનસિક શાંતિ અને શરીર લચીલું બની રહે છે.




લગભગ બધાં જ આસનોના નામ છે તેમાં સૂર્ય નમસ્કાર ખૂબ પ્રચલિત છે. જેમ સૂર્ય નમસ્કારમાં બાર આસનો છે તેમ ચંદ્ર નમસ્કાર પર આસન છે, જેમાં ચૌદ પ્રકારના આસન છે. આ એક સૌમ્ય યોગ પ્રવાહ છે. આનો ઉલ્લેખ બહુ વધારે થતો નથી તેથી લોકો એનાથી અજાણ છે. જેટલું મહત્ત્વ સૂર્ય નમસ્કારનું છે તેટલું જ મહત્ત્વ ચંદ્ર નમસ્કાર નું છે. આ યોગથી મન શાંત બને છે, અવસાદથી છુટકારો મળે છે, શરીર લચીલું બને છે. સાંજના સમયમાં આ આસન કરવામાં આવે છે. બધા જ આ આસન કરી શકે છે. બેથી ત્રણ વખત કરવાથી તે સહજ રીતે આવડી જાય છે. આ આસનો સરળ છે.

ચંદ્ર નમસ્કાર સ્ત્રીઓ માટે ખૂબ જ ઉપયોગી છે. સ્ત્રીઓને માનસિક રીતે ખૂબ શાંતિ આપનાર છે. શરીર પણ લચીલું હંમેશાં બની રહે છે. કેમિકલ યુક્ત ખોરાક, જંકફૂડથી શરીરનું સ્વાસ્થ્ય બગડે છે. આ છોડીને આ આસનનો પ્રયોગ એ શરીર માટે લાભદાયક પુરવાર થયો છે.

સ્ત્રીઓની વ્યાધિમાં એટલે કે પી.સી.ઓ.ડી. જેવી વ્યાધિ સરળતાથી સારી થઈ જાય છે. જાંઘો પર કે પેટ પર જામેલી ચરબી કે અક્કડપણું દૂર થઈ જાય છે. પેટના મસલ્સ મજબૂત બની જાય છે. ગોંઠણના દુખાવા કે બળતરા થતી નથી. સ્ત્રીઓના જનન અંગો ખૂબ જ મજબૂત થાય છે. જે સ્ત્રીને ગર્ભ રહેતો નથી. તેઓએ આ ચંદ્ર નમસ્કાર જરૂરથી કરવો. ગર્ભાકાળ દરમિયાન પણ આ આસન કરી શકાય છે. ડિલિવરી પછી પેટ ફુલવું કે જાંઘો પર ચરબી વધી જાય ત્યારે આ આસન સારું પરિણામ આપે છે. હાલમાં એન્ડ્રોમેટ્રિયલ સમસ્યા સ્ત્રીઓમાં વધુ દેખાય છે. આ આસનો રામબાણનું કામ કરે છે. મેનોપોઝની સમસ્યા પણ સહજ રીતે ચાલી જાય છે.

કબજિયાતના કારણે ગેસની સમસ્યા તેમ જ સ્પોન્ડિલાઇટિસની સમસ્યામાં પણ સારું પરિણામ મળે છે. હાથનાં આસનોના કારણે ગળાની આસપાસનો દુઃખાવો મટી જાય છે. એસિડિટીની વ્યાધિમાં આ આસનો ફાવટ મુજબ કરવા જોઈએ. શરીરમાં થતી બળતરા કે પગની પાનીની બળતરા શાંત કરવા આ આસનો ત્રણથી ચાર વખત કરવા જોઈએ. શરીરમાં ઊર્જાનો સંચાર થાય છે. આ આસન ચક્રની જેમ છે જે જમણી બાજુથી ચાલુ થાય અને ડાબી બાજુએ પૂરું થાય છે. ચંદ્ર જેવી શાંત ઊર્જા મળે છે.

આ ચંદ્ર નમસ્કાર આસનથી શ્વસન ક્રિયા, પાચનક્રિયા, માનસિક શાંતિ, શરીરમાં લચીલાપણું મળે છે. શરીરનું સંતુલિત સંચાર થાય છે. સાંજના સમયે ઠંડક હોય છે. ચંદ્ર નમસ્કાર એ શાંત ઊર્જા આપે છે. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# બોલો, પોતે બનાવેલી જેલમાં પોતે જ પુરાયો...




'ચંબુડા, ખુદ દુઃખને તારા ઘરમાં આવતા દૂર દૂર સુધી ડર લાગે એટલું અઢળક સુખ પ્રભુએ આપ્યું છે છતાં કેમ ઊતરી ગયેલી કઢી જેવું મોઢું કરીને બેઠો છે?' મેં પૂછ્યું

'અલ્યા. આમ જ ચાલ્યું તો ઊતરી ગયેલી કઢી જ નઈ પણ ઊતરી ગયેલી દાળઢોકળી, ઊતરી ગયેલી ખાંડવી રોટલી મગ-ચોળા (કેટલું ઉતારું)જેવું થઇ જશે' આટલું બોલતા તો ચંબુનો ચહેરો બારણામાં આંગળી ભેરવાઈ ગઈ હોય એવો થઇ ગયોઃ.

'ઠાકર, રોઈ રોઈ કોને રે સંભળાવું મારા દિલડાની વાતો...'

'મને... એવા તો કેવા દુઃખના ડુંગર તૂટી પડ્યા...'

'ડુંગર? અરે ડુંગર નઈ ટોપા, પહાડના પહાડ તૂટી પડ્યા છે, ન રહેવાય, ન કહેવાય, ન સહેવાય આવું અકલ્પનીય દુખ પ્રભુ કોઈને ન આપે... સાંભળ, શરીરમાં ખૂ..ખૂ..ખૂ ઉધરસ અને ઝાડા એક સાથે ઉપાડો લે ત્યારે ખબર પડે કે ખૂ..ખૂ..ખૂ દ્દુઃખ કોને કહેવાય. મને બંને સાથે ખૂ..ખૂ..ખૂ.'

ચંબુએ દુઃખની દાસ્તાન રજૂ કરી.

'વાઉ ....ઇટ્સ યુનિક. ઉધરસ વિથ ઝાડા ટુ ઇન.'

'યુનિકની હમણાં કઉ એ.... સગા સૌ સ્વાર્થના. કોઈનો સાથ નથી.' ચંબુના ચહેરા પર ખારેક જેવી કરચલી પથરાઈ ગઈ.

'પણ આમાં તો કોણ સાથ આપે? તારી સાથે ઉધરસ ખાય? તારી ઉધરસમાં કોને રસ હોય? તું ટોયલેટ બાજુ ઊપડે તો તારી પાછળ 'અકેલે એકેલે કહાં જા રહે હો હમે સાથે લેલો જહાં...' ગાવા લાગે? ચંબુ, તું ગમે તેટલા બરાડા પાડી ગાય 'એક અકેલા થક જાયેગા મિલકર બોજ ઉઠાના' તો પણ આવી બીમારીમાં યુદ્ધ જાતે જ લડવા પડે. આમાં કોણ મદદ કરે?'

'હું છું ને' રસોડામાંથી ચંપા પ્રગટ થઇ ને ચાલતી ગાડીએ ચડી બેઠી,

'અરે ઠાકરભાઈ, એને પેટ ચોળીને શૂળ ઊભું કર્યું છે'

'જુઓ ભાભી, એ તો ઘાયલકી ગત ઘાયલ જાને. તેને ઉધરસ ખાતી વખતે પેટને કેટલું સંભાળવું પડશે એ તો રામબાણ વાગ્યા હોય એ જાણે.'

'અરે રામબાણ વાગે કે રાવણબાણ. પણ તે કર્યા ભોગવે છે. બધું અહીંનું અહીં છે' ચંપા વિફરી : 'પૂછો એને આમ થવાનું કારણ. ભેદ યે હૈ કી એ ભોજનમાં ચણાના લોટના ભજિયા આઇસક્રીમમાં બોળી ખાય તો ઉધરસ કે ઝાડા ન થાય તો શું બ્રેન હેમરેજ થાય? સ્વાઈન ફ્લુ થાય? ઘૂંટણમાં સણકા ઊપડે? ગાલ પર ગુમડા પ્રગટે? ભજિયા ને આઈસક્રીમ સાથે પેટમાં ગયા પછી બંને પોતપોતાની રીતે પરચો દેખાડે. સાચું કઉ? એનું વારંવાર ટોયલેટ જવાનું અમારાથી ટોલરેટ થતું નથી.'

'કબૂલ મારી મા' ચંબુ હાથ જોડતા બોલ્યો : 'પણ આ બધું આપ્યુ કોણે? તે જ તો આપ્યું'

'અરે, હું તો ઝેર આપું તો શું પી જઈશ? અરે ઠાકરભાઈ, હમણાં બેસતા વર્ષે તો પિસ્તાલીસ મરચાના ભજિયા, સિત્તેર બટેટાવડા, એક કિલો કાંદાના ભજિયા તો બાઇટિંગમાં ખાધા પછી બોલ્યો 'હવે ખરેખર ભૂખ ઉઘડશે' હું અંદરથી હચમચી ગઈ. ત્યાં તો ૫૦૦ ગ્રામ મેથીના ગોટા આઇસક્રીમના લાટામાં બોળી-બોળી ખાઈ ગયો. મેં સમજાવ્યો 'બકા, આ સ્ટાર્ટર છે એન્ડ સુધી ન ખવાય, પણ પેલા હવનમાં 'સ્વાહા...સ્વાહા કરી જવ-તલ હોમાતા હોય એમ 'ઓઈયા ઓઈયા કરતા બધુ પેટમાં પધરાવતો ગયો. મેં કાનમાં કીધું 'આપણે ખાવા આવ્યા છીએ ખાતર પાડવા નઈ' ઈશ્વર જાણે આ બધું પેટના કયા ખૂણામાં આ બધું જતું હશે. ત્યાં તો મુખ વાસ ન મારે એટલે મુખવાસમાં દસ એલચી સાથે પચાસ ગ્રામ હરડેની ફાકી ફાકી ગયો... જવા દો ઠાકરભાઈ, આખો ઘાણ જ ખરાબ છે.'

મૂળથી જ આ માલ ફેકટરીમાંથી જ બુદ્ધિની નુકસાની બહાર પડ્યો છે. જીભ તો સ્વાદની લાલચૂડીપણ સજા પેટને આપવાની? તેની આ અઢી ઈંચની જીભ સાડાપાંચ ફૂટના શરીરની પથારી ને ગોદડા બધું ફેરવી નાખે છે. મારા મા-બાપે ભીડાવી દીધી ત્યારે ખબર ન પડી કે આ ગગાને નથી સંસારના મેચિંગની ખબર કે નથી ખાવાના મેચિંગની ખબર. બધા માટે પતિ કદાચ પરમેશ્વર બનીને આવતો હશે પણ મારા તો પ્રેતાત્મા બનીને આવ્યો છે, એક સફરજન વૃક્ષ પરથી ભાઈ ન્યુટનના માથા પર પડ્યું ને ગુરૂત્વાકર્ષણનો નિયમ શોધ્યો પણ મારા તો એવરત-જેવરત, સોળ સોમવાર, વડસાવીત્રીના વ્રત કેટલું બધું માથે પડ્યું. ને મળ્યું શું? તો આ ગગો...! આ તો વિધવા બનવાના ડરથી અને વડીલોએ આપેલા આશીર્વાદ ફેલ ન જાય એટલે આડુંઅવળું પગલું ભરતી નથી બાકી હમણાં છૂટાછેડા આપી સંસારની બાજી ફીટાઉસ કરી દઉ...'

'તો કરને. કોણે રોકી?' ચંબુ ભડક્યો 'આવું બોલીને તે મને કેટલીવાર લલચાવ્યો છે પણ બોલેલું તું પાળતી નથી યુ આર ચિટર એન્ડ વચનભંગી.'

'કેમ? સત્ય જીરવાતું નથીને?' ચંપા બોલી : 'ઠાકરભાઈ હમણાં ડોક્ટર પાસે દવા લીધા પછી પૂછ્યું 'આની આડઅસર તો નઈ થાયને? પણ પૂછો એને કે માવા-ગુટકા ખાતા પહેલાં પાનના ગલ્લાવાળાને આની આડઅસર વિષે પૂછ્યું? ચંબુ, કેમ હવે બોબડી બંધ થઇ ગઈ.?'

ઠાકરજી કરોળિયા જાળું બનાવે તો કરોળિયા સિવાય બધા જીવજંતુ ફસાય પણ આ માણસની બનાવેલી જાળમાં પોતેજ ફસાય છે. પોતે બનાવેલી જેલમાં પોતે જ પુરાય છે...'

એટલામાં ચંબુએ ટોયલેટ તરફ પ્રયાણ કર્યું. 'ઓફિસમાં લેટ પડો એ ચાલે પણ ટોયલેટમાં લેટ પડ્યા તો...'

શું કહો છો? ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# ધારણા અંતરંગયોગનું પ્રથમ સોપાન...

## અંતરંગ યોગ

૧. પ્રસ્તાવઃ

પ્રત્યેક અધ્યાત્મપથ બે પ્રધાન વિભાગમાં વહેંચાયેલો હોય છે. આ બે વિભાગ છે - બહિરંગ (exoteric) અને અંતરંગ (esoteric). આ જ રીતે યોગપથ બે વિશાળ વિભાગમાં વહેંચાયેલો છે - બહિરંગ યોગ અને અંતરંગયોગ. રાજયોગના આઠ અંગો છે. તેમાંના પ્રથમ પાંચને અર્થાત્ યમ, નિયમ, આસન, પ્રાણાયામ અને પ્રત્યાહારને બહિરંગ યોગ અને ધારણા, ધ્યાન અને સમાધિને અંતરંગ યોગ કહેવામાં આવે છે. હઠયોગમાં આસન, પ્રાણાયામ અને મુદ્રાને બહિરંગ યોગ અને સમાધિને અંતરંગ યોગ ગણવામાં આવે છે.

આપણે બહિરંગ યોગ વિશે પર્યાપ્ત વિચાર કર્યો છે. હવે અહીં આપણે અંતરંગ યોગ વિશે વિચાર કરશું. અહીં આપણે ભગવાન પતંજલિ દ્વારા દર્શાવેલ અષ્ટાંગ યોગ અર્થાત્ રાજયોગને દૃષ્ટિ સમક્ષ રાખીને અંતરંગ યોગનો વિચાર કરીએ છીએ.

એક રીતે જોઈએ તો અષ્ટાંગ યોગ વસ્તુતઃ સાધકના વ્યક્તિત્વનાં ભિન્નભિન્ન પાસાંઓમાં થતી નિરોધની જ સાધના છે. યમ-નિયમમાં વર્તનનો નિરોધ છે. આસનમાં શારીરિક ભૂમિકાનો વિરોધ છે. પ્રાણાયામમાં શ્વાસ અને પ્રાણનો નિરોધ છે. પ્રત્યાહારમાં ઈન્દ્રિયોનો નિરોધ છે. આમ બહિરંગ યોગના અભ્યાસથી વિકસતો વિરોધ અંતરંગ યોગમાં સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરે છે. અંતરંગ યોગમાં ચિત્તવૃત્તિનો નિરોધ સિદ્ધ થાય છે, જેનાથી સાધક સમાધિ અવસ્થામાં પ્રવેશ કરે છે.

યોગ સાધનામાં અનેકાગ્રતામાંથી એકાગ્રતામાં આગળ વધે છે. બહિરંગ યોગના અભ્યાસથી એકાગ્રતામાં બાધારૂપ પરિબળો પર સંયમ સિદ્ધ થાય છે. યમનિયમના અભ્યાસથી આવેગો અને ઈચ્છાઓ પર સંયમ આવે છે. આસનના અભ્યાસથી સ્થૂળ શરીરમાં ઊભી થતી બાધાઓ દૂર થાય છે. શરીરનો યથાર્થ સંયમ સિદ્ધ થાય છે.

પ્રાણાયામના અભ્યાસથી પ્રાણમય શરીરમાં ઊભી થતી બાધાઓનું નિરસન થાય છે. પ્રત્યાહારની સાધનાની ઈન્દ્રિયોની વિષયોમાંથી નિવૃત્તિ થાય છે.

આમ બહિરંગ યોગના પર્યાપ્ત અભ્યાસ વિના અંતરંગ યોગમાં પ્રવેશ થતો નથી અને પ્રવેશ થાય તો તેમાં ટકી શકાતું નથી કે આગળ વધી શકાતું નથી. અષ્ટાંગ યોગનાં આઠે અંગોમાં ક્રમિક વિકાસનો સંબંધ છે. આમ હોવાથી પ્રારંભનાં અંગોના પર્યાપ્ત અભ્યાસ વિના આગળના અંગોમાં નિશ્ચયાત્મક વિકાસ સાધી શકાતો નથી.

ઘણા સાધકો વર્ષોથી ધ્યાનનો અભ્યાસ કરતાં હોય પરંતુ તેમનો તેમાં ખાસ વિકાસ થયેલો જોવા મળતો નથી. આમ થવાનું કારણ એ હોય છે કે તેમણે બહિરંગ યોગનો પર્યાપ્ત અભ્યાસ કર્યો નથી, અંતરંગ યોગની પર્યાપ્ત તૈયારી કરી નથી.

બીજી એક હકીકત પણ ધ્યાનમાં રાખવી જોઈએ. યૌગિક દૃષ્ટિબિંદુથી જોઈએ તો બહિરંગ યોગના પર્યાપ્ત અભ્યાસ વિના અંતરંગ યોગમાં પ્રવેશ શરીર તથા મન માટે જોખમી પુરવાર થઈ શકે છે.

હવે આપણે અષ્ટાંગ યોગના વિચાર કરીએ. અષ્ટાંગ યોગનાં અંતિમ ત્રણ અંગો અર્થાત્ ધારણા, ધ્યાન અને સમાધિને અંતરંગ યોગ ગણવામાં આવે છે.

**૨. ધારણા-ધ્યાન-સમાધિઃ**

(૧) ધારણા :

ધારણા અંતરંગ યોગનું પ્રથમ સોપાન છે.



**देशबन्धश्चित्तस्य धारणा ।** - यो. सू. , ३-१

'ધારણા એટલે ચિત્તનું કોઈ એક દેશવિશેષમાં સ્થિર રહેવું.'

બહિરંગ યોગના પ્રયાપ્ત અભ્યાસથી શુદ્ધ થયેલું ચિત્ત કોઈ એક સ્થાનમાં એકાગ્ર થાય તેને 'ધારણા' કહેવામાં આવે છે.

આધુનિક મનોવિજ્ઞાનનો એવો મત છે કે મન કોઈ એક વિષય પર થોડી ક્ષણોથી વધુ વખત સ્થિર રહી શકે જ નહીં. મન એક સતત પરિવર્તનશીલ ગતિ છે. મન એક પ્રવાહ છે. વળી આધુનિક મનોવિજ્ઞાન કહે છે કે એક જ વિષય પર એકાગ્ર લાગતું મન વાસ્તવમાં તે વિષયનાં ભિન્ન ભિન્ન અંગો કે પાસાંઓ પર બદલાતું રહે છે. પરંતુ યૌગિક મનોવિજ્ઞાન માને છે કે યોગાભ્યાસથી પરિશુદ્ધ થયેલું ચિત્ત બહુ લાંબા સમય સુધી એક જ વિષય પર એકાગ્ર રહી શકે છે. બંનેના મતમાં ભિન્નતાનું કારણ એ છે કે આધુનિક મનોવિજ્ઞાન સાધારમ મન વિશે કહે છે અને યૌગિક મનોવિજ્ઞાન યોગીના ચિત્ત વિશે કહે છે. યોગના મત પ્રમાણે પરિશુદ્ધ ચિત્તનું એક જ વિષયમાં લાંબા સમય સુધી એકાગ્ર થવું શક્ય છે. તેથી યૌગિક મત પ્રમાણે ધારણા અને ધ્યાન, સમાધિ આદિ આગળનાં યોગાંગ પણ શક્ય છે.

ધારણાના વિષયો પાંચ સ્વરૂપના હોય છેઃ

(I) બાહ્યવિષયો - મૂર્તિ, ચિત્ર, ઓમ્કાર વગેરે.

(II) મનોમય - ઉપરોક્ત વિષયો મનોમય સ્વરૂપ ધારણ કરે છે.

(III) શરીરનાં અંગો - નાસાગ્ર, ભ્રૂમધ્ય વગેરે.

(IV) શરીરાન્તવર્તી - હૃદય, આજ્ઞાચક્ર વગેરે.

(V) અતીન્દ્રિય અનુભવો - નાદશ્રવણ, જ્યોતિદર્શન, દિવ્યસ્પર્શ વગેરે.

ધારણામાં એકાગ્રતા હોય છે. આમ છતાં આ એકાગ્રતા ધ્યાન કે સમાધિ જેટલી ઊંડી કે સંપૂર્ણ હોતી નથી. ધારણામાં ચિત્તની સૂક્ષ્મ ગતિ કાંઈક અંશે ચાલુ રહે છે. સાધકનો પ્રયત્ન સતત આ ગતિમાંથી મુક્ત રહીને એકાગ્ર રહેવાનો હોય છે.

ધારણા બે પ્રકારની હોય છે - કરેલી ધારણા અને થયેલી ધારણા. કરેલી ધારણામાં સાધક કોઈ વિષય પસંદ કરે છે અને તેની એકાગ્રતા કરે છે. ધારણા તેનો સંકલ્પ છે, તેનો પ્રયત્ન છે. થયેલી ધારણા કરવામાં નથી આવતી પણ થાય છે. સાધક કશુંક અનુભવે છે. પ્રાણાયામ, જપ આદિ સાધનાથી સાધકને નાદશ્રવણ, જ્યોતિદર્શન, શરીરાન્તર્વર્તી ભાગોમાં સ્પર્શતી સંવેદના કે એવો કોઈ અનુભવ થાય છે. આમ બને ત્યારે સાધકનું ચિત્ત આપોઆપ જ તેમાં રહે છે. ધારણા કરવી પડતી નથી, પણ ધારણા થાય છે. કરેલી ધારણા કરતાં થયેલી ધારણા ચડિયાતી છે.

ભગવત્પ્રેમને પરિણામે ભક્તની ભગવદ્વિગ્રહ પર જે ધારણા થાય છે તે પણ થયેલી ધારણા છે અને તેથી ઉત્તમ ધારણા છે.

(૨) ધ્યાન :

**तत्र प्रत्ययैकतानता ध्यानम् ।** - यो. सू. , ३-२

'તે જ વિષયમાં પ્રત્યયનું એકધારાપણું એટલે ધ્યાન.'

ધારણા માટે પસંદ કરેલા વિષયમાં ચિત્તની ગતિ એકધારી વહ્યા કરે તે અવસ્થાને ધ્યાન કહે છે.

આ સૂત્રનો અર્થ સમજવા માટે 'પ્રત્યય' શબ્દનો અર્થ સમજવો આવશ્યક છે. અહીં 'પ્રત્યય' શબ્દ પારિભાષિક છે. કોઈ પણ વિષયનું જ્ઞાનેન્દ્રિય દ્વારા આકલન થતાં ચિત્તમાં તદ્વિષયક વ્યાપાર થાય છે, તેને 'પ્રત્યય' કહે છે. ધારણામાં આ પ્રત્યયની ધારા અખંડ નથી. અન્ય વિષયના પ્રત્યયો ચિત્તમાં કાંઈક અંશે બાધારૂપ બને છે. અલબત્ત, ધારણામાં પણ ચિત્ત મહદ્અંશે તો એક જ વિષયમાં બંધાયેલું રહે છે, પરંતુ તેમાં પ્રત્યયની એકતાનતા સિદ્ધ થઈ હોતી નથી. જ્યારે પ્રત્યયની ધારા તૈલધારાવત્ અખંડ એક જ વિષયમાં વહેવા માંડે ત્યારે તે અવસ્થાને 'ધ્યાન' કહેવામાં આવે છે. ધારણામાં સાધક એક જ પસંદ કરેલ વિષયમાં જ પ્રત્યયની અખંડ ધારા વહ્યા કરે તે માટે પ્રયત્નશીલ છે, ધારણામાં તે સિદ્ધ થાય છે. ધારણા જ વિકસીને ધ્યાન બને છે.

(૩) સમાધિ :

**तदेवार्थमात्रनिर्भासं स्वरुपशून्यमिव समाधिः।**

**- यो.सू., ३-३**

'તે જ ધ્યાનમાં જ્યારે ધ્યેયમાત્રનો જ ભાસ થાય અને પોતાનું ભાન શૂન્ય જેવું થઈ જાય ત્યારે તે અવસ્થાને 'સમાધિ' કહે છે.'

આ દશ્યમાન જગતની પાછળ જે પરમ સત્ય રહેલ છે, તેમાં પ્રવેશ કરવાનું દ્વાર સમાધિ છે. સમાધિથી સાધકનો ચતુર્થ પરિમાણમાં પ્રવેશ થાય છે. સમાધિ અગિયારમી દિશાનું મહાદ્વાર છે.

પરમ સત્ય અને આ દશ્યમાન જગત વચ્ચે એક દીવાલ છે. આ દીવાલ એટલે અંગત અહંકારી ચેતના. અહંકાર જ આ દીવાલ ઊભી કરે છે, જ્યારે આ પડદો હટી જાય છે, ત્યારે સાધક સત્ય ચેતનામાં પ્રવેશ કરે છે. આ અંગત અહંકારી ચેતના સત્યદર્શનમાં કેવી રીતે બાધારૂપ બને છે અને તે બાધા દૂર થતાં શું થાય છે, તે સમજવા માટે આપણે પ્રયત્ન કરીએ.

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# સ્વાદિષ્ટ તથા સ્વાસ્થ્યવર્ધક છે બિહારી વ્યંજન લિટ્ટી-ચોખા





સ્વાદ-રસિયાઓને દિવાળીના દિવસોમાં મનભરીને મીઠાઈ-ફરસાણની મોજ માણવાનો આનંદ અનેરો આવે છે. લાભપાંચમ બાદ છઠપૂજાનું આકર્ષણ સદાય બિહાર-ઉત્તર પ્રદેશ-મધ્ય પ્રદેશમાં જોવા મળે છે. ઊગતાં સૂર્યની આરાધના, ઉપવાસ તથા મંત્ર જાપ દ્વારા વિશિષ્ટ રીતે કરવામાં આવે છે. નદી-કિનારે-દરિયાકિનારે કે તળાવને કિનારે ખાસ ફળ-ફૂલ-દીપ પ્રગટાવીને પૂજનવિધિ કરવામાં આવે છે. ઉપવાસ બાદ અનેક જગ્યાએ સૌપ્રથમ બનતી વાનગી હોય તો તે છે 'લિટ્ટી-ચોખા'.

લિટ્ટી-ચોખાનો સ્વાદ તથા તેના પૌષ્ટિક ગુણો વિશે જાણકારી મેળવીએ તે પહેલાં તેનો રોચક ઈતિહાસ પણ જાણવા જેવો છે. 'લિટ્ટી-ચોખા'ને બિહારી વ્યંજનનનો 'તાજ' ગણવામાં આવે છે. હવે તો સમયની સાથે બદલાવ આવતાં લિટ્ટી-ચોખાનો સ્વાદ આપને ભારતના વિવિધ રાજ્યોની સાથે દિલ્હીથી લઈને લંડનમાં સરળતાથી માણવા મળી રહે છે. લિટ્ટી-ચોખાનું સાચું નામ 'ભઉરી-ચોખા' છે. લિટ્ટી-ચોખાનો આનંદ માણતી વખતે આપને અનેક વખત વિચાર આવે જ, કે આ સ્વાદિષ્ટ વાનગી બનાવવાની શરૂઆત સૌ પ્રથમ ક્યાંથી થઈ હશે. જાણીતા ઈતિહાસકારનું કહેવું છે કે બલિયાના 'લિટ્ટી-ચોખા'એ તો વિશ્વમાં સ્થાનિક વાનગીનો ડંકો વગાડયો છે. બાટી-ચોખા, દાલ--બાટી-ચુરમા જેવી વાનગી ખાવાની પ્રથા ભારતના વિવિધ રાજ્યોમાં જોવા મળે છે. બલિયાના લિટ્ટી-ચોખાની ખાસ વાત એટલે લિટ્ટીની અંદર ચણાના સત્તૂનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં વિશિષ્ટ મસાલા જેવા કે અજમો, હીંગ, આદું-મરચાં-લસણ, સિંધવ, સરસિયાનું તેલ કે તલના તેલનો ઉપયોગ કરીને ખાસ ભરવાનો મસાલો તૈયાર કરવામાં આવે છે. બાટી બિહાર તથા તેની આસપાસ જોડાયેલાં ઉત્તર પ્રદેશ, ઝારખંડ, નેપાળની સાથે મગધ પ્રદેશની લોકપ્રિય વાનગી ગણાય છે. લિટ્ટી-ચોખા માટે એવું કહેવાય છે કે 'તે ફક્ત પાકકલાનો આનંદ આપતી વાનગી નથી પરંતુ ભોજપુરી ખાનપાનની ઓળખ ગણાય છે.' ગ્રામ્ય વિસ્તારની સાદગીની સાથે તેના આતિથ્યનો સંદેશ આ વિશિષ્ટ વ્યંજનમાં છુપાયેલો છે.

લિટ્ટી-ચોખા એક પ્રાચીન વાનગી ગણાય છે. ભગવાન રામે બક્સરના ચરિત્રવનની યાત્રા દરમિયાન મહર્ષિ વિશ્વામિત્રના આશ્રમમાં લિટ્ટી-ચોખાનું ભોજન ગ્રહણ કર્યું હતું. પંચકોસી યાત્રા દરમિયાન પાંચ પવિત્ર સ્થળની પરિક્રમા બાદ અંતિમ દિને ભગવાન રામને નૈવેદ્યમાં લિટ્ટી-ચોખા ધરાવવાની પરંપરા જોવા મળે છે. સૌ પ્રથમ મગધ સામ્રાજ્યના રસોઈ-ઘરમાં બનતી હતી તેવું ઈતિહાસકારો દ્વારા જાણવા મળે છે. મગધની રાજધાની પાટલિપુત્ર હતી. જે હાલનું પટના ગણાય છે. લિટ્ટીનો ઉપયોગ મુખ્યત્વે સૈનિકો, યાત્રિકો, ખેડૂતો તથા મજૂરવર્ગ માટે ખાસ થતો હતો. વિશિષ્ટ પ્રકારે બનાવવામાં આવતાં હોવાથી તે લાંબો સમય સુધી ઉપયોગમાં લઈ શકાતા હતા. યુદ્ધમાં જતાં વીર સૈનિકોની ભાવતી વાનગી ગણાતી હતી. પહેલાંના સમયમાં ગ્રામ્ય વિસ્તારોમાં લિટ્ટીને ખાસ ગાયના સૂકા છાણામાં શેકવામાં આવતી. સમયની સાથે લિટ્ટીની સાથે સ્વાદમાં વિવિધતા લાવવા માટે ચોખાનો સમાવેશ થવા લાગ્યો. પહેલાંના સમયમાં તો કોઈપણ શાક સાથે આગમાં શેકેલી ગરમાગરમ લિટ્ટીને ઘીમાં બોળીને પીરસવામાં આવતી.

એવી માહિતી જાણવા મળે છે કે એક સમયે મુહમ્મદ ગઝની સૌરાષ્ટ્ર સ્થિત સોમનાથ મંદિરને લૂંટીને પાછો જઈ રહ્યો હતો તે સમયે ગઝનીની સેના દ્વારા હુમલો કરવામાં આવ્યો, અચાનક થયેલાં હુમલાથી જરાપણ ગભરાયા વગર રાજપૂતની સેનાએ તેમની ઉપર વળતું આક્રમણ કર્યું. તે સમયે રાજપૂતની સેનાના કેટલાંક સૈનિકો સેના માટે ભોજન બનાવી રહ્યા હતા. ભોજન બનાવી રહેલાં સૈનિકોએ પોતાની હોશિયારીથી લોટના નાના ગોળા બનાવીને કચ્છના રણની રેતીમાં ચોક્કસ સ્થળે ગોઠવી દીધા. રાત્રે જ્યારે સૈનિકો યુદ્ધમાં જીતીને પાછા ફર્યા ત્યારે કચ્છના રણની ગરમ રેતીમાં સ્વાદિષ્ટ લિટ્ટી શેકાઈને તૈયાર થઈ ગઈ હતી. બિહારમાં બલિયાવાસીઓએ ગંગા-સરયૂ નદીને કિનારે રેતીમાં લિટ્ટી બનાવીને શેકવાની શરૂઆત કરી. ધીમે ધીમે ગાયના ગોબરના છાણા બનાવીને તેમાં શેકવાની શરૂઆત થઈ. હાલમાં લિટ્ટી વિવિધ રીતે બનાવી શકાય છે. જેમ કે પ્રેશર કુકરમાં સિટી-રિંગ કાઢીને, અપ્પમ પાત્રમાં, ઈલેક્ટ્રોનિક ઓવનમાં કે ગ્રીલ મશીનમાં કે કોલસાને પ્રગટાવીને તેની ઉપર બનાવી શકાય છે. અનાજ કે બ્રેડ શેકવાની મોટી ભટ્ટીમાં કે ઈંટોની ભટ્ટીમાં તેને પકાવવાની શરૂઆત કરવામાં આવી. એક સરખી આગ મળતી હોવાથી ભટ્ટીમાં પકાવેલી લિટ્ટીનો સ્વાદ અત્યંત મધુર આવતો હોય છે.

લિટ્ટી-ચોખાને પૌષ્ટિક વાનગી ગણવામાં આવે છે કેમ કે તેમાં કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, ફાઈબર વગેરે સ્વાસ્થ્યવર્ધક ગુણો સમાયેલાં જોવા મળે છે. શુદ્ધ દેશી ઘીમાં ડૂબાવેલી લિટ્ટી તથા તેની સાથે ચટણી, રિંગણને શેકીને તેમાં બટાકા-ટામેટાના મિશ્રણ સાથે તૈયાર કરવામાં આવતું ભડથું એટલે જ ચોખા. તેનો સ્વાદ એકવખત અવશ્ય માણવા જેવો છે. કેમ કે તેમાં વધુ પડતાં તેલનો ઉપયોગ કરવામાં આવતો નથી. રેસ્ટોરાંના ભોજનની સરખામણીમાં તેમાં મર્યાદિત માત્રામાં મસાલાનો ઉપયોગ કરવામાં આવે છે.

## લિટ્ટી-ચોખાના સ્વાસ્થ્ય લાભ જાણી લઈએ

### ડાયાબિટીસના દર્દીઓ માટે લાભકારી

ડાયાબિટીસના દર્દીઓએ લિટ્ટી-ચોખાનો આહારમાં ઉપયોગ વારંવાર કરવો આવશ્યક ગણાય છે. લિટ્ટીમાં સત્તૂના લોટનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં કેલ્શિયમ, પ્રોટીન જેવાં મિનરલ્સના ગુણો જોવા મળે છે. પેટની સાથે સંકળાયેલી સર્વે સમસ્યાના નિવારણ માટે જરૂરી ગણાય છે. લિટ્ટીનો ભોજનમાં ઉપયોગ કરવાથી લિવર મજબૂત બને છે. એસિડીટીની તકલીફમાં રાહત મળે છે.

### કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં ગુણકારી

લિટ્ટી સાથે ખાસ પીરસવામાં આવતું શાક અથવા ચોખા કે જે ભડથાનાં રિંગણને શેકીને કરવામાં આવે છે. જે તેના સ્વાદને વધારવામાં મદદ કરે છે. વળી બ્લડપ્રેશર, ડાયાબિટીસ તેમ જ દિલની સાથે સંકળાયેલી સમસ્યામાં રાહત આપે છે. કેમ કે રિંગણ પોટેશ્યિમ, મેગ્નેશ્યિમ હૃદયની તંદુરસ્તી જાળવી રાખવામાં મદદ કરે છે.

### વજનને નિયંત્રણમાં રાખવામાં લાભકારી

સત્તૂના લોટમાંથી બનતી લિટ્ટીને શેકીને તૈયાર કરવામાં આવે છે. રિંગણને શેકીને તેમાં ટામેટાની સાથે ચોખાની મીઠાશ જળવાઈ રહે તે માટે મર્યાદિત માત્રામાં મસાલાનો ઉપયોગ કરવામાં આવે છે. જેથી તે એક પ્લેટ ખાવાથી લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. પૌષ્ટિક હોવાની સાથે વારંવાર ખાવાની ઈચ્છાથી બચી શકાય છે. જે લાંબેગાળે વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. રિંગણ તથા ટામેટામાં વિટામિન એ તથા વિટામિન સીના પોષક તત્ત્વો સમાયેલાં હોય છે. જે શરીરને માટે શક્તિવર્ધક ગણાય છે.

### ઘીનો ઉપયોગ શરીરને મજબૂત બનાવવામાં ઉપયોગી

ગરમાગરમ લિટ્ટીને ઘીમાં બોળીને પીરસવા આવે છે. ઘીમાં ઍન્ટિ-વાયરલ, ઍન્ટિ-ઓક્સિડન્ટ, ઍન્ટિ-ફંગલ ગુણો સમાયેલાં છે. વળી શરીરની તંદુરસ્તી માટે આવશ્યક પોષક ગુણોનો ભંડાર ગણાય છે. લિટ્ટી-ચોખાનું સેવન કરવાથી ઘીની માત્રા સંપૂર્ણ શરીર માટે અગત્યની ગણાય છે. ઘીનો ભોજનમાં સમાવેશ કરવાથી લોહીની સાથે આંતરડામાં જમા થયેલાં કૉલેસ્ટ્રોલ ઘટાડવામાં મદદ કરે છે.

## લિટ્ટી-ચોખા બનાવવાની રીત



**સામગ્રી :** ૧ કપ ઘઉંનો ઝીણો લોટ, ૧ કપ ઘઉંનો જાડો લોટ, દોઢ કપ શેકેલાં ચણાનો(સત્તૂનો) લોટ, ૮ મોટી ચમચી તેલ, ૬ ચમચી શુદ્ધ ઘી, ૧ નાની ચમચી અજમો, ચપટી મીઠું, લોટ બાંધવા પાણી. ભરવાનો મસાલો બનાવવા માટે : દોઢ કપ સત્તૂનો લોટ, ૧ ચમચી કોથમીર ઝીણી સમારેલી, ૧ નંગ લીલું મરચું ઝીણું સમારેલું, ૧ નાની ચમચી જીરું, અડધી ચમચી કલોંજીના બી, ૧ ચમચી કેરીનું અથાણું, સ્વાદપ્રમાણે મીઠું, ૧ ચમચી દળેલી ખાંડ, ૧ નાની ચમચી ધાણાજીરું, ૧ નાની ચમચી લીંબુનો રસ, ૨ ચમચી સરસિયાનું કે તલનું તેલ. ચોખા બનાવવા માટે : ૧ મોટું રિંગણ, ૨ નંગ ટામેટા, ૧ નંગ બાફેલું બટાકું, ૧ મોટી ચમચી આદું-મરચાં-લસણને ઝીણાં સમારેલાં, ૩ કળી આખું લસણ, સજાવટ માટે કોથમીર.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ ભડથાના રીંગણની ઉપર તેલ લગાવી લેવું. તેમાં નાના કાપા પાડીને વચ્ચે લસણની કળી ગોઠવી દેવી. રીંગણને ગેસ ઉપર શેકી લેવું. તેજ પ્રમાણે ૨ નંગ ટામેટા તથા બટાકાને થોડું તેલ લગાવીને ગેસ ઉપર શેકી લેવું. બરાબર શેકાઈ જાય ત્યારબાદ તેને આંચ ઉપરથી ઉતારીને ઢાંકીને ઠંડું કરવા મૂકવું. થોડું ઠંડું થાય ત્યારબાદ તેની છાલ કાઢીને તેને બરાબર એકરસ કરી લેવું. તેમાં ઝીણાં સમારેલાં મરચાં, આદું તથા લસણ ભેળવી દેવાં. સ્વાદાનુસાર મીઠું નાખી કોથમીરથી સજાવવું. ઉપરથી ૧ ચમચો સરસિયું કે તલનું તેલ ગરમ કરીને હિંગથી વઘાર કરીને ભેળવવું.

**લિટ્ટી બનાવવાની રીત :** સૌ પ્રથમ ઘઉંનો જાડો તથા ઝીણો બંને લોટ ભેળવવાં. તેમાં ૩ ચમચી ઘીનું મોણ તથા ચપટી મીઠું નાખીને ઘઉંનો લોટ પરાઠાથી થોડો કડક બાંધી લેવો. તેને ઢાંકીને રાખવો. અન્ય મોટા બાઉલમાં સત્તૂનું મિશ્રણ તૈયાર કરવા માટે દોઢ કપ સત્તૂનો લોટ લેવો. તેમાં મુઠ્ઠી પડતું તેલનું મોણ નાખવું. સ્વાદાનુસાર ઉપરોક્ત દર્શાવેલાં મસાલા ભેળવવા. આદું-મરચાં-કોથમીર ઝીણાં સમારીને ઉમેરવાં. ચપટી ખાંડ તથા અથાણાનો મસાલો એકરસ કરીને ભેળવવો. મિશ્રણને બરાબર તૈયાર કરીને ઘઉંના લોટના એકસરખાં લુવા પાડીને તેમાં સત્તૂનું મિશ્રણ ભરવું. લિટ્ટીને કુકરમાં ગોઠવવી. કુકરની સિટી તથા રીંગ કાઢી લેવી. ૧ નાની ચમચી ઘી તથા ૧ નાની ચમચી તેલ ઉમેરીને ધીમા તાપે બધી જ બાજુ બરાબર શેકી લેવી. તૈયાર કરેલી ગરમાગરમ લિટ્ટીની ઉપર ૧ ચમચી શુદ્ધ ઘી રેડવું. લિટ્ટીને ચોખા સાથે પીરસવી.

### ગરમીમાં લૂથી બચાવે છે

ગરમીના દિવસોમાં શરીરનું તાપમાન જળવાઈ રહે તે માટે સત્તૂનું સેવન કરવું જરૂરી ગણાય છે. પાચનશક્તિ વધારવામાં મદદ કરે છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

## આત્માની બારી એટલે આંખઃ

# આંખનું તેજ કઈ રીતે વધારી શકાય?

**આંખને પજવતી કેટલીક તકલીફો વિશે આપણે વાત કરી. એજ રીતે એની જાળવણી વિશે પણ જાણ્યું. હવે આગળ...**




આંખનું તેજ વધારવા આપણે આ મુજબ ઉપચાર કરી શકીએ...

ત્રિફળા ચૂર્ણને રાત્રે પાણીમાં પલાળીને સવારે ગાળીને તે પાણી આંખોમાં છાંટવાથી આંખોનું તેજ ખૂબ વધે છે.

* ૧૦૦ ગ્રામ ત્રિફળા ચૂર્ણ તથા ૧૦૦ ગ્રામ વરિયાળી મેળવી સવાર-સાંજ એક ચમચી પાણી અથવા ઘી સાથે લેવાથી આંખોની દૃષ્ટિ વધે છે.
* લીલા ધાણાના રસના બે-બે ટીપાં આંખમાં નાખવાથી આંખો સારી થાય છે. ખીલ, ફુલું અને છારી મટે છે.
* શુદ્ધ મધ અને ખાખરાના અર્કનું મિશ્રણ સરખે ભાગે લઈ, બાટલીમાં ભરી રોજ રાતે સૂતી વખતે બે-ત્રણ ટીપાં આંખમાં નાખવાથી સારું લગશે..
* સાકરને પાણીમાં ઘસી તેને સવાર-સાંજ આંખમાં આંજવાથી આંખોનું ફુલું મટે છે, આંખો સ્વચ્છ થાય છે અને તેજ વધે છે.
* રોજ તાજું માખણ કે ઘી ખાવાથી આંખનું તેજ વધે છે.
* જાયફળને પાણીમાં ઘસી પાંપણ તથા આંખની આજુબાજુ ચોપડવાથી આંખની ચળ કે પાણી પડતું હોય તો મટે છે અને આંખનું તેજ વધે છે.

### આંખમાં કચરો

**આંખમાંથી કચરો દૂર કરવાની રીતઃ**

૧. આંખમાં દૂધનાં પાંચ ટીપાં નાખવાથી કચરો દૂધ સાથે ચોંટીને બહાર નીકળી જશે.
૨. નીચું જોઈને આંખોને વારંવાર ઝડપથી પટપટાવવી.
૩. આંખોમાં ઠંડા પાણીની છાલકો મારવી.
૪. સ્વચ્છ ભીના પાતળા કપડાથી કચરો બહાર કાઢવાનો પ્રયત્ન કરવો.
૫. આંખોમાં કચરો, ચૂનો કે આકડાનું દૂધ પડવાથી થતી બળતરામાં આંખમાં દિવેલ આંજવાથી આરામ થાય છે.
૬. આંખમાં ચૂનો કે એસિડ પડ્યો હોય તો આંખની અંદર અને બહારથી ઘી ઘસવાથી શાંતિ થાય છે.

### સાવધાની

* આંખમાં કાંઈપણ પડ્યું હોય ત્યારે આંખોને ચોળવી નહીં.
* જો કોન્ટેક્ટ લેન્સ પહેરેલાં હોય ત્યારે આંખોમાં કોઈપણ બહારની વસ્તુ પડે તો તેને તથા કોન્ટેક્ટ લેન્સને બહાર કાઢવાનો પ્રયત્ન ન કરતાં, ચિકિત્સક પાસે જઈ યોગ્ય સારવાર લેવી.
* અતિ તીવ્ર ગતિથી આંખમાં પડેલો કચરો બહુ ઊંડે સુધી ફસાઈ શકે છે, તેથી તેને પોતાની રીતે કાઢવાનો પ્રયત્ન ન કરતા, ચિકિત્સક પાસે જઈ યોગ્ય સારવાર લેવી.

### આંખો ખેંચાવી અને આંખનો દુઃખાવો

૧. ઠંડા દૂધમાં રૂ ડૂબાડીને આંખો બંધ કરીને આંખની બહાર ઘસવાથી આંખોને ખૂબ જ ઠંડક થાય છે. અને આંખો ખેંચાતી બંધ થાય છે.
૨. દિવસમાં બેથી ત્રણ વાર એક ગ્રામ બોરિક પાઉડરવાળા હૂંફાળા પાણીમાં કપડાને નાખી તેને નીચોવીને આંખો બંધ રાખીને પાંચ મિનિટ શેક કરવાથી આંખો ખેંચાતી અને તેનો દુઃખાવો બંધ થાય છે.
૩. ત્રિફળા ચૂર્ણ, ઘી અને સાકર ત્રણેય ૧-૧ ચમચી ભેગા કરીને લેવા.
૪. ચોખ્ખું ઘી હથેળી ઉપર લઈ બંધ આંખ ઉપર હળવેથી ઘસવું.
૫. ચોખ્ખું મધ આંખોમાં આંજવું કે ગુલાબજળનાં ટીપાં નાખવાં.

### મોતિયો આવે ત્યારે...

**મોતિયાનાં લક્ષણઃ**

* ધુમ્મસવાળા કાચમાંથી બહાર દેખતા હોઈએ તેવું ધૂંધળું દેખાય.
* રાત્રે દેખવામાં, વાંચવામાં કે ગાડી ચલાવવામાં મુશ્કેલી અનુભવાય.

### મોતિયો આવવાનાં કારણઃ

* ડાયાબિટીસ, વધારે બ્લડપ્રેશર, જાડાપણું અને સિગારેટનું વ્યસન હોવાથી આ રોગ થવાની સંભાવના ખૂબ જ વધી જાય છે.
* વધુ પડતું ઠંડું, ગળ્યું કે ખાટું ખાવાની આદતથી.
* ૬૫ વર્ષની ઉંમર પછી તેની સંભાવના વધી જાય છે.
* અમુક લોકોને વારસાગત પણ થઈ શકે છે.

### ઉપચાર

૧) હળદરના ગાંઠિયાને બાફી નાખવો. ત્યારબાદ તેને એક-બે દિવસ ખૂલ્લી જગ્યામાં મૂકી સુકવી નાખવો. રોજ સવારે અને સાંજે ગાંઠિયાને પાણી સાથે ઘસીને તેના ઘસારાના ટીપાં આંખમાં નાખવા. ૧૦ મિનિટ આંખ બંધ રાખી એક કલાક પછી આંખ ધોઈ નાખવી. આ પ્રયોગથી થોડા સમયમાં મોતિયા તેમ જ આંખોની અન્ય બીમારીમાં રાહત થાય છે.
૨) તુલસીના પચીસ પાન વાટીને ચટણી જેવું બનાવી મોળા દહીં સાથે અથવા મધ સાથે ભેગું કરીને સવારે ખાવું. આ પ્રયોગથી અમુક દિવસોમાં જ ઝામરમાં રાહત થવા લાગે છે.
૩) મોતિયો અને ઝામર થાય ત્યારે સ્વમૂત્રના અથવા તો ગૌમૂત્રના ટીપાં આંખમાં પડવાથી તે મટી શકે છે.
૪) દિવસમાં ત્રણવાર દિવેલના બે ટીપાં આંખોમાં નાખવા કે દિવેલના થોડા ટીપાં હૂંફાળા પાણીમાં નાખીને તે પાણી દ્વારા આંખો ધોવી. દિવેલ મોતિયાની બીમારી દૂર કરવા માટે ખૂબ જ અક્સરી દવા છે.
૫) એક કપ હૂંફાળા દૂધમાં, બે ચમચી બદામનો પાઉડર, એક ચમચી મધ અને થોડા કાળા મરી ભેગા કરીને રોજ પીવું.
૬) બે-બે ચમચી સૂવા અને ધાણાનો પાઉડર અને એક ચમચી ખાંડ ભેગા કરીને રોજ લેવું.
૭) ચંદનને ઘસીને રોજ આંખમાં લગાવવું.

### રતાંધળાપણુંઃ

**એનાં કારણઃ**

* વિટામિન-એ ની કમી.
* ડાયાબિટીસ, ઝામર અને મોતિયા જેવી બીમારીઓથી આ રોગની શક્યતા વધી જાય છે.
* અમુક લોકોને જન્મજાત ખામી હોઈ શકે છે.

### રતાંધળાપણાનાં ઉપચારઃ

૧. રોજ એક કપ મોળા દહીંમાં એક ચમચી કાળા મરીનું ચૂર્ણ બરાબર ભેગું કરીને જમવું.
૨. બે-બે ટીપાં શ્યામતુલસીના પાનનો રસ આંખોમાં રોજ નાખવો.
૩. રોજ પાંચ ગ્રામ સાકર તથા બેથી પાંચ ગ્રામ જીરાને એક ચમચી ઘી સાથે ચાટવું.
૪. લીંડીપીપરને છાશમાં ઘસીને આંખમાં આંજવી.
૫. ધોળા મરીને દહીમાં અથવા મધમાં ઘસીને સવાર-સાંજ આંખમાં આંજવું.
૬. પાકા ટામેટાંનો રસ સવાર-સાંજ પીવો.
૭. ટામેટાં, બીટ, મેથીની ભાજી, ખજૂર, આંબળા, સાટોડીના પાન અને ખરખોડીના પાનનો ઉકાળો પીવો.■



# ઘોડબંદર રોડ પર ફરી થશે ટ્રાફિકની ગંભીર સમસ્યા

## જાહેર બાંધકામ વિભાગ અને થાણે પાલિકા હવે સમારકામ હાથ ધરશે

થાણેઃ જાહેર બાંધકામ વિભાગ અને થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન હવે ઘોડબંદરના ગાયમુખ ઘાટ વિસ્તારમાં સંયુક્ત રીતે સમારકામ કરશે. લગભગ બે અઠવાડિયા પહેલા મીરા ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશને ઘોડબંદર રોડ પર સમારકામનું કામ હાથ ધર્યું હતું. ત્યારબાદ હવે થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન અને જાહેર બાંધકામ વિભાગ દ્વારા સમારકામ શરૂ કરવામાં આવવાનું હોવાથી નાગરિકોનો રોષ વધવાની શક્યતા છે. ચોમાસા દરમિયાન વિવિધ અધિકારીઓ દ્વારા રસ્તા પર સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું. હવે કેટલી વાર આ રસ્તા પર સમારકામ કરવામાં આવશે તે પ્રશ્ન ઉભો થયો છે.

ઘોડબંદરમાં ગાયમુખ ઘાટ રોડ પરથી ભારે અને હળવા વાહનોની અવરજવર થતી રહે છે. ઘોડબંદરમાં કાપુરબાવડીથી ફાઉન્ટેન હોટલ સુધીનો રસ્તો થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન અને મીરા ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે. કેટલાક ભાગોનું સમારકામ જાહેર બાંધકામ વિભાગ દ્વારા કરવામાં આવે છે. છેલ્લા કેટલાક વર્ષોથી, કાપુરબાવડીથી ગાયમુખ વિસ્તારમાં મેટ્રો લાઇનનું બાંધકામ ચાલી રહ્યું છે. અહીંના રસ્તાઓના કામચલાઉ સમારકામ, ભારે વાહનોની અવરજવર અને વરસાદી પાણીને કારણે દર વર્ષે આ રસ્તા પર ખાડા પડી જાય છે. આ રસ્તા પર ઘણી વખત સમારકામનું કામ હાથ ધરવામાં આવ્યું હોવા છતાં રસ્તો સારી સ્થિતિમાં ન હોવાથી વહીવટીતંત્રની કામગીરી પર પણ પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા થવા લાગ્યા છે. ૧૧ ઓક્ટોબરના રોજ મીરા ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગાયમુખ ઘાટ નજીક ઇન્ડિયન ઓઇલ પેટ્રોલ પંપથી નીરા કેન્દ્ર સુધીના ભાગનું સમારકામ શરૂ કરવામાં આવ્યું હતું. તે સમયે મુંબઈ-અમદાવાદ રૂટ પર ભારે ટ્રાફિક જામ હતો. આ ટ્રાફિક જામથી પ્રભાવિત નાગરિકોએ સોશિયલ મીડિયા પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો. હવે ફરી એકવાર થાણે મ્યુનિસિપલ કોર્પોરેશને અહીં ગાયમુખ ઘાટ વિસ્તારમાં સમારકામનું કામ હાથ ધરવાનો નિર્ણય લીધો છે, જેના કારણે ટ્રાફિક જામ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જાહેર બાંધકામ વિભાગ પણ આ વિસ્તારમાં સમારકામ કરશે, જે નવેમ્બરમાં શરૂ થવાની શક્યતા છે. ■

બીએમસી ચૂંટણી

# બેઠકોની વહેંચણીમાં ભાજપ એકનાથ શિંદેનું માન રાખશે ?

**મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપની બેઠકો**

| | |
|---|---|
| ૧૯૯૨ | ૧૪ |
| ૧૯૯૭ | ૨૬ |
| ૨૦૦૨ | ૩૫ |
| ૨૦૦૭ | ૨૯ |
| ૨૦૧૨ | ૩૧ |
| ૨૦૧૭ | ૮૨ |

## ભાજપનો ૧૫૦ બેઠક માટે આગ્રહ, પણ શિંદેને ૬૦-૭૦ બેઠક આપવાનું અશક્ય

મુંબઈ : દિવાળી પછી હવે આગામી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીઓ માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. અનામત અને મતદાર યાદી જેવી વહીવટી તૈયારીઓની સાથે રાજકીય પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણીને લઈને વિવાદો પણ શરૂ થઈ ગયા છે. ચૂંટણીમાં મહાયુતિ બેઠકોની વહેંચણી કેવી રીતે કરશે તેના પર હાલમાં બધાનું ધ્યાન કેન્દ્રિત છે. ચર્ચા મુજબ ભાજપે આ ચૂંટણીમાં ૧૫૦ બેઠકો પર લડવાનો આગ્રહ રાખ્યો છે. જ્યારે શિવસેના (શિંદે) ને ૬૦ થી ૭૫ બેઠકો આપવામાં આવે તેવી શક્યતા છે. જોકે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેના સમાન બેઠકો માટે આગ્રહી છે. જોકે અવિભાજિત શિવસેનાએ ક્યારેય ભાજપને ૬૦, ૭૦ થી વધુ બેઠકો પર ચૂંટણી લડવા દીધી નથી, ભાજપના પ્રતિનિધિઓના મનમાં આ વાત છે. આ બધાને કારણે બધાનું ધ્યાન એ વાત પર છે કે ભાજપ હવે શિંદેની પાર્ટી સાથે આ બધાનો બદલો લેશે કે સમાન રીતે બેઠકો વહેંચશે.

જોકે, મુંબઈ મહાનગરપાલિકામાં ભાજપના (જુઓ પાનું ૪) ▸▸

# ગેરકાયદે વસવાટ કરતા છ અફઘાની નાગરિક પકડાયા

મુંબઈઃ મેડિકલ વિઝા પર ભારત આવ્યા પછી વિઝાની મુદત પૂરી થયા છતાં બોગસ દસ્તાવેજોને આધારે નામ બદલીને ગેરકાયદે વસવાટ કરનારા છ અફઘાની નાગરિકને ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડ્યા હતા. શહેરના કોલાબા અને ધારાવી પરિસરમાં અફઘાની નાગરિકો ગેરકાયદે વસવાટ કરતા હોવાની માહિતી પોલીસને મળી હતી. ■

પુણે પ્રોપર્ટી વિવાદ

# જૈન ટ્રસ્ટને સોદો રદ કરવા બિલ્ડરે જણાવ્યું

પુણેઃ પુણેમાં જૈન ટ્રસ્ટની પ્રાઇમ પ્રોપર્ટીના વેચાણ અંગેના વિવાદમાં સંડોવાયેલા પ્રાઈવેટ બિલ્ડરે ટ્રસ્ટને પત્ર લખીને સોદો રદ કરવાની માગણી કરી છે. ગોખલે લેન્ડમાર્ક્સ એલએલપીના પાર્ટનર વિશાલ ગોખલેએ રવિવારે શેઠ હીરાચંદ નેમચંદ સ્મારક ટ્રસ્ટને પત્ર લખીને આ સોદામાંથી નીકળી જવાના પોતાના નિર્ણયની જાણ કરી વેચાણ રદ કરવાની વિનંતી ટ્રસ્ટીઓને કરી હતી. સોદામાં ગેરરીતિઓ સૂચવતી અને એ માટે સામેલ પક્ષકારોને જવાબદાર ઠેરવતી જાહેરમાં ફરી રહેલી અનેક ખોટી અને ભ્રામક અફવાઓ બિલ્ડરે ટાંકી હતી. પ્રોપર્ટીના આ સોદાનો વિરોધ કરી રહેલા કેટલાક લોકોએ સોશિયલ મીડિયા પર ઇમેઇલ સંદેશાવ્યવહારના સ્ક્રીનશોટ શેર કર્યા હતા.

આશરે ૧૨ હજાર ચોરસ મીટર (૩.૫ એકર)માં ફેલાયેલી જમીનના ઊંચા ભાવ ધરાવતી પ્રતિષ્ઠિત મોડલ કોલોનીમાં દાયકાઓ જૂની જૈન બોર્ડિંગ અને શ્રી ભગવાન મહાવીર દિગંબર જૈન મંદિર છે. આ જગ્યા ૧૯૫૮માં સ્થાપિત ચેરિટેબલ ટ્રસ્ટ શેઠ હિરાચંદ નેમચંદ સ્મારક ટ્રસ્ટ હેઠળ છે. પુણે સ્થિત ગોખલે કન્સ્ટ્રક્શને ટ્રસ્ટ પાસેથી ૩૧૧ કરોડ રૂપિયામાં આ સંપત્તિ હસ્તગત કરી હતી. જોકે વિદ્યાર્થીઓ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ધાર્મિક નેતાઓ અને સમુદાયના સભ્યોએ આ સોદાનો વિરોધ કરી તેને ગેરકાયદેસર ઠેરવી દલીલ કરી હતી કે ટ્રસ્ટનું બંધારણ સંપત્તિના વેચાણની મંજૂરી આપતું નથી.

સોમવારે વિપક્ષ એનસીપી (એસપી) અને કોંગ્રેસ શહેર એકમોના કાર્યકરોએ પુણેમાં ચેરિટી કમિશનર ઓફિસની બહાર વિરોધ પ્રદર્શન કરી સંપત્તિનું વેચાણ રદ કરવાની માંગ કરી હતી. ટ્રસ્ટને મોકલેલા મેઇલમાં ગોખલેએવિનંતી કરી હતી કે સોદો રદ કરી ચૂકવવામાં આવેલા ૨૩૦ કરોડ રૂપિયા પરત કરવામાં આવે. આ બાબતે ટિપ્પણી માટે ગોખલે કન્સ્ટ્રક્શન્સ અને ટ્રસ્ટના સભ્યોનો સંપર્ક નહોતો થઈ શક્યો. ■

# ‘પોતાના ખર્ચે કાર્યાલયની સ્થાપના, બીજાની જેમ જમીન પચાવી નથી’

## વિપક્ષોના આક્ષેપ પર ફડણવીસની સ્પષ્ટતા

મુંબઈઃ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે દક્ષિણ મુંબઈમાં મહારાષ્ટ્ર ભાજપના નવા કાર્યાલયનો શિલાન્યાસ કર્યો. દરમિયાન શિવસેના (ઉબાઠા) અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર)ના નેતાઓએ આ નવી ઇમારત માટેની જમીન પર અલગ અલગ દાવા કર્યા છે. ત્યારે રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિપક્ષો દ્વારા કરવામાં આવેલી ટીકાનો જવાબ આપ્યો છે.

ભૂમિપૂજન પછીના પોતાના ભાષણમાં દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે બધાની ઈચ્છા હતી કે મુંબઈ પ્રદેશને સારું કાર્યાલય મળે. અમે તેના માટે જગ્યા શોધી રહ્યા હતા. અમે સરકારી જગ્યાને બદલે સસ્તી, ખાનગી જગ્યા શોધી રહ્યા હતા. મનોજ કોટકને આ જગ્યા મળી ગઈ. આ જગ્યામાં ઘણી મુશ્કેલીઓ હતી. અમે એક પછી એક દરેક મુશ્કેલીઓ દૂર કરી આ જગ્યા મેળવી, પરંતુ કેટલાક લોકોએ તેના પર પણ (જુઓ પાનું ૪) ▸▸

### રોહિત પવારે શું કહ્યું ?

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર) ના નેતા રોહિત પવારે આ જગ્યાના મુદ્દે એક પોસ્ટ કરી છે. તેમણે કહ્યું કે, એવી માહિતી બહાર આવી રહી છે કે મુંબઈમાં જ્યાં ભાજપ કાર્યાલયનું ભૂમિપૂજન થઈ રહ્યું છે તે સ્થળ લીઝ લેન્ડ, શેડ્યૂલ ડબલ્યુ લેન્ડ છે, અને લીઝ રિન્યુ કરવામાં આવી નથી. શું લીઝ રિન્યુઅલ ન થયું હોય એવી લીઝ લેન્ડ, શેડ્યૂલ ડબલ્યુ ધરાવતી જમીન વેચી શકાય? શું બીએમસી કમિશનર આ અંગે સ્પષ્ટતા કરશે? આ મામલો ગંભીર છે અને કમિશનરે સ્પષ્ટતા કરવાની જરૂર છે. જો કમિશનર સ્પષ્ટતા નહીં કરે, તો અમે કાલે કમિશનરને મળીશું અને આ બાબતની ફાઇલ બતાવવાની માંગ કરીશું. ■

### રાઉતે શું કહ્યું?

સંજય રાઉતે આ અંગે અમિત શાહને પત્ર લખ્યો હતો. મીડિયાના પ્રશ્નોના જવાબમાં તેમણે કહ્યું, ‘મરીન લાઇન્સમાં શિલાન્યાસ થયો હોવા છતાં, મરાઠી ભાષા ભવનનું કામ અટકેલું છે. કોઈ તેના પર ધ્યાન આપી રહ્યું નથી. જોકે, આજે કેન્દ્રીય ગૃહપ્રધાન મુંબઈ આવી રહ્યા છે અને ભાજપના ભવ્ય કાર્યાલયનો શિલાન્યાસ કરી રહ્યા છે. ખેડૂતોની ફાઈલ આગળ વધતી નથી, તેમને દિવાળી પછી પણ કોઈ સહાય મળી નથી. જોકે, ભાજપના ફાઇવ સ્ટાર હેડક્વાર્ટરની ફાઇલ રાફેલની ગતિએ આગળ વધી. આ બધું આટલી ઝડપથી કેવી રીતે બન્યું તેનું રહસ્ય જમીન નીચે દટાઈ ગયું છે. ■

# વિદ્યાર્થીનું અપહરણ કરવાની ધમકી આપી પરિવાર પાસે ખંડણી માગીઃ સ્કૂલ બસનો ડ્રાઈવર પકડાયો

થાણેઃ ૧૪ વર્ષના વિદ્યાર્થીનું અપહરણ કરવાની ધમકી આપીને તેના પરિવાર પાસે ચાર લાખ રૂપિયાની ખંડણી માગવા બદલ પોલીસે સ્કૂલ બસના ડ્રાઇવરની ધરપકડ કરી હતી. વિદ્યાર્થી રોજ બસમાં સ્કૂલે જતો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૧) રાહુલ ચવાણે જણાવ્યું હતું કે કાશીમીરા વિસ્તારમાં મોબાઇલ ફોન તથા સિમ કાર્ડની દુકાન ધરાવતા આરોપીએ ઝડપથી રૂપિયા કમાવા માટે ખંડણી વસૂલવાની યોજના બનાવી હતી.

કાશીમીરામાં રહેતા વિદ્યાર્થીની માતાના મોબાઇલ પર શનિવારે અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો, જેના તેના પુત્રનું અપહરણ કરવાની ધમકી આપીને ચાર લાખ રૂપિયાની ખંડણી માગવામાં આવી હતી.

વિદ્યાર્થીની માતાને બાદમાં આવા વધુ કેટલાક મેસેજ મોકલવામાં આવ્યા હતા. મેસેજ મળ્યા બાદ વિદ્યાર્થીની માતાએ તાત્કાલિક કાશીમીરા પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. વિદ્યાર્થીની માતાને જે નંબર પરથી મેસેજ મોકલાયો હતો, તેને પોલીસે ટ્રેસ કર્યો હતો અને મોબાઇલધારકને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યો હતો. જોકે તેની પાસેથી કોઇ માહિતી મળી નહોતી.

દરમિયાન વિદ્યાર્થીની માતાને ધમકીભર્યા મેસેજ સાથે તેના પુત્રનો ફોટો પણ પાઠવવામાં આવ્યો હતો, જે તેણે સ્કૂલ બસના ડ્રાઇવરને આપ્યો હતો. આથી પોલીસે સ્કૂલ બસના ડ્રાઇવર સદાનંદ બાબુરાવ પત્રી (૩૭)ને તાબામાં લઇને પૂછપરછ કરતાં તેણે ગુનાની કબૂલાત કરી હતી. ■

# ચક્રવાત ‘મોન્થા’: મહારાષ્ટ્રમાં ભારે વરસાદની સંભાવના

પુણે : હાલમાં અરબી સમુદ્ર અને બંગાળની ખાડી બંનેમાં હવામાન પ્રણાલીઓ સક્રિય થઇ છે. તેમાંથી બંગાળની ખાડીમાં નીચા દબાણનો પટ્ટો સર્જાયો છે, જે વધુ તીવ્ર બનીને ગંભીર ચક્રવાતમાં ફેરવાઈ શકે છે. ચક્રવાતને ‘મોન્થા’ નામ આપવામાં આવ્યું છે.

આ ચક્રવાત ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધીને મંગળવારે (૨૮ ઓક્ટોબર) આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ત્રાટકે તેવી શક્યતા છે. તેની અસરને કારણે, આંધ્રપ્રદેશ, ઓડિશા, તેલંગાણા અને છત્તીસગઢ જેવા રાજ્યો માટે રેડ એલર્ટ, જ્યારે પૂર્વ વિદર્ભ માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

ચક્રવાત મોન્થાની અસરને કારણે, આગામી ૩૬ કલાકમાં પુણે સહિત રાજ્યભરમાં મેઘગર્જના સાથે ભારે વરસાદની સંભાવના છે.

પુણે, મુંબઈ, ગઢચિરોલી, ગોંદિયા, ચંદ્રપુર, ભંડારા અને નાગપુર જિલ્લાઓ (જુઓ પાનું ૪) ▸▸

### ‘મોન્થા’ નો અર્થ શું છે?

ઉત્તર હિંદ મહાસાગર ક્ષેત્રમાં ચક્રવાતોના નામકરણ ભારતીય હવામાન વિભાગના નેજા હેઠળ પ્રાદેશિક વિશેષ હવામાન કેન્દ્ર દ્વારા કરવામાં આવે છે. આ કેન્દ્ર વિશ્વ હવામાન સંગઠન અને સંયુક્ત રાષ્ટ્રના એશિયા અને પેસિફિક માટે આર્થિક અને સામાજિક આયોગની દેખરેખ હેઠળ કાર્યરત છે. દરેક દેશ ૧૩ નામો સૂચવે છે. તે મુજબ ૧૬૯ નામોની યાદી તૈયાર કરવામાં આવે છે. જ્યારે કોઈ નવું ચક્રવાત રચાય છે, ત્યારે હવામાન વિભાગ તેને આ યાદીમાંથી આગળનું નામ આપે છે. બંગાળની ખાડીમાં બનેલા ચક્રવાતને થાઇલેન્ડ દ્વારા સૂચવવામાં આવેલ ‘મોન્થા’ નામ આપવામાં આવ્યું છે. થાઈ ભાષામાં મોન્થા શબ્દનો અર્થ સુગંધિત ફૂલ અથવા સુંદર ફૂલ થાય છે. ■

# ક્રાફર્ડ માર્કેટમાં ચપ્પલના શો-રૂમમાં આગ

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં ક્રાફર્ડ માર્કેટ પરિસરમાં આવેલા એક ચપ્પલના શો-રૂમમાં આગ લાગવાની ઘટના બની હતી. લગભગ અઢી -ત્રણ કલાકની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી પણ શો-રૂમમાં રહેતો તમામ માલ બળીને ખાખ થઈ ગયો હતો. ક્રાફર્ડ માર્કેટમાં લોકમાન્ય ટિળક રોડ પર ગ્રાઉન્ડ પ્લસ એક માળની દ્વારકાદાસ નામની ચાળ માળની ઈમારત આવેલી છે, જેમાં ગ્રાઉન્ડ ફ્લોર પર બાટાનો શો રૂમ આવેલો છે. રવિવારે રાતના ૧૦.૪૭ વાગે શોરૂમમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડના આઠ ફાયર એન્જિન, છ વોટર જેટી સહિતના સાધનો સાથે ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. રાતના લગભગ ૧૨.૫૦ વાગે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી.આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ■

# થાણેમાં ‘આપલા દવાખાના’ના ડૉક્ટર-કર્મચારીઓના પગાર મહિનાઓથી બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ ઑગસ્ટ મહિનાથી થાણે મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા થાણે શહેરમાં ગરીબોને મફતમાં આરોગ્ય સેવા પૂરી પાડવા માટે અમલમાં મુકાયેલી મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ‘આપલા દવાખાના’ બંધ હોવાની સાથે જ નર્સ, ડૉક્ટર સહિતના કર્મચારીઓને છેલ્લા છ મહિનાથી પગાર મળ્યો નથી ત્યારે સોમવારે થાણે પાલિકા કમિશનરે ‘આપલા દવાખાના’ ચલાવનારી જે કંપનીની જવાબદારી છે તેની બેંક ગેરેન્ટીના પૈસાથી તમામ લોકોના પગાર અને ભાડા ચૂકવી દેવાનો નિર્દેશ આપ્યો હતો.

ગયા અઠવાડિયે ‘આપલા દવાખાના’ના સ્ટાફના એક પ્રતિનિધિ મંડળે થાણેના સ્થાનિક વિધાનસભ્યે મળીને તેમને છેલ્લા અનેક મહિનાથી પગાર મળ્યો ન હોવાનું તેમ જ ‘આપલા દવાખાના’ના ૪૦ ક્લિનિક કમર્શિયલ દુકાનમાં ફેરવાઈ ગયા હોવાની ફરિયાદ કરી હતી. સ્થાનિક વિધાનસભ્યએ એ બાદ આરોપ કર્યા હતા કે થાણે પાલિકાએ ૪૦ ‘આપલા દવાખાના’ ચલાવવાનો કૉન્ટ્રેક્ટ બેંગલુરુ સ્થિત કંપની મેડ ઓન ગો હેલ્થ પ્રાઈવેટ લિમિટેડ કંપનીને આપ્યો હતો, તે કંપનીએ ઑગસ્ટમાં સ્ટાફનો પગાર ચૂકવ્યા વગર અને જગ્યાના માલિકોને ભાડા ચૂકવ્યા (જુઓ પાનું ૪) ▸▸

# સસ્પેન્ડેડ ડેપ્યુટી કમિશનર પાટોળે લાંચ પ્રકરણમાં વધુ બેની ધરપકડ

થાણેઃ થાણે પાલિકાના એન્ટિ-એન્ક્રોચમેન્ટ વિભાગના સસ્પેન્ડેડ ડેપ્યુટી કમિશનર શંકર પાટોળે લાંચ પ્રકરણમાં એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ વધુ બે જણની ધરપકડ કરી હતી.

બંને જણની ઓળખ મંદાર ગાવડે અને સંદીપ પાવસકર તરીકે થઇ હતી. એસીબીના અધિકારીઓ તેમની તપાસ કરી રહ્યા છે.

થાણેના નૌપાડા વિસ્તારમાં એક જગ્યા પરથી અતિક્રમણો હટાવવા માટે શંકર પાટોળેએ બિલ્ડર પાસે પચીસ લાખ રૂપિયાની લાંચ માગી હતી. બિલ્ડરે આ પ્રકરણે મુંબઇ એસીબીનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવી હતી. એસીબીના અધિકારીઓએ બાદમાં થાણે પાલિકા મુખ્યાલયમાંથી પાટોળેને તાબામાં લીધો હતો.

દરમિયાન પાટોળેને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. આ કેસ બાદમાં થાણે એસીબીમાં ટ્રાન્સફર કરાયો હતો.

એસીબીએ પાટોળે સહિત ત્રણની ધરપકડ કરી હતી. પાટોળે અને તેના બે સાથીદાર હાલ જામીન પર છે. એસીબીના અધિકારીઓએ બૅંક વ્યવહાર તથા કૉલ ડિટેલ્સ તપાસ્યા બાદ ગાવડે અને પાવસકરની ધરપકડ કરી હતી.

લાંચ માગવા અગાઉ બંને જણે બિલ્ડરની મુલાકાત પાટોળે સાથે કરાવી હતી. એ સિવાય તેમના બૅંક અકાઉન્ટમાંથી કેટલાક વ્યવહાર પણ થયા હતા, એમ સૂત્રોએ જણાવ્યું હતું.■

# ૫૮ કરોડનો ‘ડિજિટલ અરેસ્ટ’ ફ્રોડ કેસ વિદેશી ખાતામાં ૫૧૩ કરોડના વ્યવહારઃ વધુ છની ધરપકડ

મુંબઈઃ વેપારી અને તેમની પત્નીને ‘ડિજિટલ અરેસ્ટ’માં રાખીને ૫૮ કરોડ રૂપિયાની છેતરપિંડી કરનારા આરોપીઓએ ગુનો આચરવા માટે વાપરેલા વિદેશી બૅંકના ખાતામાં ૧૪ મહિનામાં ૫૧૩ કરોડ રૂપિયાના વ્યવહાર થયા હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. મહારાષ્ટ્ર સાયબર પોલીસ દ્વારા આ કેસમાં ઊંડાણથી તપાસ કરવામાં આવી રહી હોઇ આ કેસમાં શુક્રવારે પોલીસે વધુ છ જણની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ કહ્યું હતું.

મુંબઈના ફાર્માસ્યુટિકલના વેપારી અને તેમની પત્નીને આરોપીઓએ ૪૦ દિવસ સુધી ‘ડિજિટલ અરેસ્ટ’ હેઠળ રાખી રાખ્યા હતા અને સેન્ટ્રલ એજન્સીઓ આ મામલાની તપાસ કરી રહી છે, એવું બતાવીને કરોડો રૂપિયા પડાવી લીધા હતા. આ કેસમાં અત્યાર સુધી ૧૩ જણની ધરપકડ કરવામાં આવી છે. આમાંથી ૬૬ વર્ષીય (જુઓ પાનું ૪) ▸▸

# થાણેમાં સગીર મિત્રએ આપસી ઝઘડા બાદ સગીરાને તેના જ ઘરમાં સળગાવી

થાણેઃ થાણેમાં સગીર મિત્રએ આપસી ઝઘડા બાદ ૧૭ વર્ષની સગીરાને તેના જ ઘરમાં સળગાવી દીધી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

થાણેના બાળકુમ વિસ્તારમાં ૨૪ ઑક્ટોબરના રોજ આ ઘટના બની હતી, જેમાં ૮૦ ટકા દાઝી ગયેલી સગીરીને હોસ્પિટલમાં દાખલ કરાઇ હોઇ તેની હાલત નાજુક છે.

કાપુરબાવડી પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર પ્રવીણ માનેએ જણાવ્યું હતું કે સગીરાના ૧૭ વર્ષના મિત્રને તાબામાં લેવાયો હતો અને તેની સામે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. બંને વચ્ચે અગાઉ ઝઘડો થયા બાદ આરોપીએ ગુનો આચર્યો હતો.

આરોપી ૨૪ ઑક્ટોબરે સગીરાના ઘરે ગયો હતો. સગીરા કશું સમજે તે પહેલા આરોપીએ તેના પર જ્વલનશીલ પદાર્થ છાંટીને આગ ચાંપી દીધી હતી. સગીરાએ (જુઓ પાનું ૪) ▸▸



**સૂર્ય પૂજન....** છઠ્ઠ પૂજા નિમિત્તે સોમવારે સૂર્યનારાયણની પૂજા કરવા મુંબઈના બાણગંગા ખાતે હજારોની સંખ્યામાં લોકોની ભીડ જામી હતી. (અમય ખરાડે)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ૧૪૧ બૉલમાં ડબલ સેન્ચુરી, પૃથ્વીનો શાનદાર ‘શૉ’

## પૃથ્વી શોને મહારાષ્ટ્રની ટીમ ફળી : ફર્સ્ટ કલાસ ક્રિકેટમાં ત્રીજી સૌથી ઝડપી બેવડી સદીનો વિક્રમ

ચંડીગઢઃ ભારતીય ટેસ્ટ ટીમમાંથી બહાર રહેલો પૃથ્વી શો રણજી ટ્રોફીમાં શાનદાર ફોર્મમાં છે, તેણે ચંડીગઢ સામે એલિટ ગ્રુપ બી મેચની બીજી ઇનિંગમાં બેવડી સદી ફટકારી હતી. મહારાષ્ટ્ર તરફથી રમતા પૃથ્વીએ માત્ર ૧૪૧ બોલમાં બેવડી સદી પૂર્ણ કરી હતી. રણજી ટ્રોફીના એલિટ ગ્રૂપ ઇતિહાસમાં આ બીજી સૌથી ઝડપી બેવડી સદી છે. આ સાથે પૃથ્વીએ રાહુલ સિંહનો રેકોર્ડ તોડ્યો હતો, જે તેણે ૨૦૨૩-૨૪માં બનાવ્યો હતો. રાહુલે રણજી ટ્રોફીમાં ૧૪૩ બોલમાં બેવડી સદી ફટકારી હતી, પરંતુ પૃથ્વીએ હવે તેને પાછળ છોડી દીધો છે. હવે તેનાથી આગળ રવિ શાસ્ત્રી છે, જેમણે ૧૯૮૪-૮૫ સીઝનમાં ૧૨૩ બોલમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. શો વર્તમાન રણજી ટ્રોફી સીઝન પહેલા મુંબઈની ટીમમાંથી મહારાષ્ટ્રની ટીમમાં ગયો હતો અને મહારાષ્ટ્ર તરફથી આ તેની માત્ર બીજી મેચ છે. અગાઉ, પૃથ્વીએ ૭૨ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી, જે રણજી ટ્રોફીમાં છઠ્ઠી સૌથી ઝડપી સદી હતી. પૃથ્વી લાંબા સમયથી ભારતીય ટીમની બહાર છે અને સ્થાનિક ક્રિકેટમાં આ મજબૂત પ્રદર્શનથી તેનું મનોબળ વધ્યું હશે.

ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ભારતીય ખેલાડી દ્વારા ફટકારવામાં આવેલી આ ત્રીજી સૌથી ઝડપી બેવડી સદી છે. આ બાબતમાં તે રવિ શાસ્ત્રી અને તન્મય અગ્રવાલથી પાછળ છે. તન્મયે ૨૦૨૪માં અરુણાચલ પ્રદેશ સામે ૧૧૯ બોલમાં બેવડી સદી ફટકારી હતી. શાસ્ત્રીએ ૧૯૮૫માં બરોડા સામે ૧૨૩ બોલમાં બેવડી સદી ફટકારી હતી.

ચંડીગઢ સામેની રણજી ટ્રોફી મેચમાં મહારાષ્ટ્રે પોતાનો બીજો દાવ ૩૫૯ રનમાં ડિક્લેર કર્યો હતો અને ચંડીગઢને જીતવા માટે ૪૬૪ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. પૃથ્વીએ ૧૫૬ બોલમાં અણનમ ૨૨૨ રન ફટકાર્યા હતા. જેમાં ૨૯ ચોગ્ગા અને પાંચ છગ્ગાનો સમાવેશ થાય છે, જેના કારણે મહારાષ્ટ્રે બીજી ઇનિંગમાં ત્રણ વિકેટે ૩૫૯ રન કર્યા હતા અને ૪૬૩ રનની લીડ મેળવી હતી. પૃથ્વી ઉપરાંત સિદ્ધેશ વીરે ૬૨, ઋતુરાજ ગાયકવાડે ૩૬ અને અર્શીન કુલકર્ણીએ ૩૧ રન કર્યા હતા. અગાઉ, મહારાષ્ટ્રે પ્રથમ ઇનિંગમાં ૩૧૩ રન કર્યા હતા અને ચંડીગઢને ૨૦૯ રનમાં ઓલઆઉટ કર્યા બાદ ૧૦૪ રનની લીડ મેળવી હતી. મહારાષ્ટ્રે બીજી ઇનિંગમાં શાનદાર પ્રદર્શન કર્યું અને પોતાની લીડ મજબૂત કરવામાં સફળતા મેળવી હતી. ■



# ભારતનો ઝટકોઃ આક્રમક ઑપનર પ્રતિકા રાવલ વર્લ્ડ કપમાંથી બાકાત

‘નવી મુંબઈઃ ફોર્મમાં ચાલી રહેલી ભારતીય મહિલા ઓપનર પ્રતિકા રાવલ સોમવારે ઘૂંટણ અને પગની ઘૂંટીમાં ઈજાને કારણે આઈસીસી મહિલા વનડે વર્લ્ડ કપની બાકીની મેચોમાંથી બહાર થઈ ગઈ છે. જેના કારણે ઓસ્ટ્રેલિયા સામેની સેમિફાઈનલ મેચ અગાઉ ભારતીય ટીમને મોટો ઝટકો લાગ્યો હતો. ડીવાય પાટીલ સ્ટેડિયમ ખાતે બાંગ્લાદેશ સામે ભારતની અંતિમ લીગ મેચ દરમિયાન પ્રતિકાને જમણા પગે ઈજા થઈ હતી. ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ)ના એક સૂત્રએ પીટીઆઈને જણાવ્યું હતું કે તે જે રીતે પડી ગઈ તેનાથી સ્પષ્ટ થઈ ગયું કે તે નોકઆઉટ મેચો માટે ઉપલબ્ધ રહેશે નહીં. તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે.

બાંગ્લાદેશ સામે ૨૧મી ઓવરના છેલ્લા બોલ પર જ્યારે પ્રતિકા બોલને રોકવા માટે ડીપ મિડવિકેટથી દોડી ત્યારે તેનો જમણો પગ ભીના મેદાનમાં ફસાઈ ગયો અને તે પીડાથી કણસતી રહી હતી. ભારતીય ખેલાડીઓ ભાગીને પ્રતિકા પાસે પહોંચ્યા અને મેદાન પર સ્ટ્રેચર લાવવામાં આવ્યું, પરંતુ ૨૫ વર્ષીય ખેલાડી સહયોગી સ્ટાફની મદદથી મેદાનની બહાર ગઈ હતી.

પ્રતિકા સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન શાનદાર ફોર્મમાં રહી છે, તેણે છ ઇનિંગ્સમાં ૫૧.૩૩ ની સરેરાશથી ૩૦૮ રન કર્યા હતા. તેણીએ ન્યૂઝીલેન્ડ સામે વર્લ્ડ કપમાં પોતાની પહેલી સદી ફટકારી હતી. મહિલા વનડેમાં સંયુક્ત રીતે સૌથી ઝડપી ૧,૦૦૦ રન કરનાર ખેલાડી બની હતી. ભારત ગુરુવારે સેમિફાઇનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાનો સામનો કરશે, જેની ફાઇનલ રવિવારે રમાશે.

### હરલીન દેઓલ ઑપનિંગ કરશે?

નવી મુંબઈઃ ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન મિતાલી રાજનું માનવું છે કે ઓપનર પ્રતિકા રાવલના સ્થાને હરલીન દેઓલે ગુરુવારે ઓસ્ટ્રેલિયા સામેની સેમિફાઇનલમાં ઓપનિંગ કરવું જોઈએ. પ્રતિકા રવિવારે બાંગ્લાદેશ સામેની મેચ દરમિયાન ફિલ્ડિંગ કરતી વખતે ઘાયલ થઈ હતી. તેણીના જમણા પગની ઘૂંટીમાં ઇજા થઈ છે. મિતાલીએ કહ્યું હતું કે હવે સવાલ એ થાય છે કે જો પ્રતિકા ફીટ નહીં હોય તો સ્મૃતિ (મંધાના) સાથે કોણ ઓપનિંગ કરશે. પહેલો વિકલ્પ હરલીન દેઓલ છે, જે ત્રીજા નંબર પર બેટિંગ કરે છે, કારણ કે તે ઘણીવાર શરૂઆતમાં આવે છે અને નવા બોલનો સામનો કરવામાં સહજ રહે છે. ■

# ભારત સામેની પ્રથમ ટી-૨૦ મેચમાં નહીં રમે ઝેમ્પા, તનવીર સંઘા ટીમમાં સામેલ

મેલબોર્ન : ઓસ્ટ્રેલિયન લેગ-સ્પિનર એડમ ઝેમ્પા અંગત કારણોસર ભારત સામેની પાંચ મેચની ટી-૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણીની શરૂઆતની મેચમાં રમી શકશે નહીં. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ તેના સ્થાને તનવીર સંઘાને ટીમમાં સામેલ કર્યો છે. બુધવારથી કેનબેરામાં શ્રેણી શરૂ થઈ રહી છે. ઝમ્પા પોતાના બીજા બાળકના જન્મને કારણે આ મેચમાં રમી શકશે નહીં.

૨૩ વર્ષીય સંઘાએ ઓસ્ટ્રેલિયા માટે સાત ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે અને પોતાની લેગ સ્પિનથી ૧૦ વિકેટ લીધી છે. બિગ બેશ લીગમાં સિડની થંડર તરફથી રમતા સંઘાએ ૨૦૨૩થી કોઈ આંતરરાષ્ટ્રીય મેચ રમી નથી. તેણે દક્ષિણ આફ્રિકા સામે યાદગાર ડેબ્યૂ કર્યું હતું. તેમાં ૩૧ રન આપીને ચાર વિકેટ લીધી હતી.

સંઘા આ વર્ષની શરૂઆતમાં ભારતનો પ્રવાસ કરનાર ઓસ્ટ્રેલિયા-એ ટીમનો પણ ભાગ હતો. તેણે ઈન્ડિયા-એ સામે ત્રણ વન-ડેમાં સાત વિકેટ લીધી હતી. પાંચ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ કેનબેરા (૨૯ ઓક્ટોબર), મેલબોર્ન (૩૧ ઓક્ટોબર), હોબાર્ટ (૨ નવેમ્બર), ગોલ્ડ કોસ્ટ (૬ નવેમ્બર) અને બ્રિસ્બેન (૮ નવેમ્બર) માં રમાશે. ■

# સૂર્યાના ફોર્મની ચિંતા નથીઃ ગંભીર

નવી દિલ્હી : ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર ભારતની ટી-૨૦ ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવના ખરાબ ફોર્મને લઈને ચિંતિત નથી કારણ કે જ્યારે ટીમ ખૂબ આક્રમક ક્રિકેટ રમવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે ત્યારે નિષ્ફળતાઓ મળે છે. ભારતે ગયા મહિને સૂર્યકુમારની કેપ્ટનશિપ હેઠળ યુએઈમાં એશિયા કપ ટુર્નામેન્ટ જીતી હતી, પરંતુ ભારતીય કેપ્ટનનું બેટિંગ ફોર્મ ખરાબ રહ્યું હતું કારણ કે તે સાત ઇનિંગ્સમાં ફક્ત ૭૨ રન જ કરી શક્યો હતો. જોકે, મુખ્ય કોચ ગંભીરે સૂર્યકુમારનું સમર્થન કર્યું હતું.

ગંભીરે કહ્યું, ‘‘ઈમાનદારીથી કહું તો હું સૂર્યકુમારના બેટિંગ ફોર્મથી ચિંતિત નથી કારણ કે અમે અમારા ડ્રેસિંગ રૂમમાં વધુ આક્રમક અભિગમ અપનાવ્યો છે. જ્યારે તમે આ માનસિકતા અપનાવો છો ત્યારે નિષ્ફળતાઓ મળે છે.’’ તેમણે કહ્યું હતું કે, ‘‘સૂર્યકુમાર માટે ૩૦ બોલમાં ૪૦ રન કરવા અને ટીકાથી બચવું સરળ હોત, પરંતુ અમે સામૂહિક રીતે નક્કી કર્યું છે કે આ અભિગમ અપનાવતી વખતે નિષ્ફળ થવામાં કોઈ સમસ્યા નથી.’’

સૂર્યકુમાર બેટિંગમાં સારું પ્રદર્શન કરવા માટે સંઘર્ષ કરી રહ્યો હતો, ત્યારે અભિષેક શર્મા અને તિલક વર્મા જેવા ખેલાડીઓએ તેમની પ્રભાવશાળી બેટિંગથી ટુર્નામેન્ટમાં ધૂમ મચાવી હતી. ગંભીરે કહ્યું હતું કે તેનું ધ્યાન કોઈ એક ખેલાડી પર નહીં, પરંતુ આખી ટીમ પર છે. તેમણે કહ્યું હતું કે, અભિષેક શર્મા હાલમાં સારા ફોર્મમાં છે અને તેણે સમગ્ર એશિયા કપ દરમિયાન તેને જાળવી રાખ્યું છે. ■

# ભારત આવનારી દ. આફ્રિકાની ટીમનો કૅપ્ટન બવુમા, ત્રણ સ્પીનરનો સમાવેશ

જોહાનિસબર્ગઃ ભારત સામેની બે મેચની ટેસ્ટ શ્રેણી માટે દક્ષિણ આફ્રિકાની ટીમની જાહેરાત કરવામાં આવી હતી. કેપ્ટન ટેમ્બા બવુમા પગની ઇજામાંથી સ્વસ્થ થયા બાદ મેદાનમાં વાપસી કરવા માટે તૈયાર છે. તે આ શ્રેણીમાં ભારત સામે ટીમનું નેતૃત્વ કરશે. બે ટેસ્ટ શ્રેણી ૧૪ નવેમ્બરથી શરૂ થશે. પહેલી મેચ કોલકાતામાં રમાશે, જ્યારે બીજી મેચ ૨૨ નવેમ્બરે ગુવાહાટીમાં રમાશે.

બવુમા પાકિસ્તાનમાં તાજેતરની બે મેચની શ્રેણીમાં રમી શક્યો ન હતો. તે શ્રેણીમાં ભાગ લેનારા મોટાભાગના ખેલાડીઓને સ્થાન આપવામાં આવ્યું છે. બવુમા ૨ નવેમ્બરે બેંગલુરુમાં દક્ષિણ આફ્રિકા-એ અને ઈન્ડિયા-એ વચ્ચેની ચાર દિવસીય મેચમાં રમી શકે છે. આ મેચમાં ઋષભ પંત પણ ઈજામાંથી વાપસી કરશે.

દક્ષિણ આફ્રિકાએ તેના ત્રણ મુખ્ય સ્પિનરો સાઈમન હાર્મર, કેશવ મહારાજ અને સેનુરન મુથુસામીનો સમાવેશ કર્યો છે, જેમણે પાકિસ્તાનમાં ટર્નિંગ ટ્રેક પર નોંધપાત્ર દેખાવ કર્યો હતો. તે ઘરઆંગણે ભારતીય બેટ્સમેનોને મુશ્કેલીમાં મૂકી શકે છે. ભારત કેવા પ્રકારની પિચો તૈયાર કરે છે તે જોવાનું બાકી છે, કારણ કે તેઓએ આ મહિનાની શરૂઆતમાં વેસ્ટ ઈન્ડિઝ સામે સંપૂર્ણપણે ટર્ન લેતી પીચો પસંદ કરી ન હતી.

**ટીમ :**

ટેમ્બા બવુમા (કેપ્ટન), એડન માર્કરામ, રેયાન રિકેલ્ટન, ટ્રિસ્ટન સ્ટબ્સ, કાઈલ વેરિન, ડેવાલ્ડ બ્રેવિસ, ઝુબેર હમઝા, ટોની ડી જોર્ઝી, કોર્બિન બોશ, વિયાન મુલ્ડર, માર્કો યાનસેન, કેશવ મહારાજ, સેનુરન મુથુસામી, કગીસો રબાડા, સાઈમન હાર્મર. ■

# જીવનમાં કરવા માટે ઘણુંય છે... સિડનીમાં સેન્ચુરી પછી રોહિત શર્માએ કહ્યું

સિડનીઃ રોહિત શર્માએ ઓસ્ટ્રેલિયા સામે તાજેતરમાં સમાપ્ત થયેલી વન-ડે સીરિઝમાં પોતાની સફળતાનો શ્રેય જાતે કરેલી તૈયારીઓને આપ્યો હતો. રોહિત શર્માએ કહ્યું હતું કે જીવનમાં ફક્ત વ્યાવસાયિક રીતે પ્રતિબદ્ધ રહેવા સિવાય કરવા માટે ઘણું બધું છે. રોહિત શર્માએ અહીં ત્રીજી અને છેલ્લી વન-ડે મેચમાં અણનમ ૧૨૧ રન કર્યા હતા. મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયાને નવ વિકેટથી હરાવ્યું હતું. ઓસ્ટ્રેલિયાએ ત્રણ મેચની શ્રેણી ૨-૧ થી જીતી હતી.

રોહિત શર્માએ કહ્યું હતું કે ‘‘જ્યારથી મેં રમવાનું શરૂ કર્યું ત્યારથી મારી પાસે કોઈ પણ સીરિઝની તૈયારી માટે ક્યારેય ચારથી પાંચ મહિના મળ્યા નહોતા. તેથી હું તેનો મહત્તમ ઉપયોગ કરવા માંગતો હતો. હું મારી રીતે, મારી શરતો પર વસ્તુઓ કરવા માગતો હતો અને તે મારા માટે ખરેખર સારું રહ્યું હતું કારણ કે હું સમજી ગયો હતો કે મારી બાકીની કારકિર્દી માટે મારે શું કરવાની જરૂર છે.’’

રોહિતને ઓસ્ટ્રેલિયા સામે મેન ઓફ ધ મેચ અને મેન ઓફ ધ સીરિઝ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. રોહિત શર્માએ કહ્યું હતું કે ‘‘ તે સમયનો ઉપયોગ કરવો મહત્ત્વપૂર્ણ હતો કારણ કે જેમ મેં કહ્યું હતું, મેં ઘરે સારી તૈયારી કરી હતી.’’

રોહિત શર્માએ કહ્યું હતું કે તેથી હું અહીં આવતા પહેલા જે રીતે તૈયારી કરી હતી તેને ઘણો શ્રેય આપું છું. મેં મારી જાતને ઘણો સમય આપ્યો. તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતું કારણ કે ક્યારેક તમારે સમજવાની જરૂર હોય છે કે જીવનમાં તમે જે વ્યવસાયિક રીતે કરો છો તેના કરતાં કરવા માટે ઘણું બધું છે, પરંતુ મારી પાસે ઘણો સમય હતો અને તેથી જ મેં તેનો ઉપયોગ કર્યો. ■

## દેશ-વિદેશ

# જમ્મુમાંથી ૫.૩ કિલો હેરોઇન જપ્ત કરાયું

જમ્મુ : એક મોટા દાણચોરી વિરોધી ઓપરેશનમાં, બીએસએફના સતર્ક જવાનોએ સોમવારની સવારે જમ્મુના આરએસ પુરાના સરહદી વિસ્તારમાંથી ૫.૩ કિલોથી વધુ હેરોઈન જપ્ત કર્યું હતું.

ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે, બીએસએફના જવાનોએ પાકિસ્તાનના દાણચોરો દ્વારા ભારતીય ક્ષેત્રમાં ડ્રગ્સની દાણચોરી કરવાના બીજા પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો.

બીએસએફના ગુપ્તચર પાસેથી મળેલી ચોક્કસ માહિતીના આધારે ૨૬ ઓકટોબરના રોજ એક ખાસ ઓપરેશનનું આયોજન કરવામાં આવ્યું હતું .

સોમવારની સવારે બિદીપુર ગામ નજીક શરૂ કરાયેલા સર્ચ ઓપરેશન દરમિયાન, જમ્મુના આરએસ પુરામાં સતર્ક બીએસએફના જવાનોએ આશરે ૫.૩૦૦ કિલોગ્રામ વજનના બે પીળા કોથળા (જેમાં ૧૦ નાના પેકેટ લપેટેલા હતા) જપ્ત કર્યા હતાં. જમ્મુના આરએસ પુરામાં બિદીપુર ગામ નજીકના એક ખેતરમાંથી શંકાસ્પદ પ્રતિબંધિત પદાર્થ જપ્ત કરવામાં આવ્યો હતો.

બીએસએફનું કહેવું છે કે આ પદાર્થ હેરોઈન હોવાની શંકા છે અને સરહદ પારથી ડ્રોન દ્વારા ફેંકવામાં આવ્યો હોય તેવું લાગે છે. આ વિસ્તારમાં સઘન શોધખોળ ચાલી રહી છે. વધુ તપાસ માટે પોલીસને બોલાવવામાં આવી છે. ■

# ચીફ જસ્ટિસ ભણી જૂતું ફેંકનાર સામે કાર્યવાહી નથી કરવી સુપ્રીમ કોર્ટને

નવી દિલ્હીઃ ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (સીજેઆઈ) બી. આર. ગવઈએ જ તેમનાં પર જૂતું ફેંકનાર વિરુદ્ધ કોર્ટના અનાદરની કાર્યવાહી કરવાનું નકારી કાઢ્યું હોવાનું જણાવી સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું હતું કે સીજેઆઈ પર જૂંતુ ફેંકનાર વકીલ વિરુદ્ધ કોર્ટના અનાદરની કાર્યવાહી કરવા અમે ઈચ્છુક નથી.

ન્યાયાધીશ સૂર્યકાન્ત અને જોયમાલા બાગચીની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે કોર્ટમાં સૂત્રોચ્ચાર કરવા અને જૂતું ફેંકવું એ કોર્ટના અનાદરનો કેસ છે પરંતુ, કાયદા અંતર્ગત સંબંધિત વ્યક્તિ વિરુદ્ધ કાર્યવાહી કરવી કે નહીં તે ન્યાયાધીશ પર નિર્ભર કરે છે.

ઘટનાને જાતે જ શમી જવા દેવી જોઈએ એમ જણાવતાં ખંડપીઠે કહ્યું હતું કે કોર્ટના અનાદરની નોટિસ સીજેઆઈ પર જૂતું ફેંકનાર વકીલને બિનજરૂરી મહત્ત્વ અપાવશે અને ઘટનાની અભરાઈ પરની આવરદાને લંબાવશે. છ ઑક્ટોબરે કોર્ટની કાર્યવાહી દરમિયાન સીજેઆઈ પર જૂતું ફેંકનાર ૭૧ વર્ષના વકીલ રાકેશ કિશોર વિરુદ્ધ કોર્ટના અનાદરની કાર્યવાહી કરવાની માગણી કરતી સુપ્રીમ કોર્ટ બાર એસોસિયેસન (એસસીબીએ)ની અરજીની ખંડપીઠ સુનાવણી કરી રહી હતી.

ભવિષ્યમાં આ પ્રકારની ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે માર્ગદર્શિકા બહાર પાડવા અંગે વિચારણ કરવામાં આવશે, એમ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું.

ખંડપીઠે સોલિસિટર જનરલ તુષાર મહેતાને દેશની વિવિધ કોર્ટમાં જૂતું ફેંકવાની બનેલી ઘટનાઓની વિગતો એકઠી કરવા જણાવ્યું હતું. (એજન્સી) ■

# સૂર્યકાંતને ચીફ જસ્ટિસ બનાવવાની ભલામણ

નવી દિલ્હીઃ ન્યાયાધીશ સૂર્યકાંત નવા સીજેઆઇ બની શકે છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઇએ કેન્દ્રને આગામી મુખ્ય ન્યાયાધીશ તરીકે ન્યાયાધીશ સૂર્યકાંતના નામની ભલામણ કરી છે.

વર્તમાન ચીફ જસ્ટીસ ઓફ ઇન્ડિયા ગવઇ પછી સુપ્રીમ કોર્ટના બીજા સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ, જસ્ટિસ સૂર્યકાંત ૨૪ નવેમ્બરે ભારતના ૫૩મા મુખ્ય ન્યાયાધીશ બની શકે છે. અત્રે નોંધનીય છે કે ૨૩ નવેમ્બરના રોજ ચીફ જસ્ટિસ ગવઇ નિવૃત થશે. આ વર્ષે ૧૪ મેના રોજ શપથ ગ્રહણ કરનારા મુખ્ય ન્યાયાધીશ ગવઇએ કેન્દ્રીય કાયદા મંત્રાલયને જસ્ટિસ સૂર્યકાંતને આગામી મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવાની ભલામણ કરી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા જારી એક પ્રેસ નોટમાં જણાવાયું છે કે ભારતના માનનીય મુખ્ય ન્યાયાધીશ, ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઇ ભારતના ૫૩માં મુખ્ય ન્યાયાધીશ અને તેમના અનુગામી તરીકે સુપ્રીમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ માનનીય ન્યાયાધીશ સૂર્યકાંતના નામની ભલામણ કરે છે. ન્યાયાધીશ સૂર્યકાંતને ૨૪ મે, ૨૦૧૯ના રોજ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે બઢતી આપવામાં આવી હતી. સૂર્યકાંતનો મુખ્ય ન્યાયાધીશ તરીકેનો કાર્યકાળ લગભગ ૧૫ મહિનાનો રહેશે. તેઓ ૯ ફેબ્રુઆરી, ૨૦૨૭ના રોજ નિવૃત થવા જઇ રહ્યા છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો માટે નિવૃતિ વય ૬૫ વર્ષ છે. ■

# ઈંગ્લૅન્ડમાં પંજાબી મહિલાનો રેપઃ ગુના પાછળ રંગભેદ કારણ હોઈ શકે

લંડન : ઈંગ્લૅન્ડના વેસ્ટ મિડલૅન્ડ રીજનમાં વીકઍન્ડમાં ૨૦ વર્ષની પંજાબી મહિલા પર બળાત્કાર કરવામાં આવ્યો હતો. બળાત્કાર પાછલ રંગભેદ પણ કારણ હોઈ શકે. પોલીસે માહિતી આપી હતી કે બળાત્કાર કરવાની શંકાથી ૩૨ વર્ષના પુરુષની સોમવાર સવારે ધરપકડ કરાઈ હતી. શનિવાર સાંજે હુમલાના સંબંધમાં સઘન તપાસ શરૂ કરાઈ હતી. વેસ્ટ મિડલૅન્ડ પોલીસે કહ્યું હતું કે ગલીમાં કણસી રહેલી મહિલાની સુખાકારીની ચિંતાથી પ્રેરાઈને પાર્ક હૉલ એરિયામાં પોલીસને બોલાવવામાં આવી હતી. તપાસ પર દેખરેખ રાખતા ડિટેક્ટિવ સુપરિન્ટેન્ડન્ટ રોનન ટાયરરે પેરી બાર એરિયામાં એક ઈસમની ધરપકડને ‘ઉલ્લેખનીય સફળતા’ ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે અમારી તપાસ ચાલુ છે. અમારી મુખ્ય ચિંતા પીડિતા અંગેની છે. સોમવારે સવારે તેને નવી માહિતી આપવામાં આવી હતી.

રવિવારે પોલીસે શકમંદ જડે ૩૦ વર્ષનો શ્વેત પુરષ છે એનો સીસીટીવી ફૂટેજ બહાર પાડ્યો હતો. પોલીસે લોકોને આ ગુના અંગે જે માહિતી હોય એ આપવાની વિનંતી છે. પોલીસ રંગભેદ પ્રેરિત હુમલાની તપાસ કરી રહી છે. યુવતી પર હિચકારો હુમલો કરવામાં આવ્યો છે અને અમે દોષિત ઈસમને પકડવા તમામ પ્રયાસો કરી રહ્યા છીએ. અધિકારીઓની ટીમ પૂરાવા ભેગા કરી રહી છે. અમે હુમલાખોરનું પ્રોફાઈલ બનાવ્યું છે. અમે જે કોઈએ ગુનેગારને શંકાસ્પદ હિલચાલ કરી રહ્યો એની કોઈ માહિતી હોય તો આપે.

હુમલો કરતી વખતે આશરે ૩૦ વર્ષનો શ્વેત બળાત્કારી ટૂંકા વાળ ધરાવે છે અને તેણે ડાર્ક કપડા પહેર્યા હતાં. જોકે સ્થાનિક કમ્યુનિટી ગ્રૂપે દાવો કર્યો હતો કે પીડિતા પંજાબી યુવતી છે. નજીકના ઓલ્ડબરી એરિયામાં અંગ્રેજ શીખ મહિલા પર બળાત્કાર થયા બાદ આ ઘટના બની છે. જોકે ટાયરરે કહ્યું હતું કે આ તબક્કે અમે આ હુમલાને બીજા ગુના સાથે સાંકળતા નથી. શીખ ફેડરેશન યુકેએ સ્થાનિક સમાજના સૂત્રોને ટાંકીને કહ્યું હતું કે વોલસોલમાં પંજાબી મહિલા પર રંગભેદથી પ્રેરાઈને બળાત્કાર કરવામા આવ્યો હતો. ■

# વાવાઝોડું ‘મોન્થા’ ઓડિશા, આંધ્ર પ્રદેશ, તમિળનાડુ અને પશ્ચિમ બંગાળને ધમરોળશે

નવી દિલ્હીઃ બંગાળના અખાતમાં નિર્માણ પામેલું વાવાઝોડું ‘મોન્થા’ ખૂબ જ ઝડપથી પૂર્વ કિનારા તરફ આગળ વધી રહ્યું છે જેને કારણે ઓડિશા, આંધ્ર પ્રદેશ, તમિળનાડુ અને પશ્ચિમ બંગાળમાં વાવાઝોડાં સાથે ભારે વરસાદ થવાનું જોખમ વધી ગયું હોવાને લીધે હવામાન ખાતાએ આ રાજ્યોના અનેક જિલ્લાઓમાં રેડ અલર્ટ જારી કર્યું છે. ગઈ કાલે મોડી રાતે મોન્થા વાવાઝોડાએ આંધ્ર પ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારમાં લેન્ડફોલ કર્યું હતું.

આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન. ચંદ્રાબાબુ નાયડુએ કહ્યું હતું કે વાવાઝોડાં ‘મોન્થા’ને કારણે નિર્માણ પામનારી પરિસ્થિતિને પહોંચી વળવા તમામ પ્રકારની સહાય કરવાની વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બાંયધરી આપી છે.

આંધ્ર પ્રદેશ ડિઝાસ્ટર મેનેજમેન્ટના વડા પ્રખર જૈને કહ્યું હતું કે વાવાઝોડું ‘મોન્થા’ ખૂબ જ ઝડપથી પૂર્વ કિનારા તરફ આગળ વધી રહ્યું છે જેને કારણે કિનારા વિસ્તારમાં આવેલા જિલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદ પડી રહ્યો છે. વાવાઝોડું ૧૮ કિ.મી. પ્રતિકલાકની ઝડપે આગળ વધી રહ્યું છે અને ૨૮ ઑક્ટોબરની સાંજ અથવા રાત્રે કાકિનાડા કિનારે ત્રાટકે તેવી શક્યતા છે.

ભારે પવન સાથે વરસેલા વરસાદને કારણે કેરળમાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે. કેરળમાં વરસાદ સંબંધિત ઘટનામાં બે વ્યક્તિનાં મોત થયાં હોવાના અહેવાલ છે. કેરળના પાંચ જિલ્લામાં હવામાન ખાતાએ ઑરેન્જ અલર્ટ જારી કર્યો છે. આલાપુઝ્ઝામાં એક માછીમારની બૉટ ડૂબી ગઈ હતી તો અર્નાકુલમમાં વીજળી પડવાથી એક વ્યક્તિનું મોત થયું હતું.

ઓડિશા સરકારે કિનારા વિસ્તારમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવાનું આરંભી દીધું છે. આઠ જિલ્લામાં ૧૨૮ બચાવ ટુકડી ગોઠવી દેવામાં આવી છે. (એજન્સી) ■

# અયોધ્યામાં રામ મંદિરનું બાંધકામ પૂર્ણ

અયોધ્યાઃ અયોધ્યામાં રામ મંદિરનું બાંધકામ પૂર્ણ થયું છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે સોમવારે ભગવાન શ્રી રામ લલ્લાના મુખ્ય મંદિર સહિત તમામ મંદિરના નિર્માણ કાર્ય પૂર્ણ થયા હોવાની જાહેરાત કરી હતી.

ટ્રસ્ટે એક્સ પર જણાવ્યું કે ભગવાન શ્રી રામ લલ્લ સરકારના તમામ ભક્તોને જણાવતા અમને ખૂબ આનંદ થાય છે કે મંદિર નિર્માણનું તમામ કાર્ય પૂર્ણ થઇ ગયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે બાવીસ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં રામ મંદિરમાં ભગવાન રામની મૂર્તિની પ્રાણ-પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. મોદી પચીસ નવેમ્બરે અયોધ્યા આવી શકે છે, જ્યાં ધ્વજારોહણ સમારોહ યોજાવાનો છે.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે આ સિદ્ધિની પ્રશંસા કરી અને તેને લોકોની આસ્થાનું પરિણામ ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે થોડા વર્ષો પહેલા ઘણા લોકો માનતા હતા કે રામ મંદિર માત્ર એક સ્વપ્ન જ રહેશે. પરંતુ આજે ભવ્ય મંદિર બનીને તૈયાર છે અને અયોધ્યા તેની પ્રાચીન ભવ્યતા ફરી મેળવી રહ્યું છે. આદિત્યનાથે કહ્યું કે ગયા વર્ષે રેકોર્ડ સંખ્યામાં લોકો અયોધ્યા આવ્યા હતા અને આ સંખ્યા હજુ વધશે.

ટ્રસ્ટે જણાવ્યું કે અત્યાર સુધીમાં પૂર્ણ થયેલા બાંધકામમાં મુખ્ય રામ મંદિર અને પરિસરમાં બીજા છ મંદિરનો સમાવેશ થાય છે. જે મહાદેવ, ગણેશ, હનુમાન, સૂર્યદેવ, મા ભગવતી અને મા અન્નપૂર્ણાને સમર્પિત છે. તેમજ શેષાવતાર મંદિર પણ છે. આ મંદિરો પર ધ્વજ અને કળશ સ્થાપિત કરવામાં આવ્યા છે.

ટ્રસ્ટે જણાવ્યું કે ઋષિ વાલ્મીકિ, ઋષિ વશિષ્ઠ, ઋષિ વિશ્વામિત્ર, ઋષિ અગસ્ત્ય, નિષાદરાજ, શબરી અને દેવી અહલ્યાને સમર્પિત સાત મંડપ પણ સંપૂર્ણ રીતે પૂર્ણ થઇ ગયા છે. સંત તુલસીદાસ મંદિર પણ પૂર્ણ થઇ ગયું છે અને જટાયુ તથા ખિસકોલીની મૂર્તિઓ સ્થાપિત થઇ ગઇ છે. ■

# વસઈ - વિરાર પાલિકાના ભૂતપૂર્વ કમિશનરની ધરપકડને ગેરકાયદે ગણાવતા ચુકાદાને પડકારાયો

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટ મની લોન્ડરિંગ કેસમાં વસઈ-વિરાર નગરપાલિકાના ભૂતપૂર્વ કમિશનર અનિલ પવારની મની લોન્ડરિંગ કેસમાં ધરપકડને ‘ગેરકાયદે’ ગણાવતા બોમ્બે હાઈ કોર્ટના ચુકાદાને પડકારતી એન્ફોર્સમેન્ટ ડિરકટરેટ (ઈડી)ની અરજી સાંભળવા તૈયાર થઈ છે. ઈડીએ ૧૩ ઑગસ્ટે પવારની ધરપકડ કરી હતી.

ઈડીએ આક્ષેપ કર્યો હતો કે સિટી ઍન્ડ ઑફ ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન ઑફ મહારાષ્ટ્રના અધિકારીઓ સાથે સાંઠગાંઠ કરીને આરોપી બિલ્ડર અને ડેવલપરે ૨૦૦૮-૨૦૧૦ દરમિયાન ગેરકાયદે બાંધકામ કર્યા હતાં અને ૪૧ મકાન ઊભાં કર્યા હતાં. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચ સમક્ષ હાઈ કોર્ટના ૧૫ ઑક્ટોબરના હુકમને પડકારતી અરજી આવી હતી.

બેન્ચે ઈડીની અરજી પર પવારનો જવાબ માગ્યો હતો અને આ અરજી પર ત્રણ અઠવાડિયા પછી સુનાવણી રાખી હતી. (એજન્સી) ■

# કરુર નાસભાગના પીડિતોના પરિવારોને અભિનેતા વિજય મળ્યા

ચેન્નાઇઃ કરુર નાસભાગની દુઃખદ ઘટનાના એક મહિના બાદ સોમવારે અભિનેતા-રાજનેતા વિજય દુર્ઘટનાનો ભોગ બનેલા પરિવારોને મહાબલીપુરમમાં મળ્યા હતા. આ જાણકારી ટીવીકેના એક સૂત્રએ આપી હતી.

તમિલગા વેત્રી કઝગમ(ટીવીકે)ના સૂત્રના જણાવ્યા અનુસાર કરુરથી કુલ ૩૭ પરિવારોને મુલાકાત સ્થળ પર લાવવામાં આવ્યા હતા. એક રિસોર્ટમાં પાર્ટી દ્વારા લગભગ ૫૦ રૂમ બુક કરાવવામાં આવ્યા હતા. અભિનેતા-નેતા તેઓને વ્યક્તિગત રીતે મળ્યા હતા અને તેમના માટે બપોરના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. વિજયે પરિવારોને શિક્ષણ ઉપરાંત આર્થિક સહાયની ખાતરી આપી હોવાનું સૂત્રએ જણાવ્યું હતું.

સૂત્રએ વધુમાં જણાવ્યું કે સભ્યોને પહેલા પાંચ બસોમાં લાવવામાં આવ્યા હતા અને બાદમાં તેમને અહીંથી લગભગ ૪૦૦ કિમી દૂર કરુર પાછા લઇ જવામાં આવવાના હતા. વિજયની ટીવીકેએ રિસોર્ટમાં મુલાકાતની વ્યવસ્થા કરી હતી જેથી તે શોકગ્રસ્ત પરિવારોને વ્યક્તિગત રીતે મળી શકે અને તેમની સંવેદના વ્યક્ત કરી શકે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૭ સપ્ટેમ્બરના રોજ વિજય દ્વારા સંબોધવામાં આવેલી ટીવીકેની સભામાં નાસભાગ મચી હતી. ■

# યુએસ ચાઈનાની ટ્રેડ ડીલ અને ફેડની રેટકટની આશા વચ્ચે નિફ્ટી ફરી ૨૬,૦૦૦ની નિકટ પહોંચ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા અને ચીન વચ્ચે વેપાર સોદા અને ફેડરલ દ્વારા રેટકટની આશા વચ્ચે ગ્લોબલ માર્કેટમાં તીવ્ર તેજીને પગલે સોમવારે બેન્ચમાર્ક સેન્સેક્સ લગભગ ૫૬૭ પોઈન્ટ ઊછળ્યો અને વ્યાપક નિફ્ટી ૨૫,૯૦૦ની ઉપર બંધ થયો હતો. અપેક્ષા કરતા નરમ યુએસ ફુગાવાએ આ વર્ષે ફેડ રેટ ઘટાડાની આશા ફરી જીવંત કરી હોવાથી તેજી આવી હતી.

દિવસ દરમિયાન ૭૨૦.૨ પોઈન્ટ અથવા ૦.૮૫ ટકા વધીને ૮૪,૯૩૨.૦૮ને અથડાયા બાદ સેન્સેક્સ ૫૬૬.૯૬ પોઈન્ટ અથવા ૦.૬૭ ટકા ઉછળીને ૮૪,૭૭૮.૮૪ પર સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૧૭૦.૯૦ પોઈન્ટ અથવા ૦.૬૬ ટકા વધીને ૨૫,૯૬૬.૦૫ પર બંધ થયો હતો.

સેન્સેક્સમાં ટોપ ગેઇનર્સમાં ભારતી એરટેલ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, ટાટા સ્ટીલ, એચડીએફસી બેંક અને ઇટર્નલનો સમાવેશ થાય છે, જ્યારે કોટક મહિન્દ્રા બેંક, ભારત ઇલેક્ટ્રોનિક્સ, ઇન્ફોસિસ અને બજાજ ફાઇનાન્સ ટપ લુઝર્સ રહ્યા હતા. પીએસયુ બેંકના શેરોમાં સારો ઉછાળો હતો જ્યારે ડિફેન્સ અને મીડિયા શેરોમાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું.

પ્રાઇમરી માર્કેટમાં લેન્સકાર્ટના આઇપીઓ પહેલા ડીમાર્ટના રાધાકૃષ્ન દામાણીએ તેમાં રૂ. ૯૦ કરોડનું રોકાણ કર્યું છે. ન્યૂ એજ આઈ વેર મેન્યુફેક્ચરર કંપની લેન્સકાર્ટ સોલ્યુશન્સ શુક્રવાર, ૩૧ ઓક્ટોબરના રોજ તેની રૂ. ૭૨૭૮ કરોડની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડી બજારમાં પ્રવેશ કરશે. ઇન્ટરનેટ આધારિત કંપનીની પ્રાઇઝ બેન્ડ શેરદીઠ રૂ. ૩૮૨થી રૂ. ૪૦૨ છે અને મીનીમમ લોટ ૩૭ શેરનો છે, ભરણું ચોથી નવેમ્બર બંધ થશે. એમટીઆર અને ઇસ્ટર્ન જેવી બ્રાન્ડ ધરાવતી ઓર્કલા ઇન્ડિયા રૂ. ૧૦,૦૦૦ કરોડના ટાર્ગેટ વેલ્યુએશન સાથે ૨૯ ઓક્ટોબરે રૂ. ૧૬૬૭ કરોડનો આઇપીઓ લાવી રહી છે. સ્ટડ્સ એક્સેસરીઝ લિમિટેડનો રૂ. ૪૫૫ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ સંપૂર્ણપણે ઓએફએસ છે. ભરણું ત્રીસ ઓક્ટોબરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ત્રણ નવેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી ચોથી નવેમ્બરે અને લિસ્ટિંગ સાતમી નવેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૫૫૭થી રૂ. ૫૮૫ પ્રતિ શેર છે અને અરજી માટે મિનિમમ લોટ સાઇઝ પચીસ શેરની છે.

અગ્રણી આર્કિટેક્ચરલ ગ્લાસ ઉત્પાદક સેજલ ગ્લાસ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૬૯.૭૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૦૫.૦૪ કરોડની કુલ આવક, ૧૦૬.૩૪ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૭.૮૯ કરોડનો એબિટા અને ૨૩૧.૪૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૮.૧૨ કરોડનો ચોખ્કો નપો નોંધાવ્યો છે.

દરમિયાન આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ એએમસી, ફોનપે, ગ્રોવ, ફિઝિક્સવાલાહ, મીશો, પાઈન લેબ્સ અને ઝેપ્ટો સહિત ૫૦૦ મિલિયન ડોલરથી વધુના અનેક જાહેર ભરણાં પાઇપલાઇનમાં હોવાથી, ઇન્વેસ્ટર્સ બેન્કર્સને નવા વર્ષમાં પણ બખ્ખાં થવાની ધારણાં છે. આ બેન્કરોએ ઓક્ટોબરના પ્રથમ પખવાડિયામાં માત્ર સાત ભરણાંની ફી પેટે અંદાજે રૂ. ૬૦૦ કરોડની કમાણી કરી છે. મિડવેસ્ટના શેર શુકવારે તેના રૂ. ૧૦૬૫ના ઇશ્યુ ભાવ સામે ૯.૩૯ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૧૧૬૫.૧૦ના ભાવે લિસ્ટેડ થયા હતા.

ટેક ઇનેબલ્ડ, કન્ઝ્યુમર સેન્ટ્રીક, રિટેલ ફેશન અને ટેકનિકલ ટેક્સટાઇલ સોલ્યુશન્સ પ્રોવાઈડર ગેમ ચેન્જર્સ ટેક્સફેબ લિમિટેડ, ૨૮ ઓક્ટોબરના રોજ તેની રૂ. ૫૪.૮૪ કરોડની પ્રારંભિક જાહેર ઓફર લાવશે. શેરની પ્રાઇસ બેન્ડ રૂ. ૯૬થી રૂ. ૧૦૨ પ્રતિ શેર છે. મિનિમમ લોટ સાઈઝ ૧,૨૦૦ ઈક્વિટી શેર છે. આ સપ્તાહે બજારની ચાલનો આધાર અમેરિકા પર વધુ રહેશે એમ કહી શકાય. સૌથી મહત્ત્વની બાબત ટ્રેડ ડીલ છે અને તેના પર રોકાણકારોની ચાંપતી નજર રહેશે. એક તરફ ટ્રમ્પ એવા સંકેત આપે છે કે વેપાર કરાર અંતિમ તબક્કામાં છે અને બીજી તરફ વાણિજ્ય પ્રધાન અલગ સંકેત આપી રહ્યા છે. સરવાળે એમ કહી શકાય કે, આ સપ્તાહમાં રોકાણકારો કોર્પોરેટ સેકટરના ત્રિમાસિક




પરિણામ, યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજ દરના નિર્ણય અને બજારની દિશા માટે મેક્રોઇકોનોમિક ડેટા પર નજર રાખશે. આ અઠવાડિયું મેક્રો-હેવી રહેશે, જેમાં રોકાણકારો યુએસ જીડીપી, યુએસ ફેડરલ રિઝર્વ, યુરોપિયન સેન્ટ્રલ બેંક અને બેંક ઓફ જાપાનના વ્યાજ દરના નિર્ણયો, ચીનના ઉત્પાદન પીએમઆઇ અને ભારતના ઔદ્યોગિક ઉત્પાદન ડેટા સહિતના મુખ્ય ડેટા પર નજીકથી નજર રાખશે.

નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરના પરિણામોની મોસમ ચાલુ છે અને તે બજારની દિશા આપવાનું ચાલુ રાખશે. આ સપ્તાહે ઘણી મોટી કંપનીઓ તેમના નાણાકીય અહેવાલો જાહેર કરશે, જેમાં આઇઓસી, ટીવીએસ મોટર કંપની, લાર્સન એન્ડ ટુબ્રો, હિન્દુસ્તાન પેટ્રોલિયમ, આઇટીસી, સિપ્લા, ડાબર, મારુતિ અને એસીસી સામેલ છે. મેક્રોઇકોનોમિક મોરચે, ૨૮ ઓક્ટોબરે જાહેર થનારા ભારતના સપ્ટેમ્બર મહિનાના ઔદ્યોગિક ઉત્પાદન ડેટા પર ઔદ્યોગિક સુધારાના સંકેતો માટે ઝીણવટભરી નજર રાખવામાં આવશે. વૈશ્વિક સ્તરે, ધ્યાન ૨૯ ઓક્ટોબરે યુએસ ફેડરલ રિઝર્વના નીતિગત નિર્ણય પર કેન્દ્રિત થશે, જે વૈશ્વિક પ્રવાહિતા વલણો અને રિસ્ક સેન્ટિમેન્ટને પ્રભાવિત કરી શકે છે.

સ્થાનિક મોરચે, ભારત-યુએસ વેપાર વાટાઘાટોમાં પ્રગતિ આ અઠવાડિયામાં રોકાણકારો માટે મુખ્ય ઘટના બની રહેશે. ભારત અને અમેરિકા કથિતરૂપે દ્વિપક્ષીય વેપાર સોદાને અંતિમ સ્વરૂપ આપવાની ખૂબ નજીક હોવા છતાં વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે ભારપૂર્વક જણાવ્યું હતું કે નવી દિલ્હી ઉતાવળમાં અથવા ગન પોઇન્ટ સાથેનો કોઈ પણ સોદો કરશે નહીં.

એકંદર તેજીના હવામાન વચ્ચે શેરબજારમાં હેલ્થકેર સિવાયના બધા સેકટરલ ઈન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો અને તેમાં ટેલિકોમ્યુનિકેશન શેરો સર્વાધિક ઊછળ્યા હતા. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૬૮.૯૨ લાખ કરોડથી રૂ. ત્રણ લાખ કરોડ વધીને રૂ. ૪૭૧.૯૨ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સની ૨૨ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૮ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૭૨ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૫૧ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૩૩ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૦૬ ટકા વધ્યો હતો.

સોમવારે બીએસઈ સેન્સેક્સ શુક્રવારના ૮૪,૨૧૧.૮૮ના બંધથી ૫૬૬.૯૬ પોઈન્ટ્સ (૦.૬૭ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૮૪,૨૯૭.૩૯ ખૂલી ઉપરમાં ૮૪,૯૩૨.૦૮ સુધી અને નીચામાં ૮૪,૨૯૪.૨૦ સુધી જઈ ૮૪,૭૭૮.૮૪ બંધ રહ્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં એકમાત્ર બીએસઈ હેલ્થકેર ૦.૦૫ ટકા ઘટ્યો હતો, જ્યારે અન્ય બધા સેકટરલ ઈન્ડેક્સ વધ્યા હતા, જેમાં મુખ્યત્વે ટેલિકોમ્યુનિકેશન ૨.૩૭ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૫ ટકા, એનર્જી ૧.૪૪ રિયલ્ટી ૧.૪૨ ટકા, મેટલ ૧.૧ ટકા, ટેક ૦.૮૮ ટકા, કોમોડિટીઝ ૦.૭૯ ટકા, સર્વિસીસ ૦.૬૬ ટકા, બેન્કેક્સ ૦.૬૫ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૬૨ ટકા અને કંઝ્યુમર ડિસ્ક્રેશનરી તેમ જ ઓટો ૦.૫૫ ટકા વધ્યા હતા. એક્સચેન્જમાં ૪,૫૦૨ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૧૭૮ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૧૧૪ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૨૧૦ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૯૩ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૯૫ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૮ સ્ટોક્સને ઉપલી જ્યારે ૮ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ભારતી એરટેલ ૨.૫૬ ટકા, રિલાયન્સ ૨.૨૪ ટકા, ઈટર્નલ ૨.૧૯ ટકા, સ્ટેટ બેન્ક ૨.૦૮ ટકા, ટાટા મોટર્સ વેહિકલ્સ ૧.૬૪ ટકા, ટાટાા સ્ટીલ ૧.૨૦ ટકા, એક્સિસ બેન્ક ૦.૯૭ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૮૨ ટકા, એચડીએફસી બેન્ક ૦.૮૨ ટકા, પાવર ગ્રીડ ૦.૮૧ ટકા, આઈટીસી ૦.૭૮ ટકા અને એનટીપીસી ૦.૭૭ ટકા વધ્યા હતા, જ્યારે કોટક બેન્ક ૧.૭૪ ટકા, બીઈએલ ૧.૬૨ ટકા, ઈન્ફોસિસ ૧.૩૫ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૫૬ ટકા બજાજ ફાઈનાન્સ ૦.૪૭ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૩૭ ટકા, સન ફાર્મા ૦.૩૨ ટકા અને હિંદુસ્તાન યુનિલિવર ૦.૨૨ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૨૪૮.૯૨ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૨૬૨ સોદામાં ૧,૪૬૦ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૧,૨૮,૦૨૩ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૩૪,૫૨,૪૫૫.૮૩ કરોડનું રહ્યું હતું.

## ડૉલરમાં આયાતકારોની વ્યાપક લેવાલી અને ક્રૂડતેલના ભાવ વધતા રૂપિયો ૩૬ પૈસા તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડ ડીલ થઈ જતાં વિશ્વ બજારમાં ક્રૂડતેલની માગમાં વધારો થવાના આશાવાદ સાથે ગત શુક્રવારે બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ વધી આવ્યા બાદ આજે વધ્યા મથાળેથી સાધારણ ઘટાડો જોવા મળ્યો હતો. તેમ છતાં ભાવ બેરલદીઠ ૬૫ ડૉલરની ઉપર ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ સ્થાનિક સ્તરે માસાન્તને કારણે તેલ આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી રહેતાં આજે ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના બંધ સામે ૩૬ પૈસાના ઘટાડા સાથે ફરી ૮૮ની સપાટી કુદાવીને ૮૮.૧૯ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી રહી હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૮.૮૩ના બંધ સામે નરમાઈના વલણ સાથે ૮૭.૮૭ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૩૧ અને ઉપરમાં ૮૭.૮૬ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૩૬ પૈસા તૂટીને ૮૮.૧૯ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયામાં પાંચ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો.

એકંદરે બજાર વર્તુળોની નજર વૈશ્વિક વેપાર વાટાઘાટોની ગતિવિધિઓ પર મંડાયેલી રહેશે તેમ જ આગામી દિવસોમાં ચીન અને ભારતની અમેરિકા સાથે ટ્રેડ ડીલ થઈ જવાના આશાવાદ વચ્ચે ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલના તબક્કે ડૉલરમાં આયાતકારોની લેવાલી અને વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં વધારો રૂપિયામાં સુધારાને મર્યાદિત રાખી શકે છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૦૮ ટકા ઘટીને ૯૮.૮૬ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૮૫ ટકા ઘટીને બેરલદીઠ ૬૫.૩૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

## અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડ ડીલનો આશાવાદ: વિશ્વ બજાર પાછળ ચાંદીમાં ₹ ૨૦૦૨નો અને સોનામાં ₹ ૪૪૧નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ ડીલ થવાના આશાવાદ સાથે આજે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, જ્યારે વૈશ્વિક સ્તરે સોના અને ચાંદીમાં સલામતી માટેની માગ ઓછી રહેતાં ભાવમાં અંદાજે બે ટકાનો ઘટાડો આગળ ધપ્યો હતો. જોકે, અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદને ધ્યાનમાં લેતા ભાવમાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૩૮થી ૪૪૧નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૩૬ પૈસા નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતરોમાં વધારો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો સીમિત રહ્યો હતો. તેમ જ આજે ચાંદીના ભાવ વધુ કિલોદીઠ રૂ. ૨૦૦૨ ઘટી આવ્યા હતા.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને વધુ ભાવઘટાડાના આશાવાદે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૦૦૨ના ઘટાડા સાથે રૂ. ૧,૪૫,૦૩૧ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ સ્ટોકિસ્ટોની વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૩૮ ઘટીને રૂ. ૧,૨૦,૫૯૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૪૪૧ના ઘટાડા સાથે રૂ. ૧,૨૧,૦૭૭ના મથાળે રહ્યા હતા.

અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ ડીલ થઈ જવાની શક્યતાને ધ્યાનમાં લેતા આજે વિશ્વ બજારમાં ઈક્વિટી જેવી જોખમી અસ્ક્યામતોમાં ઉછાળો આવતા સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓમાં રોકાણકારોની માગ નબળી રહેતાં ભાવમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હોવાનું યુબીએસના વિશ્લેષક જિઓવન્ની સ્ટુનોવોએ જણાવ્યું હતું. એકંદરે આજે રોકાણકારો અને સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં લંડન ખાતે હાજરમાં સોનાના ભાવ બે ટકા ઘટીને ઔંસદીઠ ૪૦૨૯.૬૯ ડૉલર અને વાયદામાં ભાવ ૨.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૪૦૪૨.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે ચાંદીના ભાવ પણ ૨.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૪૭.૪૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

નોંધનીય બાબત એ છે કે દક્ષિણ કોરિયા ખાતેની મુલાકાત દરમિયાન અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને ચીનનાં પ્રમુખ શિ જિનપિંગ વચ્ચે બેઠક યોજાવાના અહેવાલો સાથે વૈશ્વિક બજારોમાં વેપાર તણાવ હળવો થવાનો આશાવાદ સપાટી પર આવ્યો છે. જોકે, આગામી આવતીકાલથી શરૂ થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવામાં આવશે, એવી બજાર વર્તુળો ધારણા મૂકી રહ્યા હોવાથી સોનાના ભાવમાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ટીન અને નિકલ સહિતની ધાતુઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીએ તેજીની આગેકૂચ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપરમાં પુરવઠાખેંચની સ્થિતિ ઉપરાંત અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ ડીલ થઈ જવાના આશાવાદ સાથે વેપાર તણાવ હળવો થતાં માગમાં વૃદ્ધિ થવાની શક્યતાને ધ્યાનમાં લેતા કોપર સહિતની ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એકમાત્ર ઝિન્ક સ્લેબમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં તમામ ધાતુઓમાં કિલોદીઠ રૂ. એકથી ૩૮ની તેજી જોવા મળી હતી. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું તેમાં મુખ્યત્વે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૩૮ વધીને રૂ. ૩૨૭૫, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૮ વધીને રૂ. ૧૩૬૮, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૮૭૦, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને રૂ. ૯૨૮, તથા કોપર કેબલ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને અનુક્રમે રૂ. ૯૫૮ અને રૂ. ૧૦૪૮ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર ક્રેપ હેવી અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને અનુક્રમે રૂ. ૯૪૨ અને રૂ. ૬૫૫, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૨૭૪, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૬૦૦ અને રૂ. ૧૮૪ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૧૭ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર ઝિન્ક સ્લેબમાં કામકાજો પાંખાં રહ્યાં હોવાથી ભાવ કિલોદીઠ રૂ. ૩૦૩ના મથાળે ટકેલા રહ્યા હતા.

### ખાંડમાં મર્યાદિત કામકાજે પીછેહઠ

## નવેમ્બરના મુક્ત વેચાણ માટે ૨૦ લાખ ટન ખાંડ છૂટી કરાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં એકંદરે કામકાજો મર્યાદિત રહ્યા હોવાથી તેમ જ માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ભાવમાં પીછેહઠ જળવાઈ રહેતાં આજે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. બેથી ચારનો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન આજે સરકારે મોડી સાંડે આગામી નવેમ્બર મહિનાના મુક્ત વેચાણ માટે ૨૦ લાખ ટન ખાંડ છૂટી કરી હોવાનું ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગે એક ઓર્ડર જારી કરીને જણાવ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આ વખતે ઑક્ટોબર મહિનામાં દિવાળીના તહેવાર હોવાથી ઑક્ટોબર મહિનાના ક્વૉટા પૈકીનાં ઘણાંખરા માલનું વેચાણ થઈ ગયું હોવાથી આગામી દિવસોમાં ખાંડના ભાવમાં મક્કમ વલણ જોવા મળી શકે છે.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે મર્યાદિત માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચાર અને ઉપલા મથાળેથી રૂ. બેના ઘટાડા સાથે રૂ. ૩૯૩૬થી ૪૦૧૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૭૨થી ૪૦૭૨માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૫૦માં ટકેલા ધોરણે થયા હતા.

### દેશી-આયાતી તેલમાં સાંકડી વધઘટ

## ૧થી ૨૫ ઑક્ટોબરમાં મલયેશિયાની પામતેલની નિકાસમાં ધીમો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૫૦ રિંગિટનો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી દેશી-આયાતી તેલના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા રહ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ધોરણે ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૨ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, રિલાયન્સ કન્ઝ્યુમરનાં સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૦૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને પતંજલિ ફૂડ્સના પાતાળગંગાથી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નિરસ હતા.

તાજેતરમાં કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા સંકલિત કરવામાં આવેલી આંકડાકીય માહિતી અનુસાર ગત પહેલી ઑક્ટોબરથી ૨૫ ઑક્ટોબર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ સપ્ટેમ્બર મહિનાના સમાનગાળાના ૧૨,૮૮,૪૬૨ ટન સામે ૦.૩૬ ટકા ઘટીને ૧૨,૮૩,૮૧૪ ટન રહી હોવાનું એક અહેવાલમાં જણાવ્યું છે.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૪૫,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૯૦૦થી ૧૨૫૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે ૨૨,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૯૦૦થી ૧૧૪૦માં થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, સિંગતેલના રૂ. ૧૪૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૫ અને સરસવના રૂ. ૧૫૦૫ના મથાળે રહ્યા હતા તેમ જ ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૭૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



રાજકોટમાં સોમવારે સાંજે આજી નદી પાસે છઠ પૂજા કરવામાં આવી હતી તેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને પૂજા કરી હતી... (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# કચ્છમાં ભરશિયાળે અષાઢી માહોલઃ ભુજ, અંજાર, રાપર સહિતના મથકોએ કમોસમી વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ચોમાસાની સત્તાવાર વિદાય વચ્ચે અરબી સમુદ્રમાં સર્જાયેલી મોસમી ગડબડીના કારણે રાજ્યભરની સાથે કચ્છના વાતાવરણમાં અચાનક આવેલા પલટા સાથે ભરશિયાળે કમોસમી માવઠું વરસી રહ્યું છે અને આ રણપ્રદેશના દસમાંથી છ તાલુકાઓમાં અંદાજે દોઢેક ઇંચ જેટલો કમોસમી વરસાદ વરસી જતાં લોકોને મોસમના અનિશ્ચિત મિજાજનો પરચો થવા પામ્યો છે.

ભુજ શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં બપોરના બાર વાગ્યા બાદ જોશભેર વરસાદી ઝાપટાં વરસવાં શરૂ થતાં માર્ગો પરથી પાણી વહી નીકળ્યાં હતાં. પૂર્વ કચ્છના અંજાર શહેરમાં સુસવાટા મારતા પવનોના સંગાથે કરા પડયા હતા અને આ ઐતિહાસિક શહેરમાં અડધો ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

જયારે માંડવી અને આસપાસનાં ગામોમાં જોરદાર ઝાપટું વરસી ગયું છે. એ જ રીતે, ખાવડા અને આસપાસના ગામોમાં પણ જોરદાર વરસાદી ઝાપટાં વરસ્યાં હોવાના અહેવાલો મળ્યા હતા, જયારે ભચાઉ અને તેની આસપાસના વિસ્તારો,રાપર પંથકમાં અંદાજિત અડધાથી લઇ એકાદ ઇંચ જેટલો કમોસમી વરસાદ ખાબક્યો હતો.

લખપત તાલુકાના વર્માનગર, ઘડુલી, દયાપર, મેઘપર, નારાયણ સરોવર સહિતનાં ગામોમાં ઝાપટું વરસ્યું હતું. જયારે અબડાસામાં પણ છૂટાછવાયાં વિસ્તારોમાં હળવા છાંટા વરસ્યાં હતાં. અંજાર-ગાંધીધામ સંકુલમાં પોણો ઇંચ કમોસમી વરસાદ વરસી જતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હતા. અચાનક આવી ચડેલી વરસાદી આફતના પગલે લઘુતમ તાપમાનનો પારો નીચે ગગડીને સરેરાશ ૨૩-૨૫ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેતાં ભેજયુક્ત ઠંડીથી જનજીવન પ્રભાવિત થયું હતું. ■

# ભચાઉ નજીક અજાણ્યાં વાહનની ટક્કરથી સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં પિતા-પુત્રનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ધોરીમાર્ગો રક્તરંજિત બનવાનો વણથંભ્યો સિલસિલો યથાવત્ રહેતો હોય તેમ લાભપાંચમના સપરમા દિવસે ભચાઉ પાસેના છ માર્ગીય ધોરીમાર્ગ પર અજ્ઞાત વાહનની પાછળ ટકરાયેલી કારમાં સવાર પિતા-પુત્રનાં ઘટનાસ્થળે કમકમાટીભર્યાં મોત નીપજ્યાં હતાં જયારે પત્ની અને પુત્રીને ગંભીર અવસ્થામાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે, જયારે ગાંધીધામમાં લોડર સાથે નડેલા અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત મોટર સાઈકલચાલકે દમ તોડી દીધો હતો.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ગત રવિવારે બપોરના દોઢેક વાગ્યાના અરસામાં ભચાઉ નજીક આવેલી વેલોરા પ્લાય કંપની સામે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં ભચાઉ તાલુકાના નંદગામના વિજયભાઈ ચંદુભાઈ ગોહિલ (ઉં.વ. ૪૦) તેમના પરિવાર સાથે કારમાં સવાર થઈને લલિયાણાથી પરત ફરી રહ્યા હતા ત્યારે આગળ જઈ રહેલા અજ્ઞાત ભારે વાહનની પાછળ તેમની કાર અથડાઈ જતાં વિજયભાઈ અને તેમના ૭ વર્ષીય પુત્ર દીપને ગંભીર પ્રકારની ઈજા પહોંચતાં ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું જયારે કારમાં પાછળની સીટ પર બેઠેલા ભાવનાબેન વિજયભાઈ ગોહિલ (ઉં.વ.૩૫) તથા કાવ્યા વિજયભાઈ ગોહિલ (ઉં.વ. ૧૩)ને ગંભીર ઈજાઓ પહોંચતાં બંનેને સારવાર તળે રખાયા હોવાનું પોલીસે ઉમેર્યું હતું.

લાભપાંચમના સપરમા દિવસે સર્જાયેલા આ પ્રાણઘાતક અકસ્માતમાં એક જ પરિવારના બે સભ્યનાં અકાળ મૃત્યુને લઈને કચ્છ સહિત બૃહદ કચ્છમાં ગમગીની પ્રસરી હતી. ■

# ભુજમાં યુવક અને ગાંધીધામમાં આધેડે આત્મહત્યા કરી લેતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજ તાલુકાના લાખોંદમાં પોતાની વાડીમાં આવેલા પાણીના હોજમાં ડૂબી જવાથી ૨૪ વર્ષીય અંકેશ અરજણ ચાવડાનું મૃત્યુ થયું હતું જ્યારે ભુજના ૩૦ વર્ષીય કિશોર રવિયા ચાવડાએ જ્યારે ગાંધીધામના લુણંગનગરમાં ૫૦ વર્ષીય મહેશ્વરી નરશી નારાણ નામના આધેડે ગળેફાંસા ખાઈ પોતાના આયખાં ટૂંકાવ્યા હતાં.

પ્રાપ્ત વિગતો મુજબ, ભુજના એરપોર્ટ રિંગરોડ પરના આશાપુરા નગરમાં રહેતા ૩૦ વર્ષના કિશોર ચાવડા નામના યુવકે ગત સાંજના અરસામાં પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈને આપઘાત કરી લેતાં એ-ડિવિઝન પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી આદરી હતી.

આ જ પ્રકારનો અન્ય કિસ્સો પંચરંગી ગાંધીધામ શહેરના ભારત નગર વિસ્તારમાં આવેલા લુણંગનગરમાં બહાર આવ્યો હતો જેમાં વરસામેડી ગામના અંબાજી-૬માં રહેનાર નરશી મહેશ્વરી નામના આધેડે કોઈ અજ્ઞાત કારણોસર લોખંડની આડીમાં કપડું બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી જીવન ટૂંકાવી લેતાં ગાંધીધામ એ-ડિવિઝન પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી. ■

# ભુજના કુનરિયા ગામમાં મજૂરીએ ગયેલા પિતા-પુત્રનાં મકાનોમાંથી ૧.૫૨ લાખની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં હાઇપર એક્ટિવ થયેલી તસ્કર ટોળકીનો ત્રાસ યથાવત્ રહેવા પામ્યો હોય તેમ ભુજ તાલુકાનાં નાના-મોટા કુનરિયા ગામમાં પિતા-પુત્રના બે મકાનોમાંથી ૧.૫૨ લાખની મતાની ચોરી થતાં આસપાસના રહેવાસીઓમાં ફફડાટ ફેલાયો છે.

આ ઘરફોડ અંગે માધાપર પોલીસ મથકે, કુનરિયા નાના-મોટા ટાવરની બાજુમાં રહેતા ભરત નથુ કોલીએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમનો પરિવાર તથા માતા-પિતા બાજુમાં જ અલગ-અલગ ઘરમાં રહે છે અને મજૂરી કામ કરે છે.

ગત તા. ૨૫-૧૦ના સવારે સાતેક વાગ્યે તેમનો પરિવાર વાડીએ મજૂરી કામે ગયો હતો અને બપોરે એકાદ વાગ્યે પરત ફરતા ઘરના દરવાજાનાં તાળાં તૂટેલાં જોવા મળ્યાં હતાં.

ઘરની અંદર જઈને તપાસ કરતાં ખુલ્લી પડેલી તિજોરીમાંથી રોકડા રૂ. ૪૦,૦૦૦ તથા ચાંદીની બંગડી કિં. રૂ. ૩,૦૦૦, સોનાની બુટ્ટી કિં. રૂ. ૪,૦૦૦, ચાંદીનું કડું કિં. રૂ. ૩,૦૦૦ તથા એક મોબાઈલ ફોન કિં.રૂ. ૨,૦૦૦ તેમજ તેમના પિતાનાં ઘરમાંથી તિજોરી તથા પેટીમાંથી રોકડા રૂ. એક લાખ સહીત કુલ રૂ. ૧,૫૨,૦૦૦ની ચોરી થયાનું ધ્યાને આવ્યું હતું.

ઘટના સંદર્ભે માધાપર પોલીસે અજ્ઞાત તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી, તેમને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે. ■

# અમરેલીમાં મેઘતાંડવઃ ૯ ઇંચ વરસાદથી નદી-નાળાં છલકાયાં, રાજુલામાં ૫૦ લોકોનું રેસ્ક્યૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલીના રાજુલામાં પડેલા ૯ ઇંચ વરસાદના કારણે અનેક લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ભારે વરસાદના કારણે અમરેલીના ધાતરવાડી નદીમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી, જેથી અનેક ગામો સંપર્કવિહોણા બન્યા હતા. આ પૂરના પાણી વચ્ચે કુલ બે મહિલાને પ્રસવ પીડા ઉપડતાં તેમને હોસ્પિટલ લઈ જવું અઘરું પડ્યું હતું. કોઈ વાહન ન મળતાં એક મહિલાને જીસીબીનો સહારો લઈ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. જ્યારે અન્ય મહિલાને બોટ મારફતે દરિયાઈ માર્ગે ખાડી પાર કરાવી સામા કાંઠે લાવી ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડાઈ હતી. આ સિવાય રાજુલામાંથી ૫૦ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. ભારે વરસાદના પગલે ભાવનગર-સોમનાથ નેશનલ હાઇવે સહિત અનેક રસ્તાઓ બંધ થયા હતા. બીજી તરફ ખેતરો પાણીમાં તરબોળ થતાં ખેડૂતોને ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો હતો. ધાતરવડી ડેમ-૨ દરવાજા ખોલાતા ખાખબાઈ, હિંડોરણા, વડ, રામપરા, કોવાયા, ઉછેયા, ભેરાઇ અને ભચાદ સહિતના ગામોને તંત્ર દ્વારા એલર્ટ કરવામાં આવ્યા હતા. ધારતવડી નદીના પાણી ફરી વળતાં રાજુલા તાલુકાનું ઉંચેયા ગામ સંપર્ક વિહોણુ થયું હતું. વાડી વિસ્તારમાં ૫૦ જેટલા શ્રમિકો ફસાઇ જતાં રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરા સોલંકી પાણીના ધમસમતા પ્રવાહમાંથી પસાર થઇને પહોંચ્યા હતા. તેમજ પીપાવાવ મરીન પોલીસ પણ ઘટના સ્થળે પહોંતી હતી અને ફસાયેલા ૫૦ લોકોનું રેસ્ક્યૂ કરીને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. રાજુલાના રામપરા ગામમાં ધાતરવડી નદીના પાણી ઘૂસી જતાં દૂધ લઇને જતો બોલેરો ધસમસતા પાણીના પ્રવાહમાં ફસાઇ ગયા બાદ તણાઇ ગયો હતો. જોકે, સ્થાનિક લોકોએ ભેગા મળીને દોરડા વડે ચાલકનું રેસ્ક્યૂ કરીને જીવ બચાવી લીધો હતો. ખાંભા તાલુકામાં પણ ધોધમાર વરસાદના પગલે જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. ખાંભાનો રાયડી ડેમ છલકાઇ જતાં પાંચ દરવાજા બે-બે ફૂટ ખોલીને પાણી છોડવામાં આવ્યું હતું. જેને લઇને નિચાણવાળા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા હતા.

અમરેલી જિલ્લામાં સાંજે છ વાગ્યા સુધીમાં લીલીયામાં ૪.૪૯ ઇંચ,સાવરકુંડલામાં ૩.૭૦ ઇંચ, ખાંભામાં ૩.૬૨ ઇંચ, જાફરાબાદમાં ૧.૮૫ ઇંચ, અમરેલી શહેરમાં ૧.૨૬ ઇંચ, ધારીમાં ૦.૯૪ ઇંચ,લાઠીમાં ૦.૬૩ ઇંચ, બગસરામાં ૦.૬૩ ઇંચ વરસાદ વરસ્યો હતો. જિલ્લામાં સાર્વત્રિક માવઠું થતાં ખેડૂતોના મોઢા સુધી આવેલો કોળિયો છીનવાઈ ગયો હતો. અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે જણાવ્યું હતું કે, અલગ અલગ ૩ જગ્યાએથી ૫૦થી ૧૦૦ જેટલા લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું.પાણીમાં ફસાયેલા તમામ લોકોને બહાર કાઢીને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ■

# ભાવનગર જિલ્લાનો જીવાદોરી સમાન શેત્રુંજી ડેમ ૮મી વખત ઓવરફ્લો થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)



(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર )

અમદાવાદઃ ભાવનગર જિલ્લાનો જીવાદોરી સમાન શેત્રુંજી ડેમ ૮મી વખત ઓવરફલો થયો હતો. ઉપરવાસમાં થયેલા સારા વરસાદના કારણે ડેમમાં સતત પાણીની આવક વધતા ડેમનું લેવલ જાળવવા ૫૯ દરવાજામાંથી ૨૦ દરવાજા એક-એક ફૂટ જેટલા ખોલવામાં આવ્યા હતા. ત્યાર બાદ પાણીની આવક સતત વધતા તમામ ૫૯ દરવાજા ૧ ફૂટ ખોલવામાં આવ્યા હતા.

શેત્રુંજી ડેમ ઓવરફલો થવાના કારણે તંત્ર દ્વારા પાલિતાણા તાલુકાના નાની રાજસ્થળી, લાપડીયા, લાખાવાડ, માયધાર અને મેઢા ગામોને ખાસ એલર્ટ કરવામાં આવ્યા હતા. ઉપરાંત તળાજા તાલુકાના ભેગાડી, દાત્રળ, પિંગળી, ટીમાણા, સેવાળીયા, રોયલ, માખણીયા, તળાજા, ગોરખી, લીલીવવા, તરસરા અને સરતાનપર સહિતના ગામોને પણ સાવચેત રહેવા સૂચનાઓ આપવામાં આવી હતી.

આ ઉપરાંત તંત્ર દ્વારા ડેમના નીચાણવાળા ગામોના રહેવાસીઓને નદીના પટ અને કાંઠા વિસ્તાર તરફ ન જવા ચેતવણી આપવામાં આવી હતી. પાણીની આવકને ધ્યાનમાં રાખીને નગરજનો તેમજ ગ્રામજનોને સુરક્ષિત સ્થાનો પર રહેવા અપીલ કરવામાં આવી હતી. ■

# ભાવનગરના તળાજા યાર્ડમાં હરાજીના શ્રી ગણેશ, મગફળીના સૌથી વધુ ૧૬૫૫ અને કપાસના ૧૪૭૫ સુધી બોલાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના તળાજા યાર્ડના વેપારીઓ અને ખેડૂતોને લાભ પાંચમના દિવસે રવિવાર હોય દિવાળીની રજાઓ બાદ સોમવારે યાર્ડ ખલ્યું હતું. મુહૂર્તના સોદાઓ પડ્યા હતા. જેમાં ખેડુતોને મગફળીના ઉંચા ભાવ મળ્યા હતા. વરસાદ પડ્યા છતાંય મુહૂર્ત સાચવવા તળાજા યાર્ડ ખાતે મગફળી ની અલગ અલગ જાતો મળી કુલ ૯૦૦ જેટલી ગુણ આવી હતી.એ ઉપરાંત ઘઉં, બાજરી, જુવાર, અડદ સોયાબીન અને શંકર કપાસના ૧૦૫ પોટકા આવ્યા હતા.

યાર્ડના કર્મચારી પાચુભાઈ આહીરએ જણાવ્યું હતુ કે વાતાવરણની વિષમ પરિસ્થિતિ વચ્ચે પણ મગફળી ની ૯નંબર જાત ના ૯૮૦ થી ૧૫૭૦ બોલાયા હતા.એ જ રીતે ૩૯ નંબરના ૭૫૦ થી ૧૦૮૮, ૫ નંબરના હાઈએસ્ટ ૧૨૦૦ થી ૧૬૫૫ તથા ૨૦ નંબર ના ૯૬૦ થી ૧૧૭૦ બોલાયા હતા. તલ સફેદ ના ૧૫૦૦ થી ૧૮૯૧ તથા ઘઉં ટુકડા ના ૪૯૨ થી ૫૬૧,બાજરી ના ૩૯૦ થી ૪૪૦,જુવાર ના ૩૩૦ થી ૪૬૧, અડદના ૯૦૦, સોયાબીન ના ૮૩૦ તથા કપાસ શંકર ના ૧૩૫૦ થી ૧૪૭૫ ભાવ હરાજીમાં બોલાયા હતા. મુહૂર્તના સોદાના આ ઉંચા ભાવ આવતા દિવસોમાં જળવાય રહે તેવી આશા ખેડૂતોએ પ્રગટ કરી હતી.જોકે વેપારીઓના મંતવ્યો એવા છેકે મગફળીના ભાવમાં ખાસ આખું વર્ષ કોઈ વધારો જોવા મળશે નહીં.

યાર્ડના સૂત્રો એ જણાવ્યું હતુ કે કર્ણાટક સહિત આંતરરાજ્યના વેપારીઓ અહીં ખીરીદી કરવા આવ્યા નથી. એ ઉપરાંત મગફળી ની નંબર - ૧ ક્વોલિટી આવેલ ન હતી. અત્રે ઉલ્લેખનીય છેકે તળાજા યાર્ડ જિલ્લમાં મગફળીનું પીઠું ગણવામાં આવે છે. આંતરરાજ્યના વેપારીઓની ખરીદી અહીંથી કરવા આવે છે, દલાલો મારફત પણ સોદાઓ પાડવામાં આવે છે. ■



ભાવનગર જિલ્લા જેલના કેદીઓની માનસિક અને શારીરિક સ્થિતિમાં સુધાર લાવવા યોગ તાલીમ શિબિર યોજાઈ હતી. (તસ્વીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

# અનિરુદ્ધસિંહ જાડેજાને ચેક અપ માટે રાજકોટ સિવિલ લવાયા બાદ ફરી જૂનાગઢ જેલમાં લઇ જવાયા



(તસવીર-પ્રવિણ સેદાણી, રાજકોટ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જેલમાં બંધ અનિરુદ્ધસિંહ જાડેજાને હૃદયને લગતી તકલીફ હોવાથી રાજકોટ સિવિલમાં ચેક અપ માટે લાવવામાં આવ્યા હતા. તેમને હૃદય સંબંધિત તકલીફ હોવાથી મેડિકલ ચેકઅપ કરાયું હતું. ત્યાર બાદ તેમને ફરી જૂનાગઢ જેલમાં લઈ જવાયા હતા. ચુસ્ત બંદોબસ્ત વચ્ચે અનિરુદ્ધસિંહને હૉસ્પિટલમાં સારવાર આપવામાં આવી છે.

રીબડાના અનિરુદ્ધસિંહ જાડેજાને પોપટ સોરઠિયા હત્યા કેસમાં સરેન્ડર કરવાના અંતિમ દિવસે સુપ્રીમ કોર્ટમાંથી રાહત આપવામાં આવી હતી. જો કે ૨૪ કલાકમાં જ આ રાહત પાછી ખેંચી લેવાઈ હતી. ત્યાર બાદ અનિરુદ્ધસિંહને જેલ હવાલે કરવામાં આવ્યા હતા.૧૯૮૮ના પોપટ લાખા સોરઠિયા હત્યાકેસમાં ગોંડલ સેશન્સ કોર્ટે ૧૯૯૪માં અનિરુદ્ધસિંહને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યો હતો. ત્યાર બાદ સરકારે ટાડા એક્ટ હેઠળ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. સુપ્રીમ કોર્ટે ૧૦ જુલાઈ ૧૯૯૭ના રોજ અનિરુદ્ધસિંહને આજીવન કેદની સજા ફટકારી હતી, જોકે ત્યાર બાદ ૩ વર્ષે પોલીસ તેને પકડી શકી એટલે કે ૨૦૦૦માં જેલમાં મોકલી દીધો હતા અનિરુદ્ધસિંહ જાડેજાના પુત્રએ ૨૯ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ તત્કાલીન જેલ આઈજી ટી.એસ બિષ્ટને પત્ર લખીને માફી પર મુક્ત કરવાની વિનંતી કરી હતી. આ પત્રને ધ્યાનમાં લઈને તેમને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા હતા. એ સમયે અનિરુદ્ધસિંહ જાડેજાએ ૧૮ વર્ષની સજા ભોગવી હતી. અનિરુદ્ધસિંહ જાડેજાને વર્ષ ૨૦૧૮માં સજામાફી આપીને મુક્ત કરવામાં આવ્યો હતો. ■

# ભુજ-મુંબઈ વચ્ચે વધુ એક એર ઈન્ડિયાની વિમાન સેવા શરૂ : પ્રવાસીવર્ગમાં આનંદ

ભુજઃ લાંબા સમયની પડતર માગ બાદ આખરે કચ્છના મુખ્ય મથક ભુજને આર્થિક રાજધાની મુંબઇ સાથે જોડનારી વધુ એક વિમાની સેવાને એર ઇન્ડિયાએ શરૂ કરી દેતાં પ્રવાસીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.

કચ્છ અને મુંબઈને જોડનારી આ નવી વિમાની સેવાના પ્રથમ દિવસે જ મુંબઈથી ૧૬૨ પ્રવાસીઓ ભુજ આવ્યા હતા અને ૧૫૬ પ્રવાસી ભુજથી મુંબઈ ગયા હતા. એર ઈન્ડિયાની આ વિમાની સેવા બપોરે ૧ અને ૫૦ કલાકે મુંબઈથી ઉડાન ભર્યા બાદ ૩ અને ૨૦ કલાકે ભુજ આવી પહોંચે છે અને ઢળતી બપોરના ૪ કલાકે ભુજથી ઉડાન ભરી ૫ અને ૨૫ વાગ્યે મુંબઈ પહોંચે છે. ભુજથી સાંજના સમયે આ ફલાઈટ ઉડાન ભરતી હોવાથી કચ્છના એનઆરઆઈ પ્રવાસીઓને તેઓની વિદેશની ફલાઈટ માટે મુંબઈ વિમાની મથકે ઓછું રોકાણ કરવું પડશે તેમજ મુંબઈથી દેશના અન્ય મથકોની મોટાભાગની ફલાઈટ પણ સાંજ અને રાતે ઉડાન ભરતી હોવાથી મુંબઈથી કનેક્ટિંગ ફલાઈટ મેળવવી સરળ બનશે. ■

# ભાવનગરના મહુવામાં ૧૧.૫ ઇંચ વરસાદથી સર્વત્ર જળબંબાકારઃ

## માલણ નદીનાં પાણી શહેરમાં ઘૂસ્યા

ભાવનગરઃ શહેર અને સમગ્ર જિલ્લામાં છેલ્લા ૩૬ કલાક દરમિયાન પોણા ઇંચ થી સાડા અગિયાર ઇંચ વરસાદ પડ્યો હતો. સોમવાર સવારથી સાંજ સુધી પણ મુશળધાર વરસાદ પડ્યો છે. જિલ્લાના મહુવામાં ૧૧.૫ ઇંચ, સિહોરમાં ૬.૫ ઈંચ, ભાવનગર શહેરમાં ૩.૫ ઇંચ, પાલીતાણામાં ૪ ઇંચ, જેસરમાં ૫.૧ ઇંચ, ગારીયાધારમાં ૩.૫ ઇંચ, તળાજા માં ૪.૫, ઉમરાળામાં ૫ ઇંચ અને વલભીપુરમાં ૫ ઇંચ વરસાદ પડ્યો હતો. જિલ્લામાં ત્રણ દિવસ વરસાદની આગાહી છે. પાછોતરા વરસાદથી જિલ્લામાં કપાસના પાકને નુકસાનની ભીતી સેવાઈ રહી છે. ભારે વરસાદ પડતા માલણ નદીનાં પાણી મહુવા શહેરમાં ઘૂસી ગયાં હતાં. સમગ્ર જિલ્લામાં વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી થઈ ગઈ હતી. જિલ્લામાં હાલમાં કપાસનો પાક ઊભો છે અને ઘણા સ્થળે વધુ મગફળીના પથરાપણ પડ્યા હતો, તેવા સમયે કમોસમી વરસાદથી ખેડૂતોમાં ચિંતાની લાગણી ફેલાઈ હતી. મહુવામાં અને ભાવનગર શહેરમાં રવિવારની રાત્રે ધોધમાર વરસાદ તૂટી પડતા ઠેર ઠેર પાણી ભરાયા હતા. સોમવારની સવારથી સાંજના છ વાગ્યા સુધી પણ મહુવા સહિતના પંથકમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. ■